# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




પેજ-08

60 કરોડ રૂપિયાના છેતરપિંડી કેસમાં આખરે શિલ્પા શેટ્ટીએ મૌન તોડ્યું...

પેજ-11

મુખ્યમંત્રી નીતિશ કુમાર પર આકરા પ્રહાર કરતા શહેજાદ ભટ્ટીનો વીડિયો વાયરલ



**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 30.00 | 16.00 |
| વડોદરા | 31.00 | 15.00 |
| સુરત | 32.00 | 18.00 |

પેજ 5



ટાટા સિયેરાએ બુકિંગ શરૂ થવાના 1લા દિવસે જ 70,000થી...

20 DECEMBER-2025 SATURDAY

અમેરિકન રાજકારણમાં મોટો ભૂકંપ, એપસ્ટીન ફાઈલ્સ પર્દાફાશ...



પેજ 10

**શેરબજાર**

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 84929.36 ▲ | 447.55 |
| નિફ્ટી | 25966.40 ▲ | 150.85 |
| સોનું | 134140.00 ▼ | 381.00 |
| ચાંદી | 207529.00 ▲ | 3964.00 |


વર્ષ-15 । અંક-039 । વિક્રમ સંવત-2082 । પોષ સુદ-01 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


## આજે જાહેર થઈ ગુજરાતની SIR ડ્રાફ્ટ વોટર લિસ્ટ : લાખો મતદારોના નામ ગાયબ

# ગુજરાતમાં મતદાર યાદીની મોટી સફાઈ: 73 લાખથી વધુ નામો ડિલીટ

(એજન્સી) ગાંધીનગર । તા. 19

ભારતના ચૂંટણી પંચની સૂચના અનુસાર ગુજરાતમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ (SIR) હાથ ધરવામાં આવી હતી. ગત તા. 27 ઑક્ટોબર 2025થી રાજ્યભરમાં શરુ કરવામાં આવેલી SIR (સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન) ઝુંબેશની સતત દોઢ માસ સુધી હાથ ધરવામાં આવી હતી. હવે જ્યારે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ નજીક આવી રહી છે ત્યારે આજે(19 ડિસેમ્બર) રાજ્ય ચૂંટણી પંચ ડ્રાફ્ટ મતદાર યાદી સત્તાવાર વેબસાઈટ http://ceo.gujarat.gov.in પર જાહેર કરાઈ છે. 4.34 કરોડ મતદારો નોંધાયા છે અને 73.73 લાખ મતદારોના નામ કપાયા છે. ત્યારે આ ડ્રાફ્ટ મતદાર યાદીમાં જે કોઈ મતદારનું નામ ન હોય તો તેઓ વાંધો રજૂ કરી શકશે. મતદાર 18મી જાન્યુઆરી સુધી એક મહિનાના સમયમાં વાંધો રજૂ કરી શકશે. મતદાર પોતાનું નામ ચકાસી શકે છે. મલ્લિકાર્જુન ખડગે, સોનિયા અને પ્રિયંકાનું નામ પણ સામેલ છે. ૫ક પ્રચાર પ્રસિધ્ધિ બાદ તથા BLO દ્વારા સતત ડોર ટુ ડોર સર્વે કરવામાં આવ્યા છતાં BLOને ઉપર દર્શાવેલ મતદારો મળ્યાં નથી કે તેમના ગણતરી ફોર્મ પરત આવ્યા નથી.

### હવે 18મી જાન્યુઆરી,2026 સુધીમાં મતદારો વાંધા-દાવા રજૂ કરી શકશે



### 73,73,327 મતદારોના નામ દૂર કરાયા

રાજ્યમાં BLO દ્વારા સતત ડોર ટુ ડોર સર્વે કરવામાં આવ્યો હતો. જેમાં અવસાન પામેલા, કાયમી ધોરણે સ્થળાંતર કરેલા અને બે જગ્યાએ મતદાર તરીકે નોધાયેલા મતદારોને ઓળખવામાં આવ્યાં હતાં. ડ્રાફ્ટ મતદારયાદી પ્રસિદ્ધ થયા પહેલા રાજ્યમાં કુલ 5,08,43,436 મતદાર નોંધાયેલા હતા. ડ્રાફ્ટ મતદારયાદી પ્રસિદ્ધ થયા બાદ કુલ મતદારોની સંખ્યા 4,34,70,109 થઈ ગઈ છે. એટલે કે, SIRની ઝુંબેશ દરમિયાન કુલ 73,73,327 મતદારોના નામ ડ્રાફ્ટ મતદાર યાદીમાંથી દૂર કરવામાં આવ્યા છે.

### મતદાર યાદીમાં નામ નોંધાવવા માટેની સૂચના

તા.1-1-2026ની લાયકાતની તારીખે 18 વર્ષ પૂરા કરનાર યુવાનો ફોર્મ નં.6 ભરીને તેઓનું નામ આખરી મતદાર યાદી કે જે તા.17-2-2026ના રોજ પ્રસિદ્ધ થવાની છે તેમાં દાખલ કરાવી શકે છે.

જો આપનું નામ ડ્રાફ્ટ મતદાર યાદીમાં ન હોય તો મતદાર યાદીમાં નામ દાખલ કરાવવા માટે ફોર્મ નં.6 ભરીને તેની સાથે ડેક્લેરેશન રજૂ કરીને તથા જરૂરી આધાર પુરાવાના દસ્તાવેજ સામેલ રાખીને ઓનલાઈન/ઓફલાઈન અરજી કરી શકો છો. જો ડ્રાફ્ટ મતદાર યાદીમાં દર્શાવેલ વિગતોમાં કોઈ ભૂલ હોય તો ડેક્લેરેશન સાથે ફોર્મ નં.8 ભરીને જરૂરી આધાર પુરાવાના દસ્તાવેજ સામેલ રાખીને ઓનલાઈન/ઓફલાઈન અરજી કરી શકાય છે.

ડ્રાફ્ટ મતદાર યાદીમાં કોઈ પણ પ્રકારનો વાંધો રજૂ કરવા માટે ફોર્મ નં.7 ભરીને અરજી કરી શકાશે.

### 27 ઓક્ટોબરે SIR અભિયાનનો પ્રારંભ કરાયો હતો

નોંધનીય છે કે, 27મી ઓક્ટોબરે SIR અભિયાનનો પ્રારંભ કરાયો હતો. આ મતદાર યાદી સુધારણા કામગીરી વિવાદમાં સપડાઈ હતી કેમકે, વધુ પડતાં કામના બોજને પગલે પાંચેક બુથ લેવલ ઓફિસરના મૃત્યુ થયા હતાં જેના કારણે હોબાળો મચ્યો હતો. એટલુ જ નહીં, રાજ્ય ચૂંટણી પંચ પર માછલા ધોવાયા હતાં.

### ડાયાબિટીસ અને કેન્સર જેવી બીમારીઓ સામે લડવા પીએમ મોદીએ આપ્યો 'રિસ્ટોરિંગ બેલેન્સ'નો સંદેશ

# પરંપરાગત ચિકિત્સામાં ભારતની શક્તિનો વિશ્વએ સ્વીકાર કર્યો : પીએમ મોદી

(એજન્સી) નવી દિલ્હી | તા.19

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે પરંપરાગત ચિકિત્સા પરની બીજી 'WHO ગ્લોબલ સમિટ'ના સમાપન સમારોહને સંબોધિત કર્યો હતો. આ પ્રસંગે પીએમ મોદીએ ભારતની પ્રાચીન ચિકિત્સા પદ્ધતિઓને આધુનિક વિજ્ઞાન સાથે જોડીને વિશ્વને તંદુરસ્ત બનાવવાનો રોડમેપ રજૂ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે જામનગરમાં WHO ગ્લોબલ સેન્ટરની સ્થાપના એ ભારત માટે ગૌરવની બાબત છે અને આ સમિટની સફળતા એ વાતનો પુરાવો છે કે વિશ્વનો ભારતની પરંપરાગત પદ્ધતિઓ પર વિશ્વાસ વધી રહ્યો છે.



**અશ્વગંધા અને યોગનું સન્માન**

પીએમ મોદીએ અશ્વગંધા પર એક વિશેષ ટપાલ ટિકિટ બહાર પાડી હતી અને જણાવ્યું હતું કે કોવિડ દરમિયાન આ જડીબુટ્ટીની માંગ વિશ્વભરમાં વધી હતી. તેમણે ૨૦૨૧ થી ૨૦૨૫ સુધીના સમયગાળા માટે યોગના પ્રચાર-પ્રસારમાં ઉત્કૃષ્ટ યોગદાન આપનાર મહાનુભાવોને 'પીએમ યોગ એવોર્ડ્સ' થી સન્માનિત કર્યા હતા. આ ઉપરાંત, કેન્સર જેવી ગંભીર બીમારીઓની સારવારમાં આધુનિક પદ્ધતિઓ સાથે આયુર્વેદને સાંકળવા માટે 'ઈન્ટિગ્રેટિવ કેન્સર કેર' પહેલની પણ પ્રશંસા કરી હતી.

### દિલ્હી ડિક્લેરેશન અને નવા આયામો

પીએમ મોદીએ મહત્વની જાહેરાતો કરતા જણાવ્યું હતું કે:

આયુષ માર્ક (Ayush Mark): આયુષ ઉત્પાદનો અને સેવાઓની ગુણવત્તા માટે વૈશ્વિક ધોરણ નક્કી કરતો માર્ક લોન્ચ કરાયો.

ગ્લોબલ લાઈબ્રેરી: પરંપરાગત ચિકિત્સાના ડેટા અને દસ્તાવેજો માટે 'ટ્રેડિશનલ મેડિસિન ગ્લોબલ લાઈબ્રેરી'નું ઉદ્ઘાટન.

નવી ઓફિસ: દિલ્હીમાં WHO ના દક્ષિણ-પૂર્વ એશિયા પ્રાદેશિક કાર્યાલયનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું, જેને પીએમએ ભારત તરફથી વિશ્વને એક 'વિનમ્ર ભેટ' ગણાવી હતી.

### શિયાળુ સત્રમાં ૧૧૧% પ્રોડક્ટિવિટી, ૯૨ કલાકમાં ૮ મહત્વના બિલ પસાર: લોકસભા સ્પીકર ઓમ બિરલા

(એજન્સી) નવી દિલ્હી | તા.19

૧૮મી લોકસભાનું છઠ્ઠું સત્ર એટલે કે શિયાળુ સત્ર શુક્રવારે સંપન્ન થયું છે. લોકસભાના સ્પીકર ઓમ બિરલાએ આ સત્રની કામગીરી અંગે સંતોષ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, આ વખતે ગૃહની ઉત્પાદકતા ૧૧૧ ટકા રહી છે. ૧



ડિસેમ્બરથી શરૂ થયેલા આ સત્રમાં કુલ ૧૫ બેઠકો મળી હતી, જેમાં ૯૨ કલાક અને ૨૫ મિનિટ સુધી સભ્યોએ રાષ્ટ્રહિતના મુદ્દાઓ પર ચર્ચા કરી હતી.સત્ર દરમિયાન સરકારે ૧૦ બિલો રજૂ કર્યા હતા, જેમાંથી ૮ મહત્વપૂર્ણ બિલોને લોકસભાએ મંજૂરી આપી છે.

**કેન્દ્રનું નવું બિલ'ગરીબ વિરોધી', સંસદમાં ચર્ચા વિના પસાર કર્યું**

# G RAM G બિલ ગામડાઓને બરબાદ કરવા માટે છે; દેશવ્યાપી આંદોલન કરીશુ

(એજન્સી) નવી દિલ્હી | તા.19

કેન્દ્ર સરકાર દ્વારા MGNREGA (મનરેગા) ને બદલે લાવવામાં આવેલા નવા 'વિકસિત ભારત - ગેરંટી ફોર રોજગાર એન્ડ આજીવિકા મિશન (ગ્રામીણ)' એટલે કે VB-G RAM G બિલ સામે વિપક્ષે બાંયો ચઢાવી છે. લોકસભાના વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ શુક્રવારે આ બિલને 'ગામડા વિરોધી' ગણાવીને તેની સામે દેશવ્યાપી આંદોલન કરવાની જાહેરાત કરી છે.ગુરુવારે લોકસભામાં ભારે હોબાળા વચ્ચે અને શુક્રવારે વહેલી સવારે ૧ વાગ્યા સુધી ચાલેલી ચર્ચા બાદ રાજ્યસભામાં આ બિલ પસાર કરવામાં આવ્યું હતું. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ પણ કેન્દ્રના આ 'સરમુખત્યારશાહી અભિગમ'



સામે સમગ્ર ભારતમાં વિરોધ પ્રદર્શન કરવાની ખાતરી આપી છે.રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર એક વિસ્તૃત પોસ્ટમાં સરકારની આકરી ટીકા કરી હતી. તેમણે કહ્યું કે, 'G RAM G એ મનરેગાનું નવું સ્વરૂપ નથી, પરંતુ તે અધિકાર-આધારિત વ્યવસ્થાને ખતમ કરીને તેને દિલ્હીથી નિયંત્રિત થતી રેશનિંગ સ્કીમમાં ફેરવવાનો પ્રયાસ છે.

### સંસદીય પ્રક્રિયા પર સવાલ

રાહુલ ગાંધીએ આક્ષેપ કર્યો હતો કે સરકારે આટલા મહત્વના કાયદાને કોઈ પણ યોગ્ય ચકાસણી કે સ્ટેન્ડિંગ કમિટીને મોકલ્યા વિના સંસદમાં 'બુલડોઝ' કર્યો છે. વિપક્ષની માંગ હતી કે આ બિલ પર નિષ્ણાતો અને જનતા સાથે પરામર્શ કરવામાં આવે, પરંતુ સરકારે તેને નકારી કાઢી હતી. કોંગ્રેસ નેતાએ સંકલ્પ કર્યો કે તેઓ કામદારો, પંચાયતો અને રાજ્યો સાથે મળીને આ કાયદાને પાછો ખેંચવા માટે મજબૂત મોરચો બનાવશે. ઉલ્લેખનીય છે કે, વિપક્ષનો આરોપ છે કે સરકાર આ બિલ દ્વારા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના વારસાને ભૂંસવા માંગે છે.આ બિલથી દલિતો, આદિવાસીઓ અને ખેતવિહોણા મજૂરોને સૌથી વધુ નુકસાન થશે.

## રાબડી દેવીની કેસ ટ્રાન્સફર કરવાની અરજી દિલ્હી કોર્ટે ફગાવી, તે જ જજ સમક્ષ ચાલશે ટ્રાયલ

(એજન્સી) નવી દિલ્હી | તા.19

બિહારના પૂર્વ મુખ્યમંત્રી રાબડી દેવી અને લાલુ પ્રસાદ યાદવના પરિવારને શુક્રવારે દિલ્હીની અદાલતમાંથી મોટો આંચકો લાગ્યો છે. રાઉસ એવન્યુ કોર્ટના પ્રિન્સિપલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ દિનેશ ભટ્ટે રાબડી દેવીની તે ચારેય અરજીઓ ફગાવી દીધી છે, જેમાં તેમણે ભ્રષ્ટાચાર અને મની લોન્ડરિંગના કેસોને સ્પેશિયલ જજ વિશાલ ગોગ્નેની કોર્ટમાંથી બીજી કોર્ટમાં ટ્રાન્સફર કરવાની માંગ કરી હતી.

રાબડી દેવીએ કોર્ટમાં એવો દાવો કર્યો હતો કે જજ વિશાલ ગોગ્નેના મનમાં તેમના પરિવાર



પ્રત્યે પક્ષપાત છે. તેમના વકીલ મનિન્દર સિંઘે આક્ષેપ કર્યો હતો કે ૧ જાન્યુઆરી થી ૧૪ ડિસેમ્બર ૨૦૨૫ વચ્ચે આ ચાર કેસોને અનુક્રમે ૧૧૭, ૭૦, ૫૦ અને ૨૮ વખત લિસ્ટ કરવામાં આવ્યા હતા. આટલી 'ઉતાવળી' સુનાવણી અન્ય કોઈ કેસમાં જોવા મળી નથી, જે પક્ષપાત અને પૂર્વગ્રહ તરફ ઈશારો કરે છે.

### જમાત-એ-ઈસ્લામી" પાછળ રહીને ખેલી રહી છે ખૂની ખેલ

# બાંગ્લાદેશમાં હિંસા પાછળ પાકિસ્તાની ISI નો હાથ: ભારતીય એજન્સીઓનો ઘટસ્ફોટ



(એજન્સી) નવી દિલ્હી | તા.19

બાંગ્લાદેશમાં તાજેતરમાં ફાટી નીકળેલી હિંસા અને ભારત વિરોધી દેખાવો પાછળ પાકિસ્તાની જાસૂસી સંસ્થા ISIનું વ્યવસ્થિત ષડયંત્ર હોવાનું ભારતીય સુરક્ષા એજન્સીઓએ શોધી કાઢ્યું છે. તપાસમાંબહારઆવ્યુંછેકેબાંગ્લાદેશના વિદ્યાર્થી નેતા શરીફ ઓસ્માન હાદીના મૃત્યુના ગણતરીની મિનિટોમાં જ પાકિસ્તાન સમર્થિત સોશિયલ મીડિયા હેન્ડલ્સ સક્રિય થઈ ગયા હતા.

### ISI નો માસ્ટર પ્લાન: જમાતને પડદા પાછળ રાખવી

ભારતીય અધિકારીઓના જણાવ્યા અનુસાર, ISI એ ખૂબ જ સાવચેતીપૂર્વક પ્લાનિંગ કર્યું હતું. તેમણે 'જમાત-એ-ઈસ્લામી' અને તેના વિદ્યાર્થી પાંખ 'ઈસ્લામિક છાત્ર શિબિર' (ICS) ને આદેશ આપ્યો હતો કે તેઓ પ્રત્યક્ષ રીતે આંદોલનનું નેતૃત્વ ન કરે. બદલે, પાકિસ્તાની ડિજિટલ નેટવર્કે સોશિયલ મીડિયા પર ફેક નેરેટિવ ફેલાવ્યો અને જમાતના લોકોએ પડદા પાછળ રહીને ભીડને હિંસા માટે ઉશ્કેરી.

### ભારત વિરોધી પ્રચારનું હથિયાર

પાકિસ્તાન દ્વારા ભંડોળ મેળવતા કેટલાક મીડિયા હાઉસ અને ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો ઉપયોગ ભારત વિરુદ્ધ લેખો લખવા માટે કરવામાં આવ્યો હતો. આ પ્રચારમાં ભારતને પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાના 'રક્ષક' તરીકે રજૂ કરવામાં આવ્યું, જે હાલમાં ભારતમાં આશ્રય લઈ રહ્યા છે. આનો મુખ્ય હેતુ બાંગ્લાદેશમાં ભારત પ્રત્યે નફરત પેદા કરવાનો છે જેથી ભારતના પૂર્વી મોરચે દબાણ વધારી શકાય.

### ભવિષ્યનો ખતરો: બાંગ્લાદેશ બનશે બીજું પાકિસ્તાન?

સંરક્ષણ નિષ્ણાતો ચેતવણી આપી રહ્યા છે કે ISI બાંગ્લાદેશમાં જમ્મુ-કાશ્મીર જેવું 'અલગતાવાદી ઈકોસિસ્ટમ' તૈયાર કરવા માંગે છે. જો હિંસાને કારણે ચૂંટણીઓ મુલતવી રહે, તો કટ્ટરપંથી ઈસ્લામવાદીઓ બાંગ્લાદેશને એક ઈસ્લામિક સ્ટેટમાં ફેરવી દેશે. એક સમયે આશાસ્પદ અર્થતંત્ર ગણાતું બાંગ્લાદેશ હવે પાકિસ્તાન જેવી અરાજકતાના માર્ગે જઈ રહ્યું હોય તેવું જણાય છે.

### વર્ષ ૨૦૧૨-૧૩ થી અત્યાર સુધીમાં FDI માં બે ગણો ઉછાળો, અર્થતંત્રમાં તેજીના સંકેત

# ભારતના વિદેશી મુદ્રા ભંડારમાં $1.69 બિલિયન; ગોલ્ડ રિઝર્વમાં $758 મિલિયનનો ધરખમ ઉછાળો

(એજન્સી) નવી દિલ્હી | તા.19

ભારતીય અર્થતંત્ર માટે શુક્રવારનો દિવસ ખુશખબર લઈને આવ્યો છે. ભારતીય રિઝર્વ બેંક (RBI) દ્વારા જાહેર કરવામાં આવેલા તાજા આંકડા મુજબ, ૧૨ ડિસેમ્બર ૨૦૨૫ ના રોજ પૂરા થયેલા સપ્તાહમાં ભારતનું વિદેશી મુદ્રા ભંડાર $1.69 બિલિયન વધીને $688.94 બિલિયન ના સ્તરે પહોંચી ગયું છે. આ વધારો વૈશ્વિક બજારમાં ભારતની મજબૂત આર્થિક સ્થિતિ અને સ્થિરતાનો સંકેત આપે છે.

RBI ના અહેવાલ મુજબ, ભંડારના વિવિધ ઘટકોમાં નીચે મુજબનો વધારો નોંધાયો છે:

ગોલ્ડ રિઝર્વ: સોનાના ભંડારમાં $758 મિલિયનનો ઉછાળો આવતા તે હવે $107.74 બિલિયન પર પહોંચી ગયો છે.

SDR : સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સમાં $14 મિલિયનનો વધારો થયો છે, જે હવે $18.73 બિલિયન છે.રિઝર્વ બેંકે વધુમાં જણાવ્યું હતું કે તે વિદેશી મુદ્રા બજારની હિલચાલ પર સતત નજર રાખી રહી છે અને જરૂર જણાયે બજારમાં સ્થિરતા જાળવવા માટે હસ્તક્ષેપ પણ કરવામાં આવશે.

### રોબિન ઉથપ્પા અને મિમી ચક્રવર્તીની સંપત્તિ ટાંચમાં લેતું એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ

# યુવરાજ સિંહ અને સોનુ સૂદ પર EDની મોટી કાર્યવાહી: ઓનલાઇન બેટિંગ એપ કેસમાં કરોડોની સંપત્તિ જપ્ત

(એજન્સી) નવી દિલ્હી | તા.19

ભારતની જાણીતી સેલિબ્રિટીઝ અને ક્રિકેટ સ્ટાર્સ માટે શુક્રવારનો દિવસ મુશ્કેલીભર્યો રહ્યો છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) એ '1xBet' નામની ગેરકાયદેસર ઓનલાઈન બેટિંગ એપ સાથે જોડાયેલા મની લોન્ડરિંગ કેસમાં પૂર્વ ભારતીય ક્રિકેટર યુવરાજ સિંહ, રોબિન ઉથપ્પા, અભિનેતા સોનુ સૂદ અને પૂર્વ સાંસદ મિમી ચક્રવર્તી સહિત અનેક સ્ટાર્સની આશરે રૂ. 8 કરોડની સંપત્તિ જપ્ત કરી છે. ED ના આક્ષેપ મુજબ, આ સેલિબ્રિટીઝે જાણીજોઈને વિદેશી સંસ્થાઓ સાથે '1xBet' ના પ્રમોશન માટે કરાર



કર્યા હતા. આ એપ ભારતમાં પ્રતિબંધિત હોવા છતાં, '1xBat' નામની સરોગેટ બ્રાન્ડ હેઠળ તેનું માર્કેટિંગ કરવામાં આવતું હતું. તપાસમાં બહાર આવ્યું છે કે આ પ્રમોશન માટેના નાણાં વિદેશી રૂટ દ્વારા લેયર્ડ ટ્રાન્ઝેક્શન દ્વારા ચૂકવવામાં આવ્યા હતા, જેથી તેની ગેરકાયદેસરતા છુપાવી શકાય.

### EDની ચેતવણી: પબ્લિક અને ઇન્ફ્લુએન્સર્સ સાવધ રહે

તપાસ એજન્સીએ આ કાર્યવાહીની સાથે એક કડક ચેતવણી પણ જારી કરી છે. ED એ જણાવ્યું છે કે ગેરકાયદેસર બેટિંગ કે જુગારના પ્લેટફોર્મને પ્રોત્સાહન આપવું એ સજાપાત્ર ગુનો છે. સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર્સ અને સેલિબ્રિટીઝે આવા પ્લેટફોર્મના એન્ડોર્સમેન્ટથી બચવું જોઈએ. ઉલ્લેખનીય છે કે ઓક્ટોબર મહિનામાં પણ ED એ આ જ તપાસના ભાગરૂપે શિખર ધવન અને સુરેશ રૈનાની રૂ. 11.14 કરોડની મિલકતો જપ્ત કરી હતી.

# મહુઆ મોઇત્રા વિરુદ્ધ CBI ચાર્જશીટ દાખલ નહીં કરે

દિલ્હી હાઈકોર્ટે લોકપાલનો આદેશ રદ કર્યો; પૈસા લઈને સંસદમાં પ્રશ્ન પૂછવાનો મામલો



(એજન્સી) નવી દિલ્હી | તા.19

પૈસા લઈને સંસદમાં સવાલ પૂછવાના મામલે CBI હાલમાં TMC સાંસદ મહુઆ મોઈત્રા વિરુદ્ધ ચાર્જશીટ દાખલ નહીં કરે. દિલ્હી હાઈકોર્ટે શુક્રવારે લોકપાલ દ્વારા ચાર્જશીટ ફાઈલ કરવાની મંજૂરી રદ કરી દીધી છે. આ મંજૂરી 12 નવેમ્બરે આપવામાં આવી હતી.જસ્ટિસ અનિલ ક્ષત્રપાલ અને હરીશ વૈદ્યનાથન શંકરની બેન્ચે કહ્યું- 'અમારું માનવું છે કે લોકપાલે આ મામલે ભૂલ કરી છે.' કોર્ટે લોકપાલને કહ્યું છે કે તે લોકપાલ અને લોકાયુક્ત અધિનિયમની કલમ 20 હેઠળ એક મહિનાની અંદર કાયદા અનુસાર ફરીથી નિર્ણય લે.સુનાવણી દરમિયાન મહુઆ મોઈત્રાના વકીલે દલીલ કરી કે લોકપાલે મંજૂરી આપતી વખતે કાનૂની પ્રક્રિયાનું યોગ્ય રીતે પાલન કર્યું નથી.

### હિજાબ વિવાદ: મહેબૂબાની દીકરીની નીતિશને ધમકી

# જો હવે નકાબને હાથ લગાવ્યો તો પાઠ ભણાવીશું

ચાર રાજ્યોમાં FIR; નુસરતની મિત્રએ કહ્યું- CMએ જે કર્યું તે ખોટું



(એજન્સી) નવી દિલ્હી | તા.19

બિહારમાં એક મહિલા ડોક્ટરનો હિજાબ હટાવવા મામલે મુખ્યમંત્રી નીતિશ કુમારની અન્ય રાજ્યોમાં પણ ટીકા થઈ રહી છે. જમ્મુ-કાશ્મીરના પૂર્વ CM મહેબૂબા મુફ્તીની પુત્રી અને પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટી (PDP)ના નેતા ઈલ્તિજા મુફ્તીએ શુક્રવારે બિહારના CM સામે શ્રીનગરમાં FIR નોંધાવી છે. મુખ્યમંત્રી નીતિશ કુમાર વિરુદ્ધ બેંગલુરુ, લખનઉ, ઝારખંડની રાજધાની રાંચી અને શ્રીનગરમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

### તમને કોઈ હક નથી કે તમે અમારા નકાબ કે હિજાબને હાથ લગાવો

ઈલ્તિજા મુફ્તીએ મીડિયા સાથે વાત કરતા નીતિશ કુમારને ચેતવણી આપી અને કહ્યું- તમને (નીતિશ) કોઈ હક નથી કે તમે અમારા નકાબ કે હિજાબને હાથ લગાવો. જો હવે તમે અમારા હિજાબને હાથ લગાવ્યો, તો અમે મુસ્લિમ મહિલાઓ તમને એવો પાઠ ભણાવીશું કે આખી જીંદગી ભૂલશો નહીં.આ દરમિયાન એક મહિલા ડોક્ટર, નુસરત પરવીન હિજાબ પહેરીને મંચ પર આવી હતી.

### જે કૃત્ય કર્યું છે, તેના માટે તેમણે માફી માંગવી જોઈએ

ઈલ્તિજાએ કહ્યું- નીતિશ કુમારે જે કૃત્ય કર્યું છે, તેના માટે તેમણે માફી માંગવી જોઈએ. પરંતુ માફી માંગવાને બદલે ભાજપના નેતાઓ અશ્લીલ નિવેદનબાજી કરી રહ્યા છે. ગિરિરાજ સિંહ કહે છે કે મુસલમાનો નરકમાં જાય. અમે નરકમાં શા માટે જઈએ? જો તમે મુસ્લિમ મહિલાનો હિજાબને હાથ લગાવ્યો છે, તો પરિણામ ભોગવવા તૈયાર રહો.આ દરમિયાન નીતિશે નિમણૂક પત્ર આપતી વખતે અચાનક બધાની સામે મહિલાનો હિજાબ ખેંચી લીધો હતો.

## સૂકવેલી બૂમલાની માંગ | જાફરાબાદને બનાવ્યું કરોડપતિ બંદર, વિદેશી હૂંડિયામણ વધ્યું

# જાફરાબાદનું 'સફેદ સોનું': 'બૂમલા' માછલીએ જાફરાબાદને વૈશ્વિક નકશા પર અપાવ્યું સ્થાન, વાર્ષિક 450 કરોડનો વેપાર

(એજન્સી) અમરેલી | તા.19

અમરેલી જિલ્લાના દરિયાકાંઠે આવેલું જાફરાબાદ હવે માત્ર માછીમારોનું નાનકડું ગામ નથી રહ્યું, પરંતુ તે કરોડોની કમાણી કરતું એક મોટું આર્થિક કેન્દ્ર બની ગયું છે. જાફરાબાદ બંદરથી દર વર્ષે આશરે 450 કરોડ રૂપિયાનો માછલીનો વેપાર થાય છે. ખાસ કરીને અહીંની પ્રખ્યાત 'બૂમલા' માછલી એ જાફરાબાદના નામને આંતરરાષ્ટ્રીય દરિયાઈ નકશામાં ચમકતું કર્યું છે. બૂમલા માછલીના નિકાસથી માત્ર જાફરાબાદ જ નહીં, પરંતુ સમગ્ર સૌરાષ્ટ્ર અને ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોને આર્થિક લાભ થાય છે. વિદેશી માંગ વધવાથી સ્થાનિક માછીમારો માટે રોજગારીની વિપુલ તકો ઊભી થઈ છે અને અનેક માછીમારો આ વ્યવસાય થકી લાખો રૂપિયાની કમાણી કરી રહ્યા છે.



### વૈશ્વિક બજારમાં 'બૂમલા'નો દબદબો

જાફરાબાદની દરિયાઈ સંપત્તિ વિશ્વભરમાં જાણીતી છે. અહીં પકડાતી બૂમલા માછલીની દેશ અને વિદેશમાં ભારે માંગ રહે છે. જાફરાબાદ બંદરથી આશરે 50 નોટિકલ માઈલ દૂર ઊંડા દરિયામાં આ માછલી પકડવામાં આવે છે. માછીમારો જણાવે છે કે આ વ્યવસાય સમગ્ર વિસ્તારની આર્થિક કરોડરજ્જુ સમાન છે. જાફરાબાદના અનુભવી સાગરખેડૂ હમીર સોલંકી, જેઓ છેલ્લા 30 વર્ષથી આ વ્યવસાય સાથે સંકળાયેલા છે, તેઓ જણાવે છે કે, જાફરાબાદ બંદરે હાલમાં અંદાજે 700 જેટલી બોટો કાર્યરત છે. 5,000 થી વધુ લોકો પ્રત્યક્ષ રીતે માછીમારીના

### નિકાસ દ્વારા વિદેશી હૂંડિયામણની કમાણી

એકવાર માછલી સુકાઈ જાય પછી તેના બંડલ બનાવીને પેક કરવામાં આવે છે. આ માછલીઓ જળમાર્ગે કે રેલવે મારફતે બિહાર, ઓડિશા, કલકત્તા અને મુંબઈ મોકલવામાં આવે છે. ત્યાંથી તેને શ્રીલંકા અને બાંગ્લાદેશ જેવા દેશોમાં નિકાસ કરવામાં આવે છે. માછીમારીની સીઝન મુખ્યત્વે 4 થી 6 મહિના (નવેમ્બર થી એપ્રિલ) સુધી ચાલે છે. આ સમયગાળા દરમિયાન દરિયાઈ હવામાન માછીમારી માટે સાનુકૂળ હોય છે.

### અમદાવાદમાં 1 જાન્યુઆરીથી પ્રોપર્ટી ટેક્સમાં વ્યાજ માફી અપાશે

અમદાવાદ : ફેબ્રુઆરી-2026માં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની વર્તમાન ટર્મ સમાપ્ત થઈ રહી છે. આ અગાઉ મતદારોને આકર્ષવા ફરી એક વખત 1 જાન્યુઆરીથી 31 માર્ચ સુધી પ્રોપર્ટી ટેક્સના વ્યાજમાં માફી આપવાનો રેવન્યુ કમિટીમાં ઠરાવ કરાયો છે. જાન્યુઆરી મહિનામા નવી મિલકતો પૈકી રહેણાંકની મિલકતો માટે 85 તથા કોમર્શિયલ મિલકત માટેના કરદાતાઓને 65 ટકા સુધી વ્યાજ માફી આપવામાં આવશે.




ગુજરાત પ્રદેશ સમિતિના આદરણીય પ્રમુખશ્રી અમિતભાઈ ચાવડાની મંજૂરીથી અમદાવાદ શહેર સમિતિના પ્રમુખ શ્રી સોનલબેન પટેલ વોર્ડ 23 ઠક્કરબાપાનગર વોર્ડ પ્રમુખ તરીકે અશોક ભાઈ પરમારની નિમણૂક કરવામાં આવી છે.

**પશ્ચિમ રેલ્વે**

**વાર્ષિક જાળવણી કરાર**

SR.CDO-MMCT ટેન્ડર સૂચના નં. RE-MMCT-ACWP-OTR-AMOC-2025, તારીખ: 16.12.2025 આમંત્રિત કરે છે. કાર્ય અને સ્થાન: એક વખતના સમારકામ માટે દરખાસ્ત, ત્યારબાદ, કોચિંગ ડેપો MMCT ખાતે ઓટોમેટિક કોચ વોશિંગ પ્લાન્ટ (ACWP) ના વ્યાપક વાર્ષિક જાળવણી અને સંચાલન કરાર (CAMOC), 05 વર્ષના સમયગાળા માટે. કાર્યની અંદાજિત કિંમત: 1,52,69,233.57/- (બધા સહિત) EMD: 2,26,400.00/- સબમિશનની તારીખ અને સમય (બંધ): 13.01.2026 સુધી, 15.00 કલાક. ખુલવાની તારીખ અને સમય: 13.01.2026 ના રોજ 15.30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઈટ www.ireps.gov.in ની મુલાકાત લો. 0902

અમને લાઈક કરો: facebook.com/WesternRly

**AVAILABLE FOR SALE**

| MAKE | MODEL | REG NO |
|---|---|---|
| LEYLAND BADA DOST I4 | 2021 | GJ-38-T- 7354 |

IN " AS IS WHERE IS CONDITION"
CONTACT: SUNDARAM FINANCE LTD.
212- 214, B WING, SUND WEST BANK BUILDING,
OPP VALLBH SADAN, ASHRAM ROAD AHMEDABAD 380009
WITHIN 3 DAYS MOBILE NO : 9824091977

**કબજાની સૂચના**

જ્યારે, સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ 2002 ની કલમ 13 (12) અને નિયમ 3 હેઠળ મળેલી સત્તાઓનો ઉપયોગ કરીને, જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડના અધિકૃત અધિકારીએ ઉધાર લેનારા/સહ-ઉધાર લેનારા/લેનારાઓને માંગ નોટિસ જારી કરી હતી, જેમાં ઉધાર લેનારાઓને ઉપરોક્ત નોટિસ પ્રાપ્ત થયાના 60 દિવસની અંદર ઉપરોક્ત નોટિસમાં ઉલ્લેખિત લાગુ દરે સંબંધિત નામો સામે ઉલ્લેખિત રકમ અને તેના પર વ્યાજ ચૂકવવાનું કહેવામાં આવ્યું હતું, જેમાં લાગુ પડતા આકસ્મિક ખર્ચ, ખર્ચ, ચાર્જ વગેરે તરીકે ભવિષ્યના વ્યાજનો સમાવેશ થાય છે.

| ક્ર. નં. | લોન નંબર | ધીરનાર/ સહ-ધીરનાર/ જામીનદાર/ ગીરો આપનાર | કલમ 13(2) નોટિસની તારીખ/ બાકી લેણાં (₹ માં) | કબજાની તારીખ/ સમય અને પ્રકાર |
|---|---|---|---|---|
| 1 | 33369610000510 | 1) કમલેશ કુમાર મદન સિંહ રાજપુરોહિત, 2) દીપિકા રાજપુરોહિત | ૧૦/૧૦/૨૦૨૫ થી રૂ. ૨૪૭૪૪૫૧/- (ચૌવીસ લાખ ચુમ્મોતેર હજાર ચારસો એકાવન રૂપિયા માત્ર) ૦૯/૧૦/૨૦૨૫ મુજબ | તારીખ: ૧૮/૧૨/૨૦૨૫ સમય: ૦૧:૨૪ બપોરે પ્રતીકાત્મક કબજો |

**સુરક્ષિત અસ્કયામતનું વર્ણન:** સુરક્ષિત સંપત્તિનું વર્ણન: "રોયલ બીચ સિટી ધ ગોવા" તરીકે ઓળખાતી યોજનામાં, ફ્રીહોલ્ડ સ્થાવર મિલકતનો તે તમામ ટુકડો અને પાર્સલ, પ્લોટ નં. F/24 [(B/92) સબ પ્લોટ નં. 234, 233, યુનિટ નં. A/5591], જેનો પ્લોટ વિસ્તાર 407.19 ચોરસ મીટર છે. તેની સાથે કુલ 196.49 ચોરસ મીટર જમીનનો અવિભાજિત હિસ્સો છે. આ જમીન બિન-કૃષિ જમીન પર સ્થિત છે જેમાં નવા સર્વે/બ્લોક નં. 1524 અને 1525 (જૂના મહેસૂલ સર્વે નં. 822 પાયકી) અને કુલ 26099 ચોરસ મીટર અને 25600 ચોરસ મીટર કુલ 51699 ચોરસ મીટર છે. અમદાવાદ જિલ્લામાં મૌજે સીમજ તાલુકા ધોળકા અને ગુજરાત રાજ્યમાં ધોળકાના નોંધણી ઉપજિલ્લાની નજીક, ઉપરોક્ત મિલકત નીચે મુજબ સીમા ધરાવે છે: પૂર્વ: યુનિટ નં. A/558 અને A/560, પશ્ચિમ: યોજનાનો માર્ગ, ઉત્તર: યોજનાનો માર્ગ, દક્ષિણ: યોજનાનો માર્ગ.

જ્યારે, ઉપર ઉલ્લેખિત દેવાદારો/સહ-દેણદારો/જામીનદારો/ગીરો આપનારાઓએ બાકી રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયા છે, ત્યારે ખાસ કરીને ઉપર ઉલ્લેખિત દેવાદારોને અને સામાન્ય રીતે જાહેર જનતાને સૂચના આપવામાં આવે છે કે જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડના અધિકૃત અધિકારીએ ઉપરોક્ત તારીખો પર ઉપરોક્ત નિયમોના નિયમ 8 સાથે વાંચેલા ઉપરોક્ત કાયદાની કલમ 13 (4) હેઠળ તેમને મળેલી સત્તાનો ઉપયોગ કરીને ઉપરોક્ત વર્ણવેલ મિલકતો/સુરક્ષિત સંપત્તિઓનો કબજો લીધો છે. ખાસ કરીને ઉપર ઉલ્લેખિત દેવાદારો/સહ-દેણદારો/જામીનદારો/ગીરો આપનારાઓને અને સામાન્ય રીતે જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે કે ઉપરોક્ત મિલકતો/સુરક્ષિત સંપત્તિઓ સાથે વ્યવહાર ન કરો અને ઉપરોક્ત મિલકતો/સુરક્ષિત સંપત્તિઓ સાથે કોઈપણ વ્યવહાર જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડના ચાર્જને આધીન રહેશે.

| | |
|---|---|
| સ્થળ: અમદાવાદ | સહી/- અધિકૃત અધિકારી |
| તારીખ: 20.12.2025 | જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ વતી |

**જના સ્મોલ ફાઈનાન્સ બેંક** (એ શિડ્યુલ્ડ કોમર્શિયલ બેંક) રજિસ્ટર્ડ ઓફિસ: ધ ફેરવે, ગ્રાઉન્ડ અને ફર્સ્ટ ફ્લોર, સર્વે નં.૧૦/૧, ૧૧/૨ અને ૧૨/૨બી, ડોમલુરની બહાર, કોરામંગલા ઇનર રિંગ રોડ, ઇજીએલ બિઝનેસ પાર્કની બાજુમાં, ચલ્લાઘટ્ટા, બેંગ્લોર-૫૬૦૦૭૧. પ્રાદેશિક શાખા ઓફિસ: ૨૦૮ થી ૨૧૩, બીજો માળ, શાંગરીલા આર્કેડ, સારસ્વત બેંકની ઉપર, ૧૦૦ ફૂટ આનંદ નગર રોડ, શ્યામલ, અમદાવાદ, ગુજરાત-૩૮૦૦૧૫.

### નેશનલ મેરિટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્ષને કેન્દ્રની લીલી ઝંડી

# વિકસિત ભારતનું સપનું સાકાર કરશે રિયલ એસ્ટેટ: સીએમ પટેલ



(એજન્સી) અમદાવાદ | તા.19

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે દિલ્હી ખાતે યોજાયેલી ક્રેડાઈની નેશનલ કોન્ક્લેવને સંબોધતાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન મોદીએ આપેલા વિકસિત ભારતના વિઝનને સાકાર કરવામાં રિયલ એસ્ટેટ ક્ષેત્રની ભૂમિકા અત્યંત મહત્વની છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે દિલ્હી ખાતે યોજાયેલી ક્રેડાઈની નેશનલ કોન્ક્લેવને સંબોધતાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન મોદીએ આપેલા વિકસિત ભારતના વિઝનને સાકાર કરવામાં રિયલ એસ્ટેટ ક્ષેત્રની ભૂમિકા અત્યંત મહત્વની છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું, વડાપ્રધાને 2047

#### પ્રધાનમંત્રી આવાસ યોજના આ દિશામાં મહત્વનું પગલું

દેશની સૌથી વધુ વસ્તી ધરાવતા રાષ્ટ્ર તરીકે ભારતમાં 'હાઉસિંગ ફોર ઓલ'ના લક્ષ્યાંકનો ઉલ્લેખ કરતાં તેમણે જણાવ્યું કે, વડાપ્રધાનનો સંકલ્પ છે કે ગરીબમાં ગરીબ વ્યક્તિને પણ પાકું મકાન મળે.પ્રધાનમંત્રી આવાસ યોજના આ દિશામાં મહત્વનું પગલું છે.આ સંકલ્પને પૂરો કરવા ક્રેડાઈ અને રિયલ એસ્ટેટ ક્ષેત્રના આગેવાનોને કેન્દ્ર તેમજ રાજ્ય સરકાર સાથે મળીને કામ કરવાં તેમણે અનુરોધ કર્યો હતો. રિયલ એસ્ટેટ ડેવલપર્સની વિશેષ ભૂમિકા પર પ્રકાશ પાડતાં મુખ્યમંત્રીએ કહ્યું કે, રિયલ એસ્ટેટ માત્ર જમીન, ઈમારત કે ચાર દીવાલો નથી, પરંતુ તે એ સ્થળ છે જ્યાં પરિવારના સપનાઓ સમાયેલા હોય છે, વેપાર-ધંધો સફળતા મેળવે છે અને લોકો સાથે મળીને પોતાના જીવનને ઉન્નત બનાવે છે.




**અર્બન ડેવલપમેન્ટ સહિત વિકાસનું રોલ મોડલ બન્યું :** મુખ્યમંત્રીએ ડેવલપર્સને અપીલ કરતાં કહ્યું કે, આપણે એવા મકાનો બનાવીએ જેમાં ભારતીયતાની મહેક હોય. વિદેશી ટેકનોલોજીથી ભલે પ્રેરણા લઈએ, પરંતુ ડિઝાઈન ભારતીય રાખીએ. કન્સ્ટ્રક્શનમાં 'મેડ ઈન ઈન્ડિયા'નો સૂર હોય અને ઈમારતોમાં ભારતની વિરાસત તેમજ સંસ્કારો ઝળકતા હોય તેવા નિર્માણ કરીએ. મુખ્યમંત્રીએ સસ્ટેનેબિલિટી અને ઈનોવેશન પર ભાર મૂકતાં કહ્યું કે, પર્યાવરણને અનુકૂળ ઘરો, ઓફિસો અને સરકારી ઈમારતો બનાવવી જરૂરી છે. આ માટે નવા સંશોધન અને નવીનતાને પ્રોત્સાહન આપવું પડશે. વધતા શહેરીકરણને કારણે સંસાધનોનું સંચાલન કરવા દૂરંદેશી આયોજનની જરૂરીયાત તેમણે સમજાવી હતી. છેલ્લા 25 વર્ષથી વડાપ્રધાન મોદીના નેતૃત્વ હેઠળ ગુજરાત વેલ-પ્લાન્ડ અર્બન ડેવલપમેન્ટ સહિત વિકાસનું રોલ મોડલ બન્યું છે. એટલું જ નહિં દેશનું સૌથી વધુ શહેરીકૃત રાજ્ય છે.

**ડેવલપર્સ રોકાણ કરવા આકર્ષિત થયા :** ગુજરાતમાં સિંગલ વિન્ડો ક્લિયરન્સ સિસ્ટમ, ડિજિટલ લેન્ડ રેકોર્ડ્સ અને સમયબદ્ધ પરમિશન જેવી વ્યવસ્થાઓને કારણે ડેવલપર્સ રોકાણ કરવા આકર્ષિત થયા છે. ગ્રીન બિલ્ડિંગ, રિન્યુએબલ એનર્જી, વોટર કન્ઝર્વેશન અને વેસ્ટ મેનેજમેન્ટને પ્રોત્સાહન આપવાના કારણે ગુજરાત રિયલ એસ્ટેટ માટે શ્રેષ્ઠ સ્થાન બન્યું છે.ગિફ્ટ સિટી અને ધોલેરા સ્માર્ટ સિટીનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું કે,ધોલેરા 920 ચો.કિ.મી. વિસ્તારમાં વિકસી રહ્યું છે, જ્યાં સેમિકન્ડક્ટર, એરોસ્પેસ અને ડિફેન્સ જેવી ઉદ્યોગો આવી રહ્યા છે. અમદાવાદ-ધોલેરા એક્સપ્રેસવે અને ગ્રીનફિલ્ડ એરપોર્ટના કામો પૂર્ણતાના તબક્કામાં છે.ગિફ્ટ સિટીમાં પ્લગ એન્ડ પ્લે સહિત એવું ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવ્યું છે કે, બિઝનેસ પ્લેયરને અહીં આવતા પહેલાથી જ ઉત્તમ સુવિધાઓ તૈયાર મળી રહે છે.

# રાજ્ય પોલીસમાં બઢતી પ્રક્રિયા શરૂ

### 119 PIની ખાતાકીય અને શિસ્ત સંબંધિત વિગતો મંગાવવામાં આવી

(એજન્સી) અમદાવાદ | તા.19

રાજ્ય પોલીસ દળમાં મહત્વની બઢતી પ્રક્રિયા અંતર્ગત વર્ગ-2ના પોલીસ ઈન્સ્પેક્ટર (બિન હથિયારી)ને વર્ગ-1 ડીવાયએસપી તરીકે બઢતી આપવા માટે પસંદગી યાદી તૈયાર કરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. રાજ્ય પોલીસ દળમાં મહત્વની બઢતી પ્રક્રિયા અંતર્ગત વર્ગ-2ના પોલીસ ઈન્સ્પેક્ટર (બિન હથિયારી)ને વર્ગ-1 ડીવાયએસપી તરીકે બઢતી આપવા માટે પસંદગી યાદી તૈયાર કરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. આ પ્રક્રિયા હેઠળ કુલ 119 PI અધિકારીઓની ખાતાકીય તપાસ, કોર્ટ કેસ, વિજિલન્સ તપાસ તેમજ શિક્ષા સંબંધિત વિગતો મોકલવા સંબંધિત વિભાગોને સૂચના આપવામાં આવી છે.




#### કોર્ટ કેસ અથવા શિસ્તભંગની કાર્યવાહી અંગે માહિતી મંગાઇ

સૂત્રોના જણાવ્યા મુજબ, બઢતી માટે યોગ્યતા નક્કી કરતી વખતે અધિકારીઓની સેવા નોંધ, વર્તણૂક અને શિસ્ત સંબંધિત પાસાઓનું સુક્ષ્મ મૂલ્યાંકન કરવામાં આવે છે. આ કારણે સંભવિત બઢતીપાત્ર અધિકારીઓ સામે કોઈપણ પ્રકારની ચાલુ કે પૂર્ણ થયેલી તપાસ, કોર્ટ કેસ અથવા શિસ્તભંગની કાર્યવાહી અંગે સંપૂર્ણ માહિતી એકત્ર કરવાની પ્રક્રિયા ચાલી રહી છે.

#### જરૂરી વિગતો પ્રાપ્ત થયા બાદ જ પસંદગી સમિતિ દ્વારા અંતિમ પસંદગી યાદી તૈયાર કરવામાં આવશે

વિભાગીય સૂત્રોનું કહેવું છે કે, તમામ જરૂરી વિગતો પ્રાપ્ત થયા બાદ જ પસંદગી સમિતિ દ્વારા અંતિમ પસંદગી યાદી તૈયાર કરવામાં આવશે. જો કોઈ અધિકારી સામે ગંભીર પ્રકારની તપાસ અથવા કેસ ચાલુ હોવાનું સામે આવશે તો તેની બઢતી અટકાવવામાં આવી શકે છે અથવા મામલો સ્પષ્ટ થાય ત્યાં સુધી તેને પ્રતીક્ષા યાદીમાં રાખવામાં આવશે. આ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ રાજ્ય પોલીસ દળમાં ડીવાયએસપી પદે નવી નિમણૂકો થવાની શક્યતા છે, જેના પરિણામે વહીવટી વ્યવસ્થા તેમજ કાયદો-વ્યવસ્થાની કામગીરીને વધુ મજબૂતી મળશે.

### નિકોલમાં લેઉઆ પાટીદાર સમાજનું મહાસંમેલન યોજાશે, ચાર નવનિયુક્ત મંત્રીઓનું સન્માન થશે

(એજન્સી) અમદાવાદ | તા.19

અમદાવાદના નિકોલના ખોડલધામ ગ્રાઉન્ડમાં પાટીદાર સમાજનું મહા સંમેલન યોજાશે. જેમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયા હાજર રહેશે. અમદાવાદમાં આગામી 28 ડિસેમ્બરે લેઉઆ પાટીદાર સમાજનું સૌથી મોટું શક્તિ પ્રદર્શન યોજાશે. અમદાવાદના નિકોલના ખોડલધામ ગ્રાઉન્ડમાં પાટીદાર સમાજનું મહા સંમેલન યોજાશે. જેમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયા હાજર રહેશે. આ સંમેલનમાં લેઉઆ પાટીદાર સમાજના ચાર નવનિયુક્ત મંત્રીઓનું સન્માન કરાશે. ભાજપના પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માનું પણ સન્માન કરવામાં આવશે.

### ભદ્રમાં મોટી દુર્ઘટના ટળી, પ્રેમાભાઈ હોલની અગાશીની નમી ગયેલી ભયજનક પાળી તોડી પડાઈ

અમદાવાદ : અમદાવાદ શહેરના હૃદય સમાન અને સતત ધમધમતા ભદ્ર વિસ્તારમાં આજે(19 ડિસેમ્બર) મ્યુનિસિપલ કોર્પોરેશનની સતર્કતાને પરિણામે એક ભયાનક અકસ્માત થતો અટકી ગયો છે. પ્રેમાભાઈ હોલની પેરાપેટ વોલ (અગાશીની પાળી) જોખમી રીતે નમી ગઈ હોવાનું ધ્યાને આવતા જ મધ્ય ઝોનના એસ્ટેટ વિભાગે તાત્કાલિક કાર્યવાહી કરી દીવાલને સુરક્ષિત રીતે દૂર કરી છે. આજે શુક્રવારે વહેલી સવારે મધ્ય ઝોનના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર (DyMC) ભદ્ર પરિસરમાં મોર્નિંગ રાઉન્ડ પર હતા. આ દરમિયાન તેમની નજર પ્રેમાભાઈ હોલના ઉપરના ભાગે ગઈ હતી, જ્યાં પેરાપેટ વોલ બહારની તરફ ભયજનક રીતે નમેલી હાલતમાં જોવા મળી હતી. દીવાલ ગમે ત્યારે નીચે પડી શકે તેમ હોવાથી તંત્ર તુરંત એક્શન મોડમાં આવ્યું હતું.ભદ્રકાળી માતાનું મંદિર અને ભદ્રનો કિલ્લો હોવાને કારણે આ પરિસરમાં દરરોજ હજારોની સંખ્યામાં દર્શનાર્થીઓ, ફેરિયાઓ અને રાહદારીઓની અવરજવર રહેતી હોય છે.

### શ્રી દરબારસાહેબ દેસાઈની ૧૩૮મી જન્મજયંતિ નિમિત્તે ગુજરાત વિધાનસભા પોડિયમ ખાતે વિધાનસભા ઇન્ચાર્જ સચિવ શ્રી રીટાબેન મેહતાએ શ્રદ્ધાસુમન અર્પણ કર્યા



(માહિતી) ગાંધીનગર | તા. 19

ભારતના સ્વતંત્રતા યજ્ઞમાં સામે ચાલીને પોતાનું રાજ્ય સોંપી દેનાર એવા સાચેસાચા પ્રજાના દરબાર શ્રી દરબારસાહેબ ગોપાળદાસ દેસાઈની ૧૩૮મી જન્મજયંતિ નિમિત્તે આજે ગુજરાત વિધાનસભા પોડિયમમાં આવેલા તેમના તૈલચિત્રને વિધાનસભા ઇન્ચાર્જ સચિવ શ્રી રીટાબેન મેહતાએ ભાવસભર પુષ્પાંજલિ અર્પણ કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, શ્રી દરબારસાહેબે ગામડાના ખેડૂતો અને ગરીબ માણસો માટે ખૂબ સારા કાર્યો કર્યા હતા. તેમણે રાજા તરીકે મળતી સુવિધાઓ અને વૈભવની જગ્યાએ સાદગીને જીવનમાં ઉતારી હતી. શ્રી દરબારસાહેબે ખેડૂતોને શાહુકારો દ્વારા લેવામાં આવતા વ્યાજમાંથી મુક્ત કરવા માટે પણ ખૂબ પ્રયત્નો કર્યા હતા. શ્રી દરબારસાહેબે આણંદ, બોરસદ, વડોદરા વગેરે જેવા અનેક સ્વાતંત્ર્ય સંગ્રામમાં આગેવાની લીધી હતી. આ ઉપરાંત તેઓ સુરતના હરિપુરા ગામે ભરાયેલા રાષ્ટ્રીય અધિવેશનમાં સક્રિય રહ્યા હતા. શ્રી દરબારસાહેબે પોતાના રજવાડાનું વિલીનીકરણ થાય તે પહેલા સામે ચાલીને પોતાનું રાજ્ય સોંપી દીધું હતું. આ પ્રસંગે વિધાનસભાના અધિકારી-કર્મચારીશ્રીઓ તથા શ્રીમતી આર. જી. પટેલ કન્યા શાળા, ગાંધીનગરની વિદ્યાર્થીનીઓએ ઉપસ્થિત રહીને શ્રી દરબારસાહેબને પુષ્પ અર્પણ કર્યા હતા.

# મહેસૂલી સુધારાથી રાજ્યના નાગરિકોને ઝડપી અને પારદર્શક સેવા સુનિશ્ચિત થઇ

(માહિતી) ગાંધીનગર | તા. 19

રાજ્યના નાગરિકો સુધી પ્રભાવી અને અસરકારક સેવા વિતરણ સુનિશ્ચિત કરવા માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારે જરૂરી મહેસૂલી સુધારા કરીને સુશાસનનું દૃષ્ટાંત રજૂ કર્યું છે. તેમનું નેતૃત્વ પારદર્શિતા, સરળતા અને ટેક્નોલોજી આધારિત વહીવટ માટે જાણીતું છે. તેથી જ ગુજરાત સરકારે અમલમાં મૂકેલા વ્યાપક સુધારાઓ આજે રાજ્યના ખેડૂતો, ઉદ્યોગો અને વિકાસ પ્રોજેક્ટ્સ માટે આશીર્વાદરૂપ સાબિત થયા છે. જમીન નોંધણીથી લઈને બિનખેતીની મંજૂરી સુધીની પ્રક્રિયાઓને સરળ, પારદર્શક અને ડિજિટલ બનાવવાથી ગુજરાત સુશાસનનું રોલ મોડેલ બન્યું છે. આ સુધારાઓને લીધે રાજ્યના વિકાસને નવી ગતિ મળી છે, જે "ઈઝ ઑફ ડૂઈંગ બિઝનેસ" અને "ઈઝ ઑફ લિવિંગ"ને મજબૂતી આપે છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ મહેસૂલ વિભાગે એન્ડ-ટુ-એન્ડ ડિજિટલ ગવર્નન્સને નવી ગતિ આપી છે. ઇ-ધરા જેવી પ્રણાલીઓને વધુ મજબૂત બનાવવામાં આવી છે, જેના લીધે ખરાઇ સાથેના જમીન રેકોર્ડ સુરક્ષિત અને ઝડપથી નાગરિકોને ઉપલબ્ધ કરવામાં આવી રહ્યા છે. પરિણામે જમીન સંબંધિત વિવાદોમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. કાયદાકીય સુરક્ષા જાળવીને પ્રક્રિયાને સરળ બનાવવા માટે બિનખેતી (NA) મંજૂરી પ્રક્રિયા સંપૂર્ણપણે ઓનલાઈન બનાવવામાં આવી છે. તેમાં સમયસર મંજૂરી મળવાથી સમય અને ખર્ચમાં ઘટાડો થયો છે અને ઉદ્યોગોને ફાયદો થવાની સાથે ખેડૂતોના હિતનું પણ ધ્યાન રાખવામાં આવ્યું છે.

# ૧૦૮ ઇમરજન્સી સેવા': રાજ્યના નાગરિકો માટે સુરક્ષા કવચ

### રાજ્યમાં નવેમ્બર – ૨૦૨૫ સુધીમાં ૧.૮૯ કરોડથી વધુ કોલ ૧૦૮માં નોંધાયા: ૬૦ લાખથી વધુ પ્રસૂતિ સંબંધિત તેમજ ૨૨.૫૫ લાખથી વધુ માર્ગ અકસ્માતમાં ઈમરજન્સી સેવા પૂરી પડાઈ

(માહિતી) ગાંધીનગર | તા. 19

ગુજરાતમાં નિષ્ઠાપૂર્વક ફરજ બજાવતી '૧૦૮ ઈમરજન્સી સેવા'ની સમગ્ર ટીમ રાજ્યના નાગરિકોનો જીવ બચાવવામાં હરહંમેશ અડીખમ રહી છે. તત્કાલિન મુખ્યમંત્રી અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા વર્ષ ૨૦૦૭માં રાજ્યમાં સૌ પ્રથમવાર શરૂ કરાયેલી અનન્ય આરોગ્યલક્ષી '૧૦૮ ઈમરજન્સી સેવા' આજે અન્ય રાજ્યો માટે પથદર્શક અને આદર્શ મોડલ પૂરવાર થઇ છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં અને આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાના નેતૃત્વમાં રાજ્યના દરેક શહેરો, જિલ્લા, તાલુકા અને છેવાડાના ગામ સુધી આજે '૧૦૮ ઈમરજન્સી સેવા' ૨૪x૭ વિનામૂલ્યે સેવા આપી રહી છે, જે રાજ્યના કરોડો નાગરિકો માટે આશીર્વાદરૂપ બની છે.રાજ્યમાં આરોગ્ય સેવા ક્ષેત્રે '૧૦૮ ઈમરજન્સી સેવા' શરૂ થઇ ત્યારથી નવેમ્બર-૨૦૨૫ સુધીમાં રેકોર્ડ બ્રેક કુલ ૧.૮૬ કરોડથી વધુ ઈમરજન્સી કોલ એટેન્ડ કરીને દર્દીઓને સફળતાપૂર્વક તાત્કાલિક સેવાઓ પૂરી પાડવામાં આવી છે. આ ઉપરાંત ૧૦૮ દ્વારા ૬૦.૨૩ લાખથી વધુ પ્રસૂતિ સંબંધિત ઈમરજન્સી તેમજ ૨૨.૫૫ લાખથી વધુ માર્ગ અકસ્માતના કિસ્સામાં ઈમરજન્સી સેવાઓ આપવામાં આવી છે. જીવન-મરણનો સવાલ હોય તેવી આપાતકાલીન સ્થિતિમાં અત્યાર સુધીમાં કુલ ૧૮ લાખથી વધુ નાગરિકોના જીવ બચાવવામાં આવ્યા છે. તદુપરાંત એમ્બ્યુલન્સમાં ૯૭,૨૯૫ જેટલી સગર્ભા મહિલાઓને તેમજ જે તે સ્થળ ઉપર ૫૯,૯૦૩ એમ કુલ ૧.૫૭ લાખથી વધુ સગર્ભા મહિલાઓની સફળ પ્રસૂતિ કરાવવામાં આવી છે. રાજ્યમાં '૧૦૮ ઈમરજન્સી સેવા' ઉપરાંત અન્ય વિવિધ ઈમરજન્સી સેવાઓ પણ ઉપલબ્ધ કરાવવામાં આવે છે. જે અંતર્ગત સપ્ટેમ્બર ૨૦૧૨થી કાર્યરત ૪૩૪ જેટલી ખિલખિલાટ વાનનો વર્ષ ૨૦૨૫ સુધીમાં ૧.૩૭ કરોડથી વધુ લાભાર્થીઓએ લાભ લીધો છે તેવી જ રીતે વર્ષ ૨૦૧૫થી શરૂ થયેલી ૧૮૧ મહિલા હેલ્પલાઇન અંતર્ગત ૧૭.૪૦ લાખથી વધુ કોલ એટેન્ડ કરીને ૫૯ વાન દ્વારા ૩.૪૭ લાખથી વધુ મહિલાઓને સ્થળ પર જરૂરી મદદ કરવામાં આવી છે.

### એએમએ દ્વારા "એઆઈ ફોર એવરીવન: બિલ્ડીંગ અવેરનેસ, સ્કીલ્સ, એન્ડ એથિક્સ થ્રુ એજ્યુકેશન" વિષય પર લર્નર ફોરમનું આયોજન કરાયું

(એજન્સી) અમદાવાદ | તા. 19

અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન (એએમએ) દ્વારા બી.એન. દસ્તૂર - એએમએ લર્નર્સ ફોરમના ભાગરૂપે "એઆઈ ફોર એવરીવન: બિલ્ડીંગ અવેરનેસ, સ્કીલ્સ, એન્ડ એથિક્સ થ્રુ એજ્યુકેશન" વિષય પર લર્નર ફોરમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ફોરમમાં શ્રી રાહુલ નવાબ, પ્રેસિડેન્ટ, ડેટા અને એ.આઈ., પ્રોવેસ કન્સલ્ટિંગ; ડૉ. વિશાલ દહિયા, એ.આઈ. અને બિગ ડેટા રિસર્ચર, સ્ટાર્ટઅપ સ્ટ્રેટેજી ઉત્સાહી, પ્રોફેસર અને ડિરેક્ટર, સરદાર વલ્લભભાઈ ગ્લોબલ યુનિવર્સિટી; શ્રી ધ્રુવિલ હાપાણી, ટેકનિકલ પ્રોજેક્ટ મેનેજર, ક્યૂએક્સ ગ્લોબલ ગ્રુપ (ઈડીઆઈઆઈ) દ્વારા સંબોધન કરવામાં આવ્યું હતું અને આ ફોરમનું સંચાલન શ્રી અલ્પેશ પરીખ, એએમએ એક્ઝિક્યુટિવ કમિટી મેમ્બર, અને મેનેજિંગ ડિરેક્ટર, ગુલમહોર ગ્રીન્સ - ગોલ્ફ એન્ડ કન્ટ્રી ક્લબ લિ. દ્વારા કરવામાં આવ્યું હતું.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

# સિનિયર સિટીઝનને ડિજિટલ એરેસ્ટ કરી 1.82 કરોડ પડાવ્યા

## તમારા નામનું સિમકાર્ડ આતંકવાદી પ્રવૃત્તિમાં વપરાયું છે, તેનાથી 243 કરોડનું મની લોન્ડરિંગ થયું કહી વડોદરાની મહિલાને છેતરી

(એજન્સી) વડોદરા | તા. 19

નકલી પોલીસ અધિકારીઓ બનીને સાયબર ઠગોએ 15 દિવસ સુધી ડિજિટલ એરેસ્ટ રાખીને વડોદરા શહેરના સિનિયર સિટીઝન મહિલા સાથે રૂપિયા 1 કરોડ 82 લાખ 66 હજારની છેતરપિંડી આચરી છે. આ મામલે પીડિત સિનિયર સિટીઝન મહિલાએ વડોદરા સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. જેને આધારે પોલીસે તપાસ શરૂ કરી છે.

65 વર્ષીય સિનિયર સિટીઝન મહિલાની ફરિયાદ પ્રમાણે ગત 4 ડિસેમ્બરના રોજ સવારે આશરે 11 વાગ્યે મહિલાને ફોન આવ્યો હતો. જેમાં કોલ કરનાર વ્યક્તિએ જણાવ્યું હતું કે, તેમના આધાર કાર્ડના આધારે ઠગોએ વોટ્સએપ પર વીડિયો કોલ કરીને પોલીસ યુનિફોર્મ પહેરેલા વ્યક્તિ તરીકે પોતાની ઓળખ આપી હતી અને પાછળ પોલીસ ઓફિસના લોગો દેખાડ્યા હતા. તેમણે મહિલાનું આધાર કાર્ડ માંગ્યું હતું અને નકલી આઈડી કાર્ડ તેમજ સુપ્રીમ કોર્ટની નોટિસના દસ્તાવેજો મોકલીને ડરાવ્યા હતા. મહિલાને તેમના ઘરમાં જ એરેસ્ટ કરવામાં આવી હોવાનું જણાવી લેખિત હુકમનામું વોટ્સએપ પર મંગાવ્યું હતું અને રોજ સવારે મેસેજ કરવાનો આદેશ આપ્યો



હતો. 8 ડિસેમ્બરે ઠગોએ મહિલાને જણાવ્યું હતું કે, તેમના નામે લેવાયેલું સિમકાર્ડ આતંકવાદી ઓ.એમ. સાલમના કેસમાં વપરાયું છે અને તેના દ્વારા રૂ. 243 કરોડનું મની લોન્ડરિંગ થયું છે. તેમણે નકલી બેંક સ્ટેટમેન્ટ મોકલીને પીડિતાને તેમના મ્યુચ્યુઅલ ફંડ, એફડી અને અન્ય રોકાણોની માહિતી મંગાવી હતી. આરબીઆઈના ખાતામાં પૈસા જમા કરાવીને કેસમાંથી છૂટકારો મળશે અને પૈસા પરત મળી જશે તેવું કહીને પીડિતાને ધમકાવી હતી.

આ પછી 11થી 16 ડિસેમ્બર દરમિયાન અલગ-અલગ તારીખે પીડિતાના વિવિધ બેંક ખાતાઓમાંથી કુલ રૂ. 1 કરોડ 82 લાખ 66 હજારની રકમ તેમના ખાતાઓમાં ટ્રાન્સફર કરાવી હતી. ઠગોએ દરેક ટ્રાન્સફરની રસીદ પીડિતાને વોટ્સએપ પર મોકલી વિશ્વાસ મેળવ્યો હતો. 18 ડિસેમ્બરે એફડી તોડાવવા માટે દબાણ કરતાં પીડિતાને શંકા ગઈ અને તેમણે પરિવારજનોને જણાવતાં છેતરપિંડીની વાત સામે આવી હતી, ત્યારબાદ સિનિયર સિટીઝન મહિલાએ તાત્કાલિક સાયબર ક્રાઈમ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી, જેના આધારે પોલીસે તપાસ શરૂ કરી છે.

## ગુપ્ત ભોંયરા અને સીડીથી ભાગતી મુખ્ય આરોપી મહિલા સહિત ત્રણને વોન્ટેડ જાહેર કર્યા, બેની ધરપકડ, 11 યુવતીઓનું રેસ્ક્યુ કરાયું

# સનરાઇઝ ટાવરમાં દેહવ્યાપારનો પર્દાફાશ

(એજન્સી) વડોદરા | તા. 19

વડોદરા શહેરના વાઘોડિયા રોડ પર વૈકુંઠ ચાર રસ્તા પાસે આવેલ સનરાઇઝ ટાવરમાં ચાલતા દેહવ્યાપારના ધંધાનો વડોદરા શહેર પોલીસની એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ (AHTU)એ પર્દાફાશ કર્યો છે અને 11 યુવતીઓને રેસ્ક્યુ કરી છે. બે આરોપીની ધરપકડ કરી છે અને મુખ્ય આરોપી સહિત ત્રણ આરોપીને વોન્ટેડ જાહેર કર્યા છે.

આરોપી મહિલા જરૂરિયાતમંદ યુવતીઓને વડોદરા બોલાવીને પોતાના ફ્લેટમાં રાખતી

એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટના અનાર્મ હેડ કોન્સ્ટેબલ યુવરાજસિંહે કપુરાઈ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ પ્રમાણે એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટની ટીમને મળેલી ગુપ્ત બાતમી મુજબ એક મહિલા આર્થિક લાલચ આપીને પરપ્રાંતીય જરૂરિયાતમંદ યુવતીઓને વડોદરા બોલાવીને પોતાના ફ્લેટમાં રાખતી હતી અને ઈચ્છુક ગ્રાહકો સાથે 1200થી 1500 રૂપિયા રોકડા રૂપિયાની લેવડ-દેવડ કરી અનૈતિક દેહવ્યાપાર કરાવતી હતી. દેહવેપાર ચાલતો હોવાની બાતમી મળતા ઉપરી અધિકારીઓના માર્ગદર્શન હેઠળ AHTU ટીમે રેડનું આયોજન કર્યું હતું.

રેડ દરમિયાન ફ્લેટમાંથી 11 યુવતીઓને છોડાવવામાં આવી હતી. વધુ તપાસમાં જાણવા મળ્યું કે, મુખ્ય આરોપી ચંદ્રિકા ઉર્ફે રીટા ધરપકડ ટાળવા ગુપ્ત રસ્તાઓનો ઉપયોગ કરતી હતી. ગ્રાહકને ફ્લેટમાં પ્રવેશ આપીને સોદો પતાવ્યા બાદ મુખ્ય દરવાજે તાળું મરાવી દેતી હતી અને પોતે ગુપ્ત માર્ગે ભાગી જતી હતી.

પોલીસે તાળું તોડીને અંદર પ્રવેશ કરતાં આશ્ચર્યજનક રીતે ફ્લેટના સ્લેબમાં કાપો કરીને લોખંડની સીડી બેસાડવામાં આવી હોવાનું જણાઈ આવ્યું હતું, ઘરમાં રાખવામાં આવેલા સોફાની નીચે ભોંયરું બનાવવામાં આવ્યું હતું, જેનાથી મકાનમાંથી નીચેના માળે આવેલ દુકાનમાં અવરજવર થઈ શકે.

આ ઉપરાંત બાજુના ફ્લેટમાં ઈન્ટરલોક કરીને ગુપ્ત ભોંયરું જેવી જગ્યા બનાવવામાં આવી હતી. આ ભોંયરું પ્રથમ માળે આવેલા શોપિંગ સેન્ટર્સ, ટ્યુશન ક્લાસીસ અને નીચે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના ATM પાસે ખુલતું હતું.



**પકડાયેલા આરોપીઓ**
1. સરોજકુમાર લક્ષ્મીપદા માલ (હાલ રાજ, વડોદરા, મૂળ રહે. પશ્ચિમ બંગાળ)
2. જીગરકુમાર રાજુભાઈ માછી (હાલ રહે, કિશનવાડી, વડોદરા, મૂળ રહે. રાજપીપળા)

### 44,100નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો

ફરાર આરોપીઓનો પહેલાં પણ દેહવ્યાપાર અને માનવ તસ્કરી સંબંધિત ગુનાઓમાં ઈતિહાસ છે, જેમાં પાણીગેટ પોલીસ સ્ટેશનમાં ઈમોરલ ટ્રાફિક પ્રિવેન્શન એક્ટ તેમજ POCSO એક્ટ હેઠળના ગુનાઓ નોંધાયેલા છે.

રેડમાંથી રોકડા રૂ. 4100, બે મોબાઈલ ફોન, નિરોધકો, એપલ લેપટોપ, વિવિધ નામના 11 લાઈટબિલ સહિત કુલ રૂ. 44,100નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટના પીઆઈ સી એચ આસુન્દ્રાએ જણાવ્યું હતું કે, બાતમીને આધારે રેડ કરીને અમે 2 આરોપીની ધરપકડ કરી છે. આ સમયે 10 પશ્ચિમ બંગાળ અને 1 દાર્જિલિંગની યુવતીઓ પણ મળી આવી હતી. આ મામલે કપૂરાઈ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવીને વધુ તપાસ શરૂ કરી છે.

## ન્યૂઝ ફ્લેશ

### મોરબી-હળવદમાં ગોગો સ્ટિક, રોલિંગ પેપરનું વેચાણ : બે વેપારી સામે કાર્યવાહી

મોરબી | મોરબી અને હળવદમાં ગોગો સ્ટિક અને રોલિંગ પેપરના ગેરકાયદેસર વેચાણ સામે પોલીસે કાર્યવાહી કરી છે. બે અલગ-અલગ સ્થળોએ દરોડા પાડીને કુલ 65 ગોગો સ્ટિક અને 5 રોલિંગ પેપર જપ્ત કરવામાં આવ્યા હતા. આ મામલે બે વેપારીઓની ધરપકડ કરીને તેમની સામે ગુનો નોંધવામાં આવ્યો છે.

પ્રથમ ઘટનામાં, મોરબી-હળવદ હાઈવે પર નીચીમાંડલ ગામની સીમમાં આવેલા શિવ કોમ્પ્લેક્સમાં 'રાધે પાન' નામની દુકાનમાં ગેરકાયદેસર ગોગો સ્ટિક વેચાતી હોવાની માહિતી પોલીસને મળી હતી. આ માહિતીના આધારે પોલીસે દરોડો પાડ્યો હતો અને સ્થળ પરથી 35 નંગ ગોગો સ્ટિક મળી આવી હતી.

પોલીસે આરોપી વિપુલભાઈ વનજીભાઈ કૈલા (ઉંમર 35, રહે. ઉમા રેસીડેન્સી, ઘૂટું રોડ, મોરબી)ની ધરપકડ કરી હતી. તેમની સામે તાલુકા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધીને વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. બીજી ઘટનામાં, હળવદમાં SOG ટીમે મોરબી ચોકડી પાસે આવેલી 'કનૈયા પાન' નામની દુકાનમાં દરોડો પાડ્યો હતો. આ દરોડા દરમિયાન દુકાનમાંથી 30 નંગ ગોગો સ્ટિક અને 5 નંગ રોલિંગ પેપર મળી આવ્યા હતા.

પોલીસે નારણભાઈ દેવશીભાઈ હાડગળા (ઉંમર 35, રહે. મયુરનગર, તા. ધાંગધ્રા)ની ધરપકડ કરી હતી. તેમની સામે હળવદ તાલુકા પોલીસ સ્ટેશનમાં જાહેરનામા ભંગનો ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

### વેરાવળ બજારમાં દેવીપૂજકો વચ્ચે મારામારી, આધેડની હત્યા

ગીર સોમનાથ | વેરાવળ શહેરની મુખ્ય બજારમાં શાંતિપૂર્ણ ગણાતી વહેલી પરોઢે અચાનક લોહિયાળ ઘટના સર્જાતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી જવા પામી છે. સુભાષ રોડ પર દેવીપૂજકો વચ્ચે થયેલી તીવ્ર બોલાચાલી થોડા જ સમયમાં હિંસક અથડામણમાં ફેરવાઈ ગઈ અને તેમાં એક આધેડનું કરૂણ મોત નીપજ્યું.

આ ઘટનામાં વેરાવળ આવાસ કોલોનીમાં રહેતા 50 વર્ષીય પુનાભાઈ બાબુભાઈ સોલંકી પર પથ્થરથી હુમલો કરવામાં આવ્યો હતો. હાથ પગ સહિત શરીરના ભાગે ગંભીર ઈજા થતા તેઓ લોહીલુહાણ હાલતમાં ઢળી પડ્યા હતા. ઘટનાના પગલે સવારે આશરે 5:15 વાગ્યે 108 એમ્બ્યુલન્સ મારફતે બે ઈજાગ્રતને વેરાવળ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબોએ પુનાભાઈ સોલંકીને બચાવવાના પુરતા પ્રયાસો કર્યા, પરંતુ ગંભીર ઈજાના કારણે સારવાર દરમિયાન તેમનું મોત નિપજ્યું. પ્રાથમિક તપાસમાં ખુલ્યું છે કે મૃતક અને તેમના સાળા વચ્ચે કોઈ અંગત બાબતે બોલાચાલી થઈ હતી, જે બાદમાં મારામારીમાં પરિણમી. આ ઘટનામાં વેરાવળ મફતિયા પારા ખાતે રહેતા 30 વર્ષીય સંજય બધાભાઈ સોલંકી પણ ઈજાગ્રસ્ત થયા હોવાનું જાણવા મળ્યું છે. જો કે સંજયે પ્રાથમિક સારવાર લીધા બાદ હોસ્પિટલમાંથી ફરાર થવાનું પસંદ કરતા શંકાના વાદળો ઘેરાયા છે.

## 96 કલાકમાં ગુજરાતના બે PI લાંચ લેતા ઝડપાયા

# સુરતના કીમમાં હનીટ્રેપના ગુનામાં રૂ. 3 લાખ લેતો PI પ્રવિણસિંહ જાડેજા ઝડપાયો, મિલકતની તપાસ થશે

**ચાર દિવસમાં બે મોટી માછલીઓ ઝડપાઈ :** ઉલ્લેખનીય છે કે, 15મી ડિસેમ્બરના રોજ ગાંધીનગર CID ક્રાઈમના પીઆઈ પણ લાંચ લેતા ઝડપાયા હતા. આમ, માત્ર 96 કલાકની અંદર રાજ્યના બે મહત્વના વિભાગોમાં ફરજ બજાવતા પીઆઈ સ્તરના અધિકારીઓ લાંચ લેતા પકડાતા પોલીસની છબી ખરડાઈ છે. સુરત ગ્રામ્ય વિસ્તારમાં આ ઘટનાને પગલે અન્ય પોલીસ અધિકારીઓમાં પણ ફફડાટ વ્યાપી ગયો છે. એસીબીની આ કાર્યવાહી એ સાબિત કરે છે કે પોલીસ યુનિફોર્મની આડમાં ચાલતા ભ્રષ્ટાચારને હવે સહન કરવામાં આવશે નહીં.

સુરત | ગુજરાત પોલીસ વિભાગ માટે છેલ્લા ચાર દિવસ અત્યંત શરમજનક સાબિત થયા છે. રાજ્યમાં ભ્રષ્ટાચાર વિરોધી બ્યુરોએ આક્રમક વલણ અપનાવતા ટૂંકા ગાળામાં બે પોલીસ ઈન્સ્પેક્ટરને લાંચના છટકામાં ઝડપી લીધા છે. 15 ડિસેમ્બરે ગાંધીનગર CID ક્રાઈમના પીઆઈ ઝડપાયા બાદ, 18 ડિસેમ્બરને ગુરુવારે સુરત ગ્રામ્યના કીમ પોલીસ સ્ટેશનનો પીઆઈ પ્રવિણસિંહ જાડેજા 3 લાખની લાંચ લેતા રંગેહાથ પકડાઈ જતા સમગ્ર પોલીસ બેડામાં ચકચાર મચી ગઈ છે. એટલું જ નહિ પીઆઈ પ્રવિણસિંહ જાડેજા સંપતિની પણ તપાસ સુરત એસીબી કરશે.

ઘટનાની વિગત મુજબ, સુરતના કીમ પોલીસ મથકની હદમાં એક મહિના અગાઉ હનીટ્રેપની ચોંકાવનારી ઘટના બની હતી. જેમાં ત્રણ શખ્સોએ પોલીસની ખોટી ઓળખ આપી બે વેપારી પાસેથી 13 લાખ રૂપિયા પડાવ્યા હતા. આ કેસની તપાસ કીમ પીઆઈ પ્રવિણસિંહ હરનાથસિંહ જાડેજા કરી રહ્યા હતા.

તપાસ દરમિયાન ઝડપાયેલા આરોપીઓને જેલમાંથી વહેલી મુક્તિ અપાવવા અને ગુનામાં 'ગુજસીટોક' જેવી કડક કલમોનો ઉમેરો ન કરવા માટે પીઆઈ જાડેજાએ વકીલ ચિરાગ રમણીકભાઈ ગોંડલીયા મારફત આરોપીના ભાઈ પાસે 10 લાખ રૂપિયાની મસમોટી લાંચ માંગી હતી. એસીબીના આસિસ્ટન્ટ ડાયરેકર આર. આર. ચૌધરીએ જણાવ્યું હતું કે,



અમદાવાદ શહેર એસીબી ઈન્ચાર્જ મદદનીશ નિયામક ડી. એન. પટેલના માર્ગદર્શન હેઠળ મહિલા પીઆઈ વી. ડી. ચૌધરીએ કીમ પોલીસ સ્ટેશનના કમ્પાઉન્ડમાં જ છટકું ગોઠવ્યું હતું. વકીલ ચિરાગ ગોંડલીયા મારફત જ્યારે 3 લાખ રૂપિયા સ્વીકારવામાં આવ્યા, ત્યારે જ એસીબીએ પીઆઈ પ્રવિણસિંહ જાડેજા અને વકીલને ઝડપી લીધા હતા. પીઆઈ પ્રવિણસિંહ જાડેજા 2013માં પીએસઆઈ તરીકે પોલીસ વિભાગમાં ભરતી થયો હતો. તે હાલ કીમમાં પીઆઈ તરીકે ફરજ બજાવતો હતો. એસીબીની પ્રાથમિક તપાસમાં તેમની પાસેથી 90 હજારની જ્વેલરી મળી આવી છે. જોકે, એસીબીએ હવે આ મામલે વધુ આક્રમક તપાસ હાથ ધરી છે. પીઆઈના કીમ ખાતેના નિવાસસ્થાન અને તેમના વતન કચ્છ ખાતે સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે. તેમની અપ્રમાણસર મિલકતોની તપાસ કરવા માટે બેંક એકાઉન્ટ્સ અને અન્ય રોકાણોની વિગતો ખંગાળવામાં આવી રહી છે.

# ચોટીલાના નાયબ મામલતદાર પર હુમલાનો મામલો...!

(એજન્સી) અમરેલી | તા. 19

નાયબ મામલતદાર તરુણભાઈ દવે અને તેમની ટીમ પર ખનીજ માફિયા દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો. ગેરકાયદેસર ખનન પર દેખરેખ રાખતી વખતે આ ઘટના બની હતી. આ હુમલાના પગલે અમરેલી જિલ્લા મહેસુલી કર્મચારી મંડળમાં ભારે રોષ જોવા મળ્યો છે. મંડળે કલેક્ટરને આવેદનપત્ર સુપરત કરી કડક કાર્યવાહીની માંગ કરી છે. નાયબ મામલતદાર તરુણભાઈ દવે અને તેમની ટીમ ગેરકાયદેસર ખનન પ્રવૃત્તિઓ પર પેટ્રોલિંગ કરી રહી હતી. તે દરમિયાન અસામાજિક તત્વો દ્વારા તેમના પર હુમલો આવ્યો હતો. હુમલાખોરોએ સરકારી ફરજમાં અડચણ ઊભી કરી અને ધમકીઓ પણ આપી હતી, જેના કારણે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર સવાલો ઉભા થયા છે. અમરેલી જિલ્લા મહેસુલી કર્મચારી મંડળે કલેક્ટરને સુપરત કરેલા આવેદનપત્રમાં આઠ જેટલી મુખ્ય માંગણીઓ રજૂ કરી છે. જેમાં ઘટનાની તાત્કાલિક ઉચ્ચ સ્તરીય તપાસ, સંબંધિત કલમો હેઠળ પ્રાંત અધિકારી મારફત અલગ FIR નોંધાવવી અને હુમલામાં સંડોવાયેલા તમામ આરોપીઓની તાત્કાલિક ધરપકડનો સમાવેશ થાય છે. મંડળે ખનન માફિયાના વાહનો, મશીનરી અને અન્ય સાધનો જપ્ત કરવા, તેમના ગેરકાયદેસર ખાણકામના વ્યવસાયો તાત્કાલિક બંધ કરાવવા અને ગેરકાયદેસર ખનન પ્રવૃત્તિઓ સામે કડક અભિયાન ચલાવવાની પણ માંગ કરી છે.

# 31ST ડિસેમ્બર પર સુરત પોલીસનો માસ્ટર પ્લાન:ફાર્મ હાઉસની ખાનગી પાર્ટીઓ પર 'ડ્રોન'થી નજર રાખશે...

(એજન્સી) સુરત | તા. 19

વર્ષ 2025ને વિદાય આપવા અને નવા વર્ષ 2026ને આવકારવા માટે સુરત તૈયાર થઈ રહ્યું છે, ત્યારે બીજી તરફ સુરત પોલીસ પણ અસામાજિક તત્વો અને નશાના સોદાગરોને પકડવા માટે સજ્જ થઈ છે. સામાન્ય રીતે 31મી ડિસેમ્બરની રાત્રે દારૂની મહેફિલો પર પોલીસ ત્રાટકતી હોય છે, પરંતુ આ વર્ષે સુરત પોલીસનું ધ્યાન માત્ર દારૂ જ નહીં પણ 'હુક્કા પાર્ટી' પર પણ કેન્દ્રિત થયું છે. શહેરમાં વધી રહેલા હુક્કાના ક્રેઝ અને તેના કારણે બરબાદ થઈ રહેલા યુવાધનને બચાવવા સુરત સ્પેશિયલ ઓપરેશન ગ્રુપએ અત્યારથી જ કમરકસી છે.

સુરત શહેરની આસપાસ આવેલા લક્ઝરી ફાર્મ હાઉસો અને ઓપન પ્લોટમાં થતી ખાનગી પાર્ટીઓ પર આ વખતે પોલીસ ડ્રોન દ્વારા નજર રાખશે. જો તમે એમ વિચારતા હોવ કે ચારેય બાજુ ઊંચી દીવાલો કે જંગલ જેવા વિસ્તારમાં હુક્કાના ધુમાડા કાઢીને બચી જશો, તો તે તમારી ભૂલ હશે. પોલીસ કમિશનરની સૂચના મુજબ, શહેરના ડુમસ, વેસુ, અડાજણ અને હાઈવે પરના વિસ્તારોમાં ડ્રોન ઉડાવી ચેકિંગ કરવામાં આવશે. જ્યાં પણ હુક્કાના ચલણ જોવા મળશે ત્યાં તુરંત જ પોલીસની ટીમ રેડ પાડશે.

છેલ્લા ત્રણ દિવસથી સુરત SOG દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં સ્પેશિયલ ડ્રાઈવ ચલાવવામાં આવી રહી છે. પોલીસને બાતમી મળી હતી કે, કેટલીક દુકાનોમાં પ્રતિબંધિત હુક્કા અને વિદેશી તમાકુનું વેચાણ થઈ રહ્યું છે. આ ડ્રાઈવ દરમિયાન SOG એ 4 મોટી હુક્કા શોપ પર દરોડા પાડ્યા હતા. તપાસ દરમિયાન પોલીસને આશ્ચર્ય થયું હતું કે, આ દુકાનોમાંથી બિનહિસાબી અને ગેરકાયદેસર રીતે લાવવામાં આવેલો અંદાજે 18 લાખ રૂપિયાનો મુદ્દામાલ મળી આવ્યો છે.

આ હુક્કાઓ અને ફ્લેવર્સ મોટેભાગે મુંબઈ અને દિલ્હીના બજારોમાંથી લાવીને સુરતમાં વેચવામાં આવતા હતા. સૌથી ચોંકાવનારી બાબત એ છે કે, આ તમામ વેચાણ કોઈપણ પ્રકારના પાકા બિલ વગર કરવામાં આવતું હતું. જેને પગલે હવે પોલીસ જીએસટી અને આવકવેરા વિભાગને પણ જાણ કરવાની તૈયારી કરી રહી છે.

સ્પેશિયલ ઓપરેશન ગ્રુપના ડીસીપી રાજદીપસિંહ નકુમે જણાવ્યું હતું કે, શહેરનું યુવાધન વ્યસન તરફ ન વળે તે માટે પોલીસ સતર્ક છે. ખાસ કરીને જે રીતે 'ગોગો પેપર' વિરુદ્ધ અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું, તે જ રીતે હુક્કાનું વેચાણ ન થાય તે માટે પણ પોલીસ કાર્ય કરી રહી છે. હાલ ચાર જગ્યાએ તપાસ કરી મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે અને અલગ-અલગ ફ્લેવરના તમાકુના નમૂના એફ.એસ.એલ. (FSL) માં પણ મોકલવામાં આવ્યા છે. વિદેશી ભાષામાં લખેલા તમાકુના પેકેટો પણ મળી આવ્યા છે, જેની તપાસ ચાલુ છે. બિલ વગરના જેટલા પણ હુક્કા અને અન્ય પદાર્થો છે તેની તપાસ કરવામાં આવી રહી છે અને જી.એસ.ટી. તથા આવકવેરા વિભાગને પણ આ અંગે જાણ કરવામાં આવી શકે છે.

## આરોપીઓ 2013થી અત્યાર સુધીમાં હત્યા, લૂંટ, આર્મ્સ એક્ટ અને પ્રોહિબિશનના 17થી વધુ ગુનાઓમાં સંડોવાયેલા

# કુખ્યાત શિવા ટકલા ગેંગ પર ગુજસીટોકનો સકંજો

(એજન્સી) સુરત | તા 19

સુરત શહેરના ગોડાદરા વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાને પડકાર ફેંકનાર શિવા ટકલા ગેંગ વિરુદ્ધ સુરત પોલીસે મોટી કાર્યવાહી કરી છે. તાજેતરમાં થયેલા ડબલ મર્ડર અને અપહરણના ગંભીર ગુના બાદ, સુરત પોલીસે આ સંગઠિત ટોળકીના લીડર શિવાકાંત ઉર્ફે શિવા ટકલા અને તેના સાગરીતો વિરુદ્ધ ગુજસીટોક હેઠળ ગુનો નોંધી ગેંગના મૂળિયાં ઉખેડી નાખવાની કવાયત હાથ ધરી છે.

આ સમગ્ર કાર્યવાહીના પાયામાં ગત 3 ડિસેમ્બર 2025ના રોજ બનેલી એક ક્રૂર ઘટના છે. શિવા ટકલા અને તેની ગેંગે માત્ર 20,000 રૂપિયાની ખંડણી માટે નાઝીમ ઉર્ફે ભાંજા અને તેના સાથીઓ પર લોખંડના પાઈપ અને



લાકડાના ફટકા વડે ઘાતક હુમલો કર્યો હતો. આ હુમલામાં સોયેબ નામના યુવાનનું સ્થળ પર જ મોત થયું હતું, જ્યારે નાઝીમ અને ઈર્શાદનું અપહરણ કરી તેમને મહારાષ્ટ્ર તરફ લઈ જવામાં આવ્યા હતા. રસ્તામાં નાઝીમનું પણ કરુણ મોત નીપજતા આરોપીઓ તેની લાશ હોસ્પિટલ પાસે ફેંકીને ફરાર થઈ ગયા હતા.

પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે, શિવાકાંત લલન યાદવે આર્થિક રીતે સદ્ધર થવા માટે શિવા ટકલા ગેંગ નામની એક ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ સિન્ડિકેટ બનાવી હતી. આ ગેંગના સભ્યોમાં અમિત ઉર્ફે પ્રદ્યુમન યાદવ, આસીફ શેખ, જગદીશ મેવાડા, મેહુલ ખૈર, પવનકુમાર ચૌહાણ, બીપીન ગડરીયા અને શુભમ નાવીક જેવા રીઢા ગુનેગારોનો સમાવેશ થાય છે. આ ટોળકી ગોડાદરા વિસ્તારમાં ગેરકાયદે દારૂ, ખંડણી અને હત્યા જેવી પ્રવૃત્તિઓ દ્વારા લોકોમાં આતંક મચાવતી હતી.

મુખ્ય આરોપી શિવા ટકલાનો ગુનાહિત ઈતિહાસ અત્યંત ચોંકાવનારો છે. વર્ષ 2013થી અત્યાર સુધીમાં તેની વિરુદ્ધ હત્યા, હત્યાની કોશિશ, લૂંટ, આર્મ્સ એક્ટ અને પ્રોહિબિશનના 17થી વધુ ગુનાઓ નોંધાયેલા છે. તેની ક્રૂરતાનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે તે અગાઉ ચાર વખત પાસા (PASA) હેઠળ જેલવાસ ભોગવી ચુક્યો છે અને સુરતમાંથી તડીપાર થયા હોવા છતાં તેની ગુનાહિત પ્રવૃત્તિઓ ચાલુ રહી હતી. તેવી જ રીતે સહ-આરોપી અમિત યાદવ પણ હત્યાના કેસમાં સંડોવાયેલો છે અને પાસા ભોગવી ચૂક્યો છે.

ગોડાદરા ડબલ મર્ડર કેસના મુખ્ય આરોપી અને કુખ્યાત 'શિવા ટકલા ગેંગ'ના લીડર શિવાકાંત ઉર્ફે શિવા ટકલાને પકડવા ગયેલી પોલીસ પર આરોપીએ હુમલો કરવાનો પ્રયાસ કરતા, પોલીસે સ્વબચાવમાં ગોળીબાર કરવાની ફરજ પડી હતી.

# દીવના કેવડી ડાંગરવાડી રોડ પર સિંહ દેખાયો પશુનું મારણ કરનાર સિંહનું લોકેશન મેળવવા કવાયત...

(એજન્સી) ઉના | તા. 19

કેન્દ્રશાસિત પ્રદેશ દીવમાં ફરી એકવાર સિંહ દેખાયો છે. ગત રાત્રિના સમયે દીવના કેવડી ડાંગરવાડી રોડ પર સિંહના આંટાફેરા જોવા મળ્યા હતા. થોડા દિવસો પહેલા પણ દીવના પટેલવાડી વિસ્તારમાં સિંહે એક પશુનું મારણ કર્યું હતું.

ગત રાત્રિના સમયે મુખ્ય માર્ગ પર સિંહ આંટાફેરા કરતો જોવા મળ્યો હતો. આ સમયે ત્યાંથી પસાર થઈ રહેલા એક બાઈક ચાલકે પોતાના મોબાઈલ કેમેરામાં આ દ્રશ્ય કેદ કર્યું હતું.

સામાન્ય રીતે સિંહ જંગલ વિસ્તારની સરહદના ગામડાઓમાં જોવા મળતા હોય છે, પરંતુ હવે તેઓ પોતાનો વિસ્તાર દરિયાકાંઠા સુધી વધારી રહ્યા છે. થોડા દિવસો પૂર્વે પટેલવાડી વિસ્તારમાં સિંહે એક માલઢોરનું મારણ કર્યું હતું.

દીવમાં સિંહના વારંવાર દેખાવાથી સ્થાનિક લોકોમાં ભયનો માહોલ છે. વન વિભાગે



સિંહનું લોકેશન મેળવવા માટે કવાયત હાથ ધરી છે અને તેને સુરક્ષિત રીતે જંગલ વિસ્તારમાં પાછો મોકલવાના પ્રયાસો કરી રહ્યું છે.

દીવ, જે ઉનાથી નજીક આવેલું એક સુપ્રસિદ્ધ પ્રવાસન સ્થળ છે, ત્યાં સુધી સિંહ પહોંચી ગયા છે. ઉના નજીકના દરિયાકાંઠાના વિસ્તારોમાં સિંહ અવારનવાર જોવા મળે છે, જે દર્શાવે છે કે સિંહ હવે દરિયાકાંઠાના વિસ્તારોમાં પણ પોતાનો વસવાટ વધારી રહ્યા છે.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

કેટલીક મહત્વની યોજનાઓ અમલમાં મુકાશે જેને કારણે તમને નવો આર્થિક લાભ થશે. તમે જેને ઓળખો છો એવી કોઈ વ્યક્તિ આર્થિક બાબતને લઈને વધુ પડતી પ્રતિક્રિયા આપશે, જેને કારણે ઘરમાં બેચેનીનું વાતાવરણ જામશે.

**વૃષભ : બ. વ. ઉ.**

સ્વયં-સુધારણાના પ્રકલ્પો એક કરતાં વધારે રીતે ફાયદાકારક ઠરશે-તમને તમારી જાત માટે સારૂં લાગશે તથા તમારો આત્મવિશ્વાસ પણ વધશે. આજ ના દિવસે તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે સાથેજ તમને દાન-પુણ્ય પણ કરવું જોઈએ.

**મિથુન : ક. છ. ઘ.**

ઘરની બહારની પ્રવૃત્તિઓ તમને લાભ કરાવશે. કિલ્લા જેવી જીવનશૈલી તથા હંમેશાં સુરક્ષાની ચિંતા કરવી એ બાબત તમારી માનસિક તથા શારીરિક વિકાસ પર અસર કરશે. આ બાબત તમને નર્વસ કરી મુકશે.

**કર્ક : ડ. હ.**

તમારા આહારની યોગ્ય તકેદારી રાખવી ખાસ કરીને માઈગ્રેનના દરદીઓએ જેમણે તેમનું ભોજન મિસ ન કરવું જોઈએ કેમ કે એવું કરવાથી તેમના પર લાગણી સંબંધિત તાણ બિનજરૂરી રીતે આવી શકે છે.

**સિંહ : મ. ટ.**

અન્યો સાથે ખુશી વહેંચવાથી તમારા સ્વાસ્થ્યમાં સુધારો થશે. ઉતાવળા નિર્ણય લેતા નહીં- ખાસ કરીને ત્યારે તમે મહત્વના આર્થિક સોદા પાર પાડવાના હો. નિકટનું સ્વજન વધુ ધ્યાન માગી શકે છે.

**કન્યા : પ. ઠ. ણ.**

શારીરિક લાભ અને ખાસ કરીને માનસિક દ્રઢતા માટે ધ્યાન અને યોગ કરવાનું શરૂ કરો. તમારું ધન તમારા કામ માં ત્યારેજ આવી શકે છે જ્યારે તમે પોતાની ફિજૂલખર્ચી બંધ કરો. આ વાત તમને આજે સારી રીતે સમજ માં આવી શકે છે.

**તુલા : ર. ત.**

આપવાનો તમારો સ્વભાવ છૂપા આશીર્વાદ સમાન સાબિત થશે કેમ કે શંકા, નાહિંમત થવું, શ્રદ્ધાનો અભાવ,લાલચ, જોડાણ,અહંકાર તથા ઈર્ષા જેવા દુર્ગુણોથી તમને મુક્ત કરશે. ધન નું આવાગમન આજ ના સંપૂર્ણ દિવસ રહેશે.

**વૃશ્ચિક : ન. ય.**

તમારા વજન પર નજર રાખો અને વધુ પડતું ખાવાનું ટાળો. તમારું સંચિત ધન આજે તમારા કામ આવી શકે છે પરંતુ સાથે તમને આના જવા નું દુઃખ પણ થશે. પરિવારના સભ્ય ેતમારા જીવનમાં મહત્વનું સ્થાન ધરાવતા હશે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

આજે તમે પૈસા બચાવવા માટે પોતાના પરિવાર માં થી સલાહ લયી શકો છો અને તેને પોતાના જીવન માં સ્થાન પણ આપી શકો છો। એક સુંદર અને અદભુત સાંજ માટે મહેમાનો તમારા ઘરમાં ભીડ કરશે. તમારૂં કામ ઓછી મહત્વતા પ્રાપ્ત કરશે.

**મકર : ખ. જ.**

મોકળાશભર્યું મન અને કોઈના પણ પ્રત્યે પૂર્વગ્રહ ત્યજીને તમે તેમાંથી બહાર આવી શકો છો. જો તમે પરિણીત છો તો આજે પોતાના બાળકો નું વિશેષ ખ્યાલ રાખો કેમકે જો તમે આવું નહિ કરો તો તેમની તબિયત બગડી શકે છે અને તમને તેમના સ્વાથ્ય પર તમારે ઘણા પૈસા ખર્ચ કરવા પડી શકે છે.

**કુંભ : ગ. સ. શ. ષ.**

વધુ પડતી ચિંતા તથા તાણ હાઈપર-ટેન્શનનું કારણ બની શકે છે. તમે જો થોડા વધુ નાણાં મેળવવા માર્ગ શોધી રહ્યા હો તો-સુરક્ષિત આર્થિક યોજનાઓમાં રોકાણ કરો. તમારો વિનોદી સ્વભાવ તમારી આસપાસનું વાતાવરણ ઝળકાવશે.

**મીન : દ. ચ. ઝ. થ.**

તમારી સાચી ક્ષમતાને જાણો કેમ કે તમે દ્રઢતામાં નહીં પણ ઈચ્છાશક્તિમાં પાછળ પડો છો. જે વેપારી પોતાના વેપાર માટે ઘર થી ભાર જયી રહ્યા છે તે પોતાના ધન ને ખુબ સાચવી ને રાખો ધન ચોરી થવા ની શક્યતા છે.

## ધર્મ સાર

### પામોલની મંડળીના તમાકુના ગોડાઉનનો બારોબાર દસ્તાવેજ : ગ્રામ પંચાયતે નોંધ ના મંજૂર કરી



આણંદ: બોરસદના પામોલ ગામમાં ૩૫ વર્ષ જૂના તમાકુ સહકારી મંડળીના ગોડાઉનને આણંદ જિલ્લા રજિસ્ટારના ફડચા અધિકારી દ્વારા સબ રજિસ્ટ્રાર કચેરીએ વડોદરાના અંગત મળતિયાના નામે ૨૦૧૯માં દસ્તાવેજ કરી દેવામાં આવ્યો છે. બોરસદ ખેતીવાડી બેંકનું ૧. ૬૬ લાખનું દેવું બાકી હોવા છતાં દસ્તાવેજમાં બોજો દાખલ કરીને દસ્તાવેજ કરી દેવામાં આવ્યો છે. તેમજ શરત ફેર અને હેતુફેર કરવા માટે ગ્રામ પંચાયતની કોઈપણ પૂર્વ મંજૂરી વિના પોતાના અંગત મળતિયાઓને દસ્તાવેજ કરી આપ્યો હોવાથી દસ્તાવેજ રદ કરવા અને નોંધણી નહીં કરવા માટે લેખિત અરજી પણ ગ્રામ પંચાયત કરી હતી. દસ્તાવેજ રદ કરવા માટે બેંકના લીગલ વિભાગ સાથે સંકલન કરીને આગામી દિવસમાં નોટિસો આપવાની કામગીરી બેંક દ્વારા કરાશે. શરત ફેર અને હેતુફેર કરવા માટે ગ્રામ પંચાયતની કોઈપણ પૂર્વ મંજૂરી વિના મળતિયાઓને વેચાણ દસ્તાવેજ કરી અપાયો, દસ્તાવેજ રદ કરવા માટે બેંક કચેરીને નોટિસ અપાશે. બોરસદના પામોલ ગામમાં ૧૯૮૯ માં ખેડૂતોના વિકાસ માટે તમાકુ ફેડરેશનની રચના કરવામાં આવી હતી. પામોલ ગામના ખેડૂતોના કૃષિ ઉત્પાદન અને તમાકુના કામકાજ સંદર્ભે પામોલ પંચાયત પાસે જમીન માગવામાં આવી હતી. જે જમીનમાં ૧૯૯૮માં ૪૦૮.૧૭ ચોરસ મીટર બાંધકામ ગ્રામજનોએ લોક ભાગીદારીનો ફાળો ઉઘરાવીને કર્યું હતું અન તમાકુ ખરીદવા અને વેચવાનું કામ મંડળી દ્વારા શરૂ કરાયું હતું.

AAP પ્રદેશ મહામંત્રી રાકેશ હીરપરાની આગેવાનીમાં

# આમ આદમી પાર્ટી મોરચો લઈ જિલ્લા શિક્ષણાધિકારી કચેરી ગઈ

## શિક્ષણ વિભાગના અધિકારીઓની બોગસ સહીના આધારે કૌભાંડો ધ્યાને આવ્યાં

(એજન્સી) અમદાવાદ | તા.19

શિક્ષણ વિભાગના અધિકારીઓની બોગસ સહીના આધારે આચરાયેલા કૌભાંડો ધ્યાને આવતા આમ આદમી પાર્ટી પ્રદેશ મહામંત્રી રાકેશ હિરપરાની આગેવાનીમાં આમ આદમી પાર્ટી દ્વારા આજરોજ સુરત જીલ્લા શિક્ષણાધિકારી કચેરી ખાતે મોરચો લઈ જવામાં આવ્યો હતો. શહેર પ્રમુખ ધર્મેશ ભંડેરી, સુરત લોકસભા ઈન્ચાર્જ રજનીકાંત વાઘાણી, AAP કોર્પોરેટરો સહિત મોટી સંખ્યામાં આમ આદમી પાર્ટીના નેતાઓ અને કાર્યકરો આ આવેદન પાઠવવા હાજર રહ્યાં હતાં.

શિક્ષણ વિભાગના અધિકારીઓની બોગસ સહીના આધારે આચરાયેલા કૌભાંડો અને ગેરરીતિ કરતી પ્રાઈવેટ શાળાઓની માહિતી આપવા બાબતે લખેલા પત્રમાં રાકેશ હિરપરાએ જણાવ્યું હતું કે થોડા દિવસો પહેલા સમાચાર માધ્યમો દ્વારા જાણવા મળેલ છે કે શિક્ષણ વિભાગના કેટલા કર્મચારીઓ અને કેટલાક દલાલોએ મળીને ભૂતકાળમાં શિક્ષણ વિભાગના ઉચ્ચ અધિકારીઓની બોગસ સહીઓ કરીને સુરત શહેર અને જીલ્લામાં અનેક પ્રકારની ગેરરીતિઓ આચરેલ છે.



## અલિયાબાડા નવોદય વિદ્યાલયમાં વિજ્ઞાનનો મહારકુંભ: કલેક્ટર કેતન ઠક્કરે નિહાળ્યું વિદ્યાર્થીઓનું 'રોબોટિક કૌશલ્ય'

વિશાલ જે હરવરા | જામનગર

જામનગર (અલિયાબાડા): જામનગર જિલ્લાના અલિયાબાડા સ્થિત પીએમ શ્રી જવાહર નવોદય વિદ્યાલયના આંગણે આજે જ્ઞાન અને વિજ્ઞાનનો અનોખો સંગમ જોવા મળ્યો હતો. વિદ્યાલય મેનેજમેન્ટ કમિટીના ચેરમેન અને જિલ્લા કલેક્ટર કેતન ઠક્કરના અધ્યક્ષસ્થાને યોજાયેલા ભવ્ય 'ગણિત-વિજ્ઞાન પ્રદર્શન'માં વિદ્યાર્થીઓએ પોતાની અદભૂત પ્રતિભાનો પરિચય આપ્યો હતો. ૧૫૦ થી વધુ વિદ્યાર્થીઓએ મળીને કુલ ૭૭ જેટલા પ્રોજેક્ટ્સ દ્વારા સાબિત કરી દીધું કે જો યોગ્ય પ્લેટફોર્મ મળે તો સરકારી શાળાના બાળકો પણ રોબોટિક્સ અને ઈલેક્ટ્રોનિક્સ ક્ષેત્રે દુનિયા જીતી શકે છે.વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિઝન મુજબ કાર્યરત 'અટલ ટિંકરિંગ લેબ' આ પ્રદર્શનનું મુખ્ય પ્રેરણારૂપ બળ સાબિત થઈ હતી. વિદ્યાર્થીઓએ આર્ડીનો બોર્ડ અને હાઈ-ટેક સેન્સર્સનો ઉપયોગ કરીને તૈયાર કરેલા ઈલેક્ટ્રોનિક્સ અને રોબોટિક પ્રોજેક્ટ્સ નિહાળીને કલેક્ટર કેતન ઠક્કર પણ પ્રભાવિત થયા હતા. ખાસ કરીને વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ 'રોબોટિક બેન્ડ'ની પ્રશંસા કરતા કલેક્ટરે જણાવ્યું હતું કે, 'આ પ્રોજેક્ટ્સ વિદ્યાર્થીઓની માત્ર મહેનત નહીં પણ તેમની વૈજ્ઞાનિક દ્રષ્ટિ અને ભવિષ્યની તૈયારી દર્શાવે છે.'તજજ્ઞોનું માર્ગદર્શન અને સામુદાયિક જોડાણ આ પ્રદર્શનમાં સૈનિક સ્કૂલ બાલાચડી, દિલ્હી પબ્લિક સ્કૂલ (DPS) અને કેન્દ્રીય વિદ્યાલય જેવી પ્રતિષ્ઠિત સંસ્થાઓના નિષ્ણાત શિક્ષકોએ નિર્ણાયક તરીકે સેવા આપી હતી.

ચેકો બાઉન્સ

## જામનગરના ઓમ ટ્રેડિંગના સંચાલકને ત્રણ ચેક રીટર્ન કેસમાં 2-2 વર્ષની જેલ

જામનગર : મ્યુનિસીપાલ કોર્પોરેશનમાં ફરજ બજાવતા સુનિલ વસંતભાઈ વાઘેલા પાસેથી તેના મિત્ર અને ઓમ ટ્રેડિંગના નામથી નીઓ સ્ક્વેરમાં શેર બજારને લગત ધંધો કરતાં હિરેન મહેન્દ્રભાઈ ધબ્બાએ કુલ રૂ.24,25,000/- રૂપિયા ચોવીસ લાખ પચ્ચીસ હજાર હાથ-ઉછીના મેળવેલ જે રકમની ચુકવણી કરવા હિરેન ધબ્બાએ અલગ-અલગ બેંકના અલગ-અલગ તારીખના ચેકો આપેલા જે ચેકો બાઉન્સ થતાં સુનિલ વાઘેલાએ તેમના વકીલ મારફત નોટીસ આપી 15 દિવસમાં લેણી રકમ ચૂકવી આપવા નોટિસ પાઠવી હતી. ત્રણ ફરીયાદો દાખલ કરેલ જે ત્રણેય ફરીયાદો જામનગરના એડી.ચીફ જ્યુડિ. મેજી. લાલવાણીની કોર્ટમાં ચાલી જતાં ફરીયાદી તરફે રજૂ થયેલ મૌખિક દસ્તાવેજી પુરાવો ધ્યાને લઈ તથા ફરીયાદ પક્ષની વિસ્તૃત દલીલ ધ્યાને લઈ આરોપી વિરુદ્ધનો કેસ પુરવાર માની આરોપી હિરેન મહેન્દ્રભાઈ ધબ્બાને ત્રણેય અલગ-અલગ કેસમાં 2-2 વર્ષની સજા ચૂકવવા હુકમ કર્યો છે.

### જામનગર જીલ્લાના ધ્રોલ પોલીસ સ્ટેશનના અપહરણના ગુન્હામાં 7 વર્ષથી નાસતા-ફરતા આરોપીને ઝડપી લેવાયો

જામનગર : જામનગરની પેરોલ ફર્લો સ્ક્વોડના પોલીસ સબ ઈન્સપેક્ટર તથા ઈન્ચાર્જ પોલીસ સબ ઈન્સપેક્ટર તથા સ્ટાફના માણસો નાસતા ફરતા ગુનેગારોને શોધી કાઢવા વર્કઆઉટ કરી રહ્યા હતા. દરમ્યાન સ્ટાફને બાતમી મળી હતી કે જામનગર જિલ્લાના ધ્રોલ પોલીસ સ્ટેશનમાં સાત વર્ષ પહેલા અપહરણ અંગે ફરિયાદ નોંધાઈ હતી. જે ગુન્હામાં નાસતા-ફરતા આરોપી સંજયભાઈ કિશોરભાઈ મકવાણા તપાસ કરતા આરોપીને રાજકોટથી ઝડપી લીધો હતો. અને ધ્રોલ પોલીસ સ્ટેશનમાં સોંપી આપ્યો હતો.

ડિગ્રી વગર દવાખાનું

## ગામડી ગામે ડિગ્રી વગરનો વધુ એક બોગસ ડોક્ટર પકડાયો

આણંદ: આણંદના ગામડી ગામે ડિગ્રી વગર ક્લિનિક ચલાવતો બોગસ ડોક્ટર પકડાયો હતો. પોલીસે વિવિધ પ્રકારની દવાઓ, મેડિકલના સાધનો સહિત ૨૮.૩૨૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. તાલુકાના ગામડી ગામના ઈસ્માઈલનગરમાં ગલી નં. ૮ સામે પુજા ક્લિનિકમાં પ્રકાશ બાલા નામનો બંગાળનો વ્યકિત ડિગ્રી વગર દવાખાનું ચલાવતો હોવાની બાતમીના આધારે રેડ કરવામાં આવી હતી અને ક્લિનિકમાં હાજર પ્રકાશ પ્રમાર્થ બાલા ( ઉ.વ. ૫૦,રહે. ગામ પરઘનબેડીયા પો. સ્ટ બૈરામપુર, તા. બંનગાવ, જિ. ઉત્તર ૨૪ પરગણા, વેસ્ટ બંગાલ, હાલ રહે. આણંદ) હોવાનું સામે આવ્યું હતું. આ પ્રકાશ બાલા પાસે ડિગ્રી અને ગુજરાત મેડિકલ કાઉન્સિલિંગનું રજિસ્ટ્રેશન કે ડિગ્રી ન હોવાનું સામે આવ્યું છે. ક્લિનિકમાંથી વિવિદ પ્રકારની દવાઓ, મેડિકલના સાધન સામગ્રી, મોબાઈલ, રોકડ સહિતનો મુદ્દામાલ જપ્ત કરાયો છે.

આંગણવાડીનું કામ તાત્કાલિક પૂર્ણ કરવામાં આવે

## ગુજરાતમાં વિકાસના દાવા વચ્ચે વરવી વાસ્તવિકતા, નસવાડીમાં ભૂલકાં ઝૂંપડામાં ભણવા મજબૂર





(એજન્સી) જેમલગઢ | તા.19

ગુજરાતમાં જ્યારે સ્માર્ટ ક્લાસ અને હાઈટેક શિક્ષણની વાતો થઈ રહી છે, ત્યારે છોટાઉદેપુર જિલ્લાના નસવાડી તાલુકાના જેમલગઢ ગામે વિકાસની પોલ ખોલી નાખી છે. અહીંના આલિયાઘોડા ફળીયામાં ભૂલકાંઓ એક એવા કાચા અને જર્જરિત મકાનમાં બેસે છે, જે ગમે ત્યારે ધરાશાયી થઈ શકે છે. નવાઈની વાત તો એ છે કે, નવી આંગણવાડીનું નિર્માણ કાર્ય છેલ્લા 13 વર્ષથી ચાલી રહ્યું હોવા છતાં હજુ સુધી પૂર્ણ થયું નથી.

જેમલગઢ ગામની આ આંગણવાડીના દ્રશ્યો હૃદયદ્રાવક છે. બાળકો જે કાચા મકાનમાં બેસે છે તેની દીવાલોમાં તિરાડો પડી ગઈ છે અને ઉપરની છતના લાકડા સડી ગયા છે. વાલીઓનો આક્ષેપ છે કે ચોમાસામાં છત પરથી પાણી ટપકે છે, જેના કારણે બાળકોને બેસાડવા અશક્ય બને છે. ઠંડી અને અસહ્ય ગરમીમાં પણ આ ખુલ્લા અને કાચા મકાનમાં બાળકોની હાલત દયનીય બની જાય છે. પોતાના બાળકોને આંગણવાડીએ મોકલતા વાલીઓ સતત ડર અનુભવે છે કે ક્યાંક કોઈ મોટી હોનારત ન સર્જાય.આ ગંભીર મુદ્દે જ્યારે આંગણવાડી અધિકારીનો સંપર્ક કરવામાં આવ્યો, ત્યારે તેમણે આપેલું નિવેદન ચોંકાવનારું હતું. અધિકારીના જણાવ્યા કે, '2011મા મંજૂર થયેલ જેનું 2012થી કામ ચાલુ છે. જેની કામગીરી હાલ પણ ચાલુ છે અને 20 ટકા બાકી છે. હવે વિચારો કે અધિકારી જ જનાવી રહ્યા છે કે 13 વર્ષથી કામગીરી ચાલી રહી છે. હવે કેટલા વર્ષો નીકળશે તે આવનારો સમય બતાવશે.સવાલ એ ઊભો થાય છે કે એક નાની આંગણવાડી બનાવવામાં 13 વર્ષ જેટલો લાંબો સમય કેમ લાગે? શું તંત્ર કોઈ મોટી દુર્ઘટનાની રાહ જોઈ રહ્યું છે? ગ્રામજનો અને વાલીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. તેમનું કહેવું છે કે શહેરી વિસ્તારોમાં હાઈફાઈ અને સુવિધાજનક આંગણવાડીઓ બને છે, પરંતુ અંતરિયાળ આદિવાસી વિસ્તારોના બાળકો માટે સુવિધા કેમ નહીં? શું આ બાળકો ગુજરાતના વિકાસનો હિસ્સો નથી? વાલીઓ અને ગ્રામજનો એક જ માંગ કરી રહ્યા છે કે, વર્ષોથી અધૂરું પડેલું આંગણવાડીનું કામ તાત્કાલિક પૂર્ણ કરવામાં આવે અને બાળકોને સુરક્ષિત અને સુવિધાજનક ભવન મળે.

## બનાસકાંઠામાં લોકશાહીનું શુદ્ધિકરણ: ૯ વિધાનસભાની ડ્રાફ્ટ મતદાર યાદી પ્રસિદ્ધ

મહેશ સોલંકી | પાલનપુર : ભારતના ચૂંટણી પંચના આદેશાનુસાર, બનાસકાંઠા જિલ્લામાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ તેના નિર્ણાયક તબક્કે પહોંચી છે. જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર મિહિર પટેલના માર્ગદર્શન હેઠળ બનાસકાંઠા અને વાવ-થરાદ જિલ્લાની કુલ ૯ વિધાનસભા બેઠકો માટેની ડ્રાફ્ટ મતદાર યાદી (મુસદ્દા યાદી) વિધિવત રીતે પ્રસિદ્ધ કરવામાં આવી છે. ૧૦૦ ટકા ડિજિટાઈઝેશન સાથે તૈયાર થયેલી આ યાદીમાં અનેક સુધારા-વધારા કરવામાં આવ્યા છે.જિલ્લા કલેક્ટર મિહિર પટેલે વિગતો આપતા જણાવ્યું કે, બનાસકાંઠા અને વાવ-થરાદ જિલ્લામાં અગાઉ કુલ ૨૬,૨૪,૯૫૨ મતદારો નોંધાયેલા હતા.

## વાવ-થરાદના વિકાસને મળશે નવી ગતિ: કલેક્ટર જે.એસ. પ્રજાપતિના અધ્યક્ષસ્થાને સંકલન બેઠક યોજાઈ

મહેશ સોલંકી | પાલનપુર : નવનિર્મિત વાવ-થરાદ જિલ્લાના વહીવટીતંત્રને વધુ વેગવંતું બનાવવા અને પ્રજાલક્ષી પ્રશ્નોના ત્વરિત ઉકેલ માટે આજે થરાદ કલેક્ટર કચેરી ખાતે એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ હતી. જિલ્લા કલેક્ટર જે.એસ. પ્રજાપતિના અધ્યક્ષસ્થાને મળેલી આ જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠકમાં જિલ્લાના તમામ વિભાગોના અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકનો મુખ્ય સૂર જિલ્લાના વિકાસ કાર્યોમાં ગતિ લાવવી અને સરકારી યોજનાઓનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચાડવાનો હતો.વિકાસ કાર્યો અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ધ્યાન બેઠક દરમિયાન કલેક્ટરશ્રીએ વાવ-થરાદ જિલ્લામાં ચાલી રહેલા અને આગામી સમયમાં આયોજિત નવીન ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સની સમીક્ષા કરી હતી.

## સ્વસ્થ બનાસકાંઠાનો સંકલ્પ: પાલનપુરમાં યોજાઈ જિલ્લાની પ્રથમ ઐતિહાસિક 'સ્વાસ્થ્ય પરિષદ'

મહેશ સોલંકી | પાલનપુર : બનાસકાંઠા જિલ્લાના આરોગ્ય માળખાને વધુ સુદ્રઢ અને લોકલક્ષી બનાવવાના હેતુથી પાલનપુર ખાતે એક અભૂતપૂર્વ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ તથા સ્ટેટ હેલ્થ સિસ્ટમ રિસોર્સ સેન્ટરના સંયુક્ત ઉપક્રમે જિલ્લાની પ્રથમ 'સ્વાસ્થ્ય પરિષદ' યોજાઈ હતી. આ પરિષદનો મુખ્ય ઉદ્દેશ્ય જિલ્લાની વિશિષ્ટ આરોગ્ય સમસ્યાઓ પર વિવિધ હિતધારકો સાથે સીધી ચર્ચા કરી, તેના કાયમી નિરાકરણ માટે ભલામણો મેળવવાનો હતો.ગંભીર બીમારીઓ અને સેવાઓના વ્યાપ પર મંથન આ સ્વાસ્થ્ય પરિષદ દરમિયાન માતૃ અને બાળ કલ્યાણ, કુપોષણ જેવી પાયાની સમસ્યાઓ ઉપરાંત કેન્સર અને ક્ષય (TB) જેવા ગંભીર રોગો પર અસરકારક કામગીરી કરવા માટે પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યા હતા.

## બનાસકાંઠામાં સુશાસનની મહેક: આયુષ્માન કાર્ડ ગરીબો માટે બન્યું 'સંજીવની', અઢી વર્ષમાં ₹૩૮૨ કરોડની સારવાર

પાલનપુર: ભારતના પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીના 'સુશાસન'ના સિદ્ધાંતને ચરિતાર્થ કરતી આયુષ્માન ભારત - પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (AB-PMJAY) બનાસકાંઠા જિલ્લાના લાખો પરિવારો માટે આશાનું કિરણ બનીને ઉભરી છે. ૨૫ ડિસેમ્બર 'સુશાસન દિવસ'ની ઉજવણી પૂર્વે જિલ્લાના આરોગ્ય ક્ષેત્રના આંકડાઓ સાક્ષી પૂરે છે કે, છેલ્લા અઢી વર્ષમાં સરકારે બનાસકાંઠાના ગરીબ અને મધ્યમ વર્ગના નાગરિકોની સારવાર પાછળ કુલ ૩૮૨.૩૯ કરોડ રૂપિયા ખર્ચ્યા છે. આ યોજનાથી હજારો પરિવારો દેવાના બોજમાંથી બચ્યા છે.
આંકડાકીય સિદ્ધિ: અઢી વર્ષનું સરવૈયું બનાસકાંઠા જિલ્લાના RCHO ડૉ. બ્રિજેશ વ્યાસના જણાવ્યા અનુસાર, આ યોજના એક સંપૂર્ણ કેસલેસ વ્યવસ્થા છે જે સરકારી અને ખાનગી એમ બંને પ્રકારની હોસ્પિટલોમાં ઉપલબ્ધ છે. જિલ્લામાં આંકડાકીય પ્રગતિ નીચે મુજબ રહી છે:

## વાપીમાં 'આપ'નો શંખનાદ: ઈસુદાન ગઢવીએ ભાજપના 'ત્રિપલ એન્જિન'ને ગણાવ્યું ફેલ

વાપી: વાપી મહાનગરપાલિકાની આગામી ચૂંટણીને લઈને આમ આદમી પાર્ટીએ અત્યારથી જ આક્રમક પ્રચારનો પ્રારંભ કરી દીધો છે. આજે વાપી ખાતે પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી અને દક્ષિણ ઝોન પ્રમુખ રામ ધડુકની અધ્યક્ષતામાં મળેલી મહત્વની સમીક્ષા બેઠકમાં ભાજપ સરકાર પર આકરા પ્રહારો કરવામાં આવ્યા હતા. ઈસુદાન ગઢવીએ મીડિયા સમક્ષ ભાજપના શાસનને 'નિષ્ફળ એન્જિન' ગણાવતા કહ્યું કે, ૩૦ વર્ષના શાસન પછી પણ જો વાપીના લોકોને શુદ્ધ પાણી અને હવા ન મળતી હોય, તો હવે પરિવર્તન અનિવાર્ય છે.ભ્રષ્ટાચાર અને પાયાની સુવિધાઓનો મુદ્દો ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે, વાપીમાં ભાજપનું ત્રિપલ એન્જિન હવે ખાડે ગયું છે. ૭૦૦ કરોડના બજેટ છતાં શહેરના રસ્તા, ડ્રેનેજ અને ટ્રાફિકની સમસ્યા ઠેરની ઠેર છે. તેમણે ટેન્કર માફિયાઓ અને અધૂરા બ્રિજની કામગીરી પર નિશાન સાધતા કહ્યું કે, 'ભાજપ જનતાના પૈસા પોતાના ઘરે લઈ જાય છે અને લોકોને પ્રદૂષિત વાતાવરણમાં મરવા માટે છોડી દે છે.

## ચાણસ્માના માર્ગો પર પોલીસનું મેગા ફૂટ પેટ્રોલિંગ: DySP ની હાજરીમાં ટ્રાફિક નડતરરૂપ તત્વો સામે લાલ આંખ

નીતિન ઠાકર | ચાણસ્મા : ચાણસ્મા નગરમાં દિન-પ્રતિદિન વધતી જતી ટ્રાફિકની સમસ્યા અને આડેધડ થતા દબાણોને દૂર કરવા માટે આજે પોલીસ તંત્ર અત્યંત આક્રમક મૂડમાં જોવા મળ્યું હતું. ડીવાયએસપી ડી.ડી. ચૌધરીના સીધા માર્ગદર્શન અને ઉપસ્થિતિમાં ચાણસ્મા પોલીસ દ્વારા નગરના મુખ્ય માર્ગો પર ભવ્ય ફૂટ પેટ્રોલિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કામગીરીમાં ચાણસ્મા પી.આઈ. આર.એચ. સોલંકી સહિતનો પોલીસ કાફલો જોડાતા નગરના માર્ગો પર શિસ્તનો માહોલ જોવા મળ્યો હતો.બજારના મુખ્ય માર્ગો પર પોલીસની તવાઈ પોલીસ મથકથી શરૂ થયેલું આ ફૂટ પેટ્રોલિંગ બસ સ્ટેશન, હાઈવે સર્કલ, પાંજરાપોળ રોડ થઈને સરદાર ચોક સુધી પહોંચ્યું હતું. આ દરમિયાન રસ્તા પર અડચણરૂપ રીતે પાર્ક કરેલા ખાનગી વાહનો તેમજ રોડની બંને તરફ દબાણ કરતી શાકભાજીની રેકડીઓ અને લારી ધારકો સામે પોલીસે લાલ આંખ કરી હતી.

૪૦૦ દૂધ મંડળીઓનું યોગદાન ગ્રામ્ય સ્તરે રંગ લાવ્યું

# ખેડા દૂધ દાન અભિયાન માં પશુપાલકોએ વહાવી હેતની સરવાણી

(એજન્સી) ખેડા | તા.19

ખેડા જિલ્લામાં માનવતા અને સેવાનો એક અનોખો સંગમ જોવા મળી રહ્યો છે. ખેડા દૂધ દાન અભિયાન હેઠળ જિલ્લાના પશુપાલકોએ કુપોષણ સામે જંગ છેડ્યો છે. 'આશીર્વાદ પાત્ર દૂધ' અર્પણ કરવાના આ ભગીરથ કાર્યમાં જિલ્લાની ૪૦૦ જેટલી દૂધ મંડળીઓ સક્રિયપણે જોડાઈ છે. અત્યાર સુધીમાં હજારો પશુપાલકોના સહયોગથી કુલ ૮,૫૫૧ લિટર દૂધનું દાન એકત્રિત કરવામાં આવ્યું છે, જેનો સીધો લાભ જિલ્લાના ૩,૦૦૦થી વધુ કુપોષિત બાળકોને મળી રહ્યો છે. આ અભિયાન માત્ર દૂધનું વિતરણ નથી, પરંતુ આવતીકાલના નાગરિકોને સશક્ત બનાવવાનું એક મિશન બની ગયું છે.પશુપાલકોની ઉદારતા અને પોષણનું અમૃત ખેડા જિલ્લામાં ગત ૧૪ નવેમ્બરથી આ વિશેષ ઝુંબેશનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ અભિયાનની સૌથી સુંદર બાબત એ છે કે જ્યારે



પશુપાલકો ડેરી પર દૂધ જમા કરાવવા આવે છે, ત્યારે તેઓ પોતાની સ્વેચ્છાએ ૫૦ મિલી, ૧૦૦ મિલી કે તેથી વધુ દૂધ અલગથી દાન કરે છે. આ 'આશીર્વાદ પાત્ર દૂધ' ને એકત્રિત કરી સીધું જ ગામની આંગણવાડીઓ સુધી પહોંચાડવામાં આવે છે. ૪૦૦ દૂધ મંડળીઓનું યોગદાન આ પ્રક્રિયામાં કરોડરજ્જુ સમાન સાબિત થઈ રહ્યું છે. કુપોષિત બાળકો માટે સુપોષણ સુનિશ્ચિત કરવા માટે આ તાજું અને પૌષ્ટિક દૂધ આશીર્વાદરૂપ બની રહ્યું છે.

સાત તાલુકાઓમાં વ્યાપક જનપ્રતિસાદ અત્યાર સુધીમાં ખેડા જિલ્લાના માતર, નડિયાદ, વસો, મહેમદાવાદ, કઠલાલ, ગળતેશ્વર અને ઠાસરા તાલુકાની મંડળીઓ આ સેવાયજ્ઞમાં જોડાઈ ચૂકી છે. આ અભિયાનને સફળ બનાવવા માટે ૨૫,૦૦૦થી વધુ કર્મયોગીઓ 'પોષણ મિત્ર' બનીને ખડેપગે સેવા આપી રહ્યા છે. ગ્રામ્ય કક્ષાએ સરપંચ, તલાટી અને શિક્ષકો પણ આ કડીમાં જોડાઈને દૂધનું વિતરણ પારદર્શક રીતે થાય તેની તકેદારી રાખી રહ્યા છે. મીડિયા અહેવાલ મુજબ, આગામી દિવસોમાં ખેડા, કપડવંજ અને મહુધા તાલુકાના બાકી રહેલા વિસ્તારોને પણ આ યોજનામાં આવરી લેવાની વહીવટી તંત્રની નેમ છે.કુપોષણ મુક્ત ખેડા જિલ્લાનો સંકલ્પ ખેડા દૂધ દાન અભિયાન નું મુખ્ય લક્ષ્ય કુપોષિત બાળકોને સુપોષિત બનાવવાનું છે. ખેડા જિલ્લો કુપોષણ મુક્ત જાહેર થવા તરફ અગ્રેસર બનશે.

ખાનગી ડ્રાઈવરો વસૂલે છે 'એન્ટ્રી ફી

## વઘઈ ચેકપોસ્ટ પર RTOનું 'ઉઘરાણી સેન્ટર': ખાખીના ઓથા હેઠળ ખાનગી ડ્રાઈવરોની ખુલ્લેઆમ લૂંટ

સુશીલ પવાર | ડાંગ : ડાંગ જિલ્લાના પ્રવેશદ્વાર સમાન વઘઈ ફોરેસ્ટ ચેકપોસ્ટ અત્યારે ભ્રષ્ટાચારના એપીસેન્ટર તરીકે ઉભરી રહી છે. RTO ઈન્સ્પેક્ટરો અને તેમના દ્વારા રખાયેલા ખાનગી ડ્રાઈવરોની મિલીભગતથી અહીં પસાર થતા વાહનચાલકો પાસેથી ગેરકાયદે ઉઘરાણીનો જે ખેલ ચાલી રહ્યો છે, તેણે સમગ્ર જિલ્લાના વહીવટી તંત્રને શરમજનક સ્થિતિમાં મૂકી દીધું છે. ચેકિંગના બહાને ટ્રક ચાલકોને રજળાવવા અને પછી 'સેટલમેન્ટ'ના નામે નાણાં ખંખેરવાનો વ્યવસ્થિત સિન્ડિકેટ અહીં સક્રિય થયો હોવાની ગંભીર ફરિયાદો ઉઠી છે.

સૂત્રો પાસેથી મળતી ચોંકાવનારી વિગતો મુજબ, RTOના સત્તાવાર અધિકારીઓ ટેબલ પાછળ બેસી રહે છે અને તેમના દ્વારા રાખવામાં આવેલા ખાનગી માણસો કે ડ્રાઈવરો રસ્તા પર આવીને ટ્રકો અટકાવે છે. નવાઈની વાત એ છે કે, ટ્રક ચાલક પાસે પરમિટ, લાયસન્સ અને ફિટનેસના તમામ કાગળો હોવા છતાં, ટાયર કે લાઈટ જેવી ક્ષુલ્ક બાબતોના બહાને મેમો આપવાની ધમકી આપી નાણાં માંગવામાં આવે છે. એક પીડિત ડ્રાઈવરે પોતાનું નામ ન આપવાની શરતે જણાવ્યું કે, 'અહીં કાગળો નહીં પણ કડક નોટો બોલે છે. જો પૈસા ન આપીએ તો કલાકો સુધી ઉભા રાખીને હેરાન કરવામાં આવે છે.'

## વૈશ્વિક બજારો પર અસર થી રોકાણકારોમાં ચિંતાનો માહોલ

# જાપાન વ્યાજદર રેકોર્ડ વધારો 30 વર્ષનો રેકોર્ડ તૂટી ગયો

(એજન્સી) ટોક્યો | તા. 19

વૈશ્વિક અર્થતંત્રના સૌથી શક્તિશાળી સ્તંભ ગણાતા દેશમાંથી આજે આંચકાજનક સમાચાર આવ્યા છે. જાપાન વ્યાજદર રેકોર્ડ વધારો કરવાની જાહેરાત સાથે જ સમગ્ર વિશ્વના નાણાકીય બજારોમાં હલચલ મચી ગઈ છે. જાપાનની સેન્ટ્રલ બેંકે દાયકાઓ જૂની પોતાની નરમ નીતિનો ત્યાગ કરીને વ્યાજદરમાં ધરખમ વધારો કર્યો છે. આ નિર્ણય માત્ર જાપાન માટે જ નહીં, પરંતુ ભારત સહિત દુનિયાભરના શેરબજારો માટે અત્યંત મહત્વપૂર્ણ સાબિત થવાનો છે. ૩૦ વર્ષ બાદ લેવાયેલા આ આકરા પગલાથી સસ્તી લોન મેળવવાનો યુગ હવે ઈતિહાસ બની ગયો છે.'ઝીરો પર્સેન્ટ' વ્યાજની નીતિનો અંત બેંક ઓફ જાપાન ઐતિહાસિક નિર્ણય લેતા વ્યાજદરમાં પા ટકા (૦.૨૫%) નો વધારો કરીને તેને ૦.૭૫% ના સ્તરે પહોંચાડી દીધો છે. વર્ષ ૧૯૯૫ પછી જાપાનમાં વ્યાજદરોનો આ સર્વોચ્ચ આંકડો છે. ગવર્નર કાઝુઓ ઉએદાના નેતૃત્વમાં લેવાયેલા આ સાહસિક પગલાથી જાપાનમાં દાયકાઓથી ચાલી આવતી 'ઝીરો પર્સેન્ટ' વ્યાજની નીતિનો સત્તાવાર અંત આવ્યો છે. અત્યાર સુધી જાપાનમાં લોન લેવી વિશ્વમાં સૌથી સસ્તી હતી, પરંતુ હવે ઉધાર લેવાની પડતર કિંમતમાં મોટો વધારો જોવા મળશે.મોંઘવારીને ડામવા વડાપ્રધાનનો માસ્ટરસ્ટ્રોક જાપાનમાં છેલ્લા કેટલાક સમયથી મોંઘવારીનો આંકડો સતત વધી રહ્યો છે. વડાપ્રધાન સનાએ તાકાઈચીની નવી સરકાર આર્થિક સ્થિરતા લાવવા માટે મક્કમ છે. વૈશ્વિક બજારો પર અસર ને ધ્યાનમાં લીધા વગર ઘરેલું




મોંઘવારી (Inflation) ને કાબૂમાં લેવા માટે આ નિર્ણય લેવો અનિવાર્ય બન્યો હતો. નિષ્ણાતોના મતે, વ્યાજદરમાં વધારો થવાથી જાપાની કરન્સી 'યેન' અન્ય વૈશ્વિક ચલણો સામે મજબૂત થશે, પરંતુ તેની નકારાત્મક અસર નિકાસકારો પર પડી શકે છે.ભારતીય શેરબજાર અને કેરી ટ્રેડનું સંકટ જાપાન વ્યાજદર રેકોર્ડ વધારો થવાથી સૌથી મોટું જોખમ 'કેરી ટ્રેડ' (Carry Trade) પર ઊભું થયું છે. વર્ષોથી મોટા રોકાણકારો જાપાનમાંથી સસ્તા દરે લોન લઈને ભારત જેવા ઊભરતા બજારોમાં રોકાણ કરતા હતા. હવે જાપાનમાં વ્યાજ વધતા આ રોકાણકારો ત્યાંથી નાણાં પાછા ખેંચી શકે છે, જેના કારણે ભારતીય શેરબજાર અને ક્રિપ્ટોકરન્સી માર્કેટમાં મોટી વેચવાલી જોવા મળી શકે છે. બેંક ઓફ જાપાન ઐતિહાસિક નિર્ણય બાદ આજે વિશ્વભરના ટ્રેડર્સની નજર ગવર્નર કાઝુઓ ઉએદાના પ્રેસ કોન્ફરન્સ પર ટકેલી છે. વૈશ્વિક રોકાણકારો માટે ચેતવણીરૂપ સંકેત આર્થિક વિશ્લેષકોના મતે, જાપાન વ્યાજદર રેકોર્ડ વધારો એ સંકેત છે કે હવે વૈશ્વિક સ્તરે લિક્વિડિટી (નાણાંનો પ્રવાહ) ઓછી થશે. મીડિયા અહેવાલ મુજબ, જાપાનના આ પગલાથી અમેરિકા અને યુરોપના બજારોમાં પણ વોલેટિલિટી વધશે. વૈશ્વિક બજારો પર અસર ને પગલે ભારતીય સેન્સેક્સ અને નિફ્ટીમાં પણ આજે ટૂંકા ગાળા માટે નબળાઈ જોવા મળી શકે છે. લાંબા ગાળાની અસરો પણ અકબંધ છે, કારણ કે જાપાન આગામી સમયમાં વ્યાજદરમાં હજુ પણ વધારો કરી શકે છે તેવા સંકેતો મળી રહ્યા છે.

## સાડાત્રણ મહિનામાં દેશમાં 24 અબજ ડોલર મૂલ્યના ઈક્વિટી શેરો અનલોક થશે

મુંબઈ : હાલમાં જ સેકન્ડરી બજારમાં લિસ્ટેડ થયેલી ૧૦૮ જેટલી કંપનીના અંદાજે ૨૪ અબજ ડોલરના (અંદાજે ૨૨૦૦ અબજ રૂપિયા) મૂલ્ય સાથેના શેરો ૧૮ ડિસેમ્બરથી ૩૦મી માર્ચ, ૨૦૨૬ના ગાળામાં વેપાર માટે અનલોક થઈ રહ્યા છે જેને પરિણામે સેકન્ડરી બજારમાં વોલેટિલિટી જોવા મળવાની સંભાવના છે. એનકર રોકાણકારોનો લોક-ઈન સમયગાળો સમાપ્ત થવા સાથે આ શેરો છૂટા થઈ રહ્યા છે. જે કંપનીઓના શેરો છૂટા થઈ રહ્યા છે તેમાંની મોટાભાગની કંપનીઓનું લિસ્ટિંગ વર્તમાન વર્ષમાં જ થયું છે. એન્કર રોકાણકારોમાં મોટાભાગે મ્યુચ્યુઅલ ફન્ડસ, વિદેશી સંસ્થાકીય રોકાણકારો તથા વીમા કંપનીઓનો સમાવેશ થાય છે. લોક ઈન પીરિયડસ સામાન્ય રીતે શેર્સના લિસ્ટિંગ પછીના ૩૦,૯૦ અથવા ૧૮૦ દિવસના હોય છે. લોક ઈન સમયગાળો સમાપ્ત થઈ ગયા પછી આ સંસ્થાકીય રોકાણકારો તેમના હોલ્ડિંગ્સનું ખુલ્લા બજારમાં વેચાણ કરી શકે છે. જે કંપનીના સ્ટોકસના લોક ઈન સમયગાળા સમાપ્ત થઈ રહ્યા છે તેમાં ફુજીયામા, કેપિલેરી ટેકનો, એક્સેલસોફ્ટ ટેક, મીશુ, વિદ્યા વાયર્સ, નેફ્રોકેર વગેરેનો સમાવેશ થાય છે. જે શેરોનો લોક ઈન પીરિયડસ સમાપ્ત થઈ રહ્યા છે તેમાંના દરેક શેર ખુલ્લા બજારમાં વેચવા આવશે તે જરૂરી નથી.

## News Brief

### ગ્રો મલ્ટીકેપ ફંડ બેન્ચમાર્કથી આગળ નીકળીને મલ્ટી કેપ કેટેગરીમાં ટોચ પર

નવી દિલ્હી: ડિસેમ્બર 2024માં લોન્ચ કરવામાં આવેલા ગ્રો મલ્ટિકેપ ફંડે એક વર્ષ પૂર્ણ કર્યું છે. બજારમાં મોટા ઉછાળા, આવકમાં અસમાન રિકવરી અને વૈશ્વિક અનિશ્ચિતતા વચ્ચે આ એક વર્ષમાં મલ્ટી-કેપ કેટેગરીમાં આ ફંડ લીડર તરીકે ઉભરી આવ્યું છે.એક વર્ષના સમયગાળા દરમિયાન, મુખ્ય ઈક્વિટી સૂચકાંકોએ સામાન્ય વળતર આપ્યું છે. નિફ્ટી 50માં 4.83%નો વધારો થયો, જ્યારે વધુ વ્યાપક નિફ્ટી 500માં ફક્ત 0.93%નો વધારો થયો છે. પર્ફોમન્સ માર્કેટ-કેપ કર્વથી પણ નીચે આવ્યું છે, નિફ્ટી મિડકેપ 100માં 0.45%નો વધારો થયો છે, જ્યારે નિફ્ટી સ્મોલકેપ 250માં 10.99%નો ઘટાડો નોંધાયો. આ સ્થિતિ હોવા છતા, ગ્રો મલ્ટીકેપ ફંડે તેના બેન્ચમાર્ક, નિફ્ટી 500 મલ્ટીકેપ 50-25-25 ઈન્ડેક્સ (+0.29%)ને પાછળ રાખીને એક વર્ષમાં 8.01%નું વળતર આપ્યું છે. ફંડે એક વર્ષથી અત્યાર સુધીના ધોરણે 8.62%ના વળતર સાથે મલ્ટીકેપની કેટેગરીમાં પણ આગેવાની લીધી હતી.ફંડના પ્રથમ વર્ષનો ભેટો બજારની બદલાતી પરિસ્થિતિઓ સાથે થયો છે, જેમાં RBIના વ્યાજદરમાં ઘટાડાનું ચક્ર, યુએસ ટેરિફની જાહેરાતો અને ભારતીય નિકાસો પર વધારાની ડ્યુટી જેવા વૈશ્વિક વેપારના પરિબળોની અસર તેમજ ભૂ-રાજકીય અનિશ્ચિતતામાં વધારાના સમયગાળાનો સમાવેશ થાય છે. આ પડકારો છતાં, ફંડે તેના પહેલા વર્ષ દરમિયાન નિરીક્ષણના બહુવિધ સમયગાળા દરમિયાન મલ્ટીકેપ શ્રેણીમાં ટોચના ચતુર્થાંશમાં સતત સ્થાન મેળવ્યું હતું. પોર્ટફોલિયોના દૃષ્ટિકોણથી, આ ફંડની સ્થિતિ એવી છે કે તેને ભારતીય અર્થતંત્રમાં પસંદગીની માળખાકીય થીમ્સનો લાભ મળી રહે, જેમાં પ્રીમિયમાઈઝેશન, મૂડી ખર્ચ અને માળખાગત સુવિધા અને નાણાકીયકરણનો સમાવેશ થાય છે. આ થીમ્સ ઓટોમોબાઈલ કંપનીઓ, કેપિટલ ગુડ્ઝ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધાઓ સંબંધિત શેરો, તેમજ પસંદગીની બેંકો, વીમા કંપનીઓ અને નોન-બેંકિંગ ફાઈનાન્શિયલ કંપનીઓના રોકાણ દ્વારા પ્રતિબિંબિત થાય છે.

### બ્રિટિશ કાઉન્સિલે ભારતીય વિદ્યાર્થીઓ માટે 2026-27 માટે GREAT શિષ્યવૃત્તિની જાહેરાત કરી

નવી દિલ્હી : યુકેના સાંસ્કૃતિક સંબંધો અને શૈક્ષણિક તકો માટેની આંતરરાષ્ટ્રીય સંસ્થા, બ્રિટિશ કાઉન્સિલે, યુકે સરકારના GREAT બ્રિટન અભિયાન સાથે મળીને GREAT શિષ્યવૃત્તિ 2026-27 ની જાહેરાત કરી. આ શિષ્યવૃત્તિઓ યુકેમાં અનુસ્નાતક બનવામાટે શૈક્ષણિક શ્રેષ્ઠતાના પ્રમાણિત રેકોર્ડ ધરાવતા મહત્વાકાંક્ષી ભારતીય વિદ્યાર્થીઓને સમર્થન આપે છે.2026-27 શૈક્ષણિક વર્ષ માટે, યુકેની અગ્રણી યુનિવર્સીટી દ્વારા વિવિધ વિષયોમાં 12 વિદ્યાર્થીઓને અનુસ્નાતક શિષ્યવૃત્તિઓ પ્રદાન કરવામાં આવી રહી છે. ભાગ લેનાર ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં એંગ્લિયા રસ્કિન યુનિવર્સિટી, નોર્વિચ યુનિવર્સિટી ઓફ ધ આર્ટ્સ, ક્વીન્સ યુનિવર્સિટી બેલફાસ્ટ, રોયલ કોલેજ ઓફ આર્ટ, રોયલ કન્ઝર્વેટોર ઓફ સ્કોટલેન્ડ, રોયલ નોર્ધન કોલેજ ઓફ મ્યુઝિક, બ્રિસ્ટોલ યુનિવર્સિટી, ટ્રિનિટી લેબન કન્ઝર્વેટોર ઓફ મ્યુઝિક એન્ડ ડાન્સ, ડંડી યુનિવર્સિટી, રીડિંગ યુનિવર્સિટી, સરે યુનિવર્સિટી અને UWE બ્રિસ્ટોલનો સમાવેશ થાય છે. દરેક શિષ્યવૃત્તિ હેઠળ એક વર્ષના અનુસ્નાતક અભ્યાસક્રમ માટે ટ્યુશન ફી તરીકે 10,000 પ્રદાન કરવામાં આવે છે, જે ભારતના શૈક્ષણિક રીતે ઉત્કૃષ્ટ વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ શિક્ષણ અને આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા પ્રાપ્ત કુશળતા મેળવવા માટે સક્ષમ બનાવે છે.

### એફએડીએએ અમદાવાદમાં 'વ્યાપાર ગુજરાત'નું સમાપન કર્યું

અમદાવાદ : ફેડરેશન ઑફ ઑટોમોબાઈલ ડીલર્સ એસોસિયેશન્સ (એફએડીએ) એ આજે ગુજરાતમાં યોજાયેલા એફએડીએ વ્યવહારના તાજેતરના સંસ્કરણનું સફળ સમાપન કર્યું. "વિક્સિત ગુજરાતની રફ્તાર" થીમ પર આધારિત આ ઈવેન્ટ રાજ્યના "વિક્સિત ગુજરાત @2047"ના દ્રષ્ટિકોણ સાથે સંકળાયેલ હતું અને રાજ્યમાં આર્થિક વૃદ્ધિ તથા સ્થાનિક રોજગારને પ્રોત્સાહિત કરવામાં ઓટો રિટેલ ક્ષેત્રની મહત્વપૂર્ણ ભૂમિકાને ઉજાગર કરી.કૉન્ક્લેવનું ઉદ્ઘાટન મુખ્ય અતિથિ તરીકે હાજર રહેલા શ્રી રાજેશ આર. ગાંધી, વરિષ્ઠ ઉપપ્રમુખ ગુજરાત ચેમ્બર ઑફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (GCCI) દ્વારા કરવામાં આવ્યું, તેમજ ગેસ્ટ ઑફ ઑનર તરીકે હાજરી આપનાર શ્રી ગોવિંદ સિન્હા, ડેપ્યુટી જનરલ મેનેજર, સ્ટેટ બેન્ક ઑફ ઈન્ડિયા, અમદાવાદ પણ તેમની સાથે જોડાયા. આ પ્રસંગે એફએડીએના વરિષ્ઠ નેતાઓ શ્રી સી. એસ. વિગ્નેશ્વર, પ્રમુખ; શ્રી પ્રણવ શાહ, ચેરપર્સન, એફએડીએ ગુજરાત; અને શ્રી અમર જે. શેઠ, સચિવ, એફએડીએ પણ ઉપસ્થિત રહ્યા.ઉદ્ઘાટન સત્ર દરમિયાન પ્રતિનિધિઓને સંબોધિત કરાયેલા પોતાના સંદેશમાં માનનીય ગુજરાતના ઉપમુખમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, "1964થી એફએડીએનો સફર અને ભારતના ઑટોમોબાઈલ રિટેલ ઉદ્યોગના શિર્ષસ્થ સંસ્થા તરીકેની તેની ભૂમિકા ખરેખર પ્રશંસનીય છે. રોજગાર સર્જન, નાણાકીય સામાવેશ અને કુશળતા વિકાસમાં ઑટોમોબાઈલ ડીલરો જે પ્રમાણમાં યોગદાન આપે છે, તે ખાસ કરીને એમએસએમઈ અને ગ્રામ્ય સ્તરે ભારતના આર્થિક અને સામાજિક માળખામાં આ ક્ષેત્રની ઊંડાણભરી અસર દર્શાવે છે. 'વ્યાપાર ગુજરાત વિકસિત ગુજરાતની રફ્તાર' થીમ સમયોચિત અને અત્યંત મહત્વપૂર્ણ છે, કારણ કે ઑટોમોબાઈલ ડીલરો નીતિ દ્રષ્ટિકોણને જમીન સ્તરે ગતિ આપવાના અગત્યના હિતધારક છે.

## ડાચેપલ્લી પબ્લિશર્સ લિમિટેડે K-12 શૈક્ષણિક પ્રકાશન અને ડિજિટલ લર્નિંગ ઈકોસિસ્ટમને મજબૂત બનાવવા માટે IPO ની જાહેરાત કરી

હૈદરાબાદ : હૈદરાબાદ સ્થિત K-12 શૈક્ષણિક પ્રકાશન કંપની, દાચેપલ્લી પબ્લિશર્સ લિમિટેડે, એક સદીથી વધુ જૂની વારસો ધરાવતી, તેના પ્રારંભિક જાહેર ઓફર (IPO) ની શરૂઆતની જાહેરાત કરી છે, જેમાં 10 ની ફેસ વેલ્યુવાળા 39,60,000 ઈક્વિટી શેરનો નવો ઈશ્યૂ હશે. આ ઓફર એન્કર રોકાણકારો માટે શુક્રવાર, 19 ડિસેમ્બર, 2025 ના રોજ ખુલશે અને જાહેર જનતા માટે સોમવાર, 22 ડિસેમ્બર, 2025 ના રોજ ખુલશે, જે બુધવાર, 24 ડિસેમ્બર, 2025 ના રોજ બંધ થશે. ઈક્વિટી શેર BSE SME પ્લેટફોર્મ પર લિસ્ટ થવાનો પ્રસ્તાવ છે, જેની લિસ્ટિંગ તારીખ 30 ડિસેમ્બર, 2025 છે. ઈશ્યૂનું માળખું અને વિગતો, ઈશ્યૂનો પ્રકાર: બુક બિલ્ટ ઈશ્યૂ, પ્રાઈસ બેન્ડ: 100 - 102 પ્રતિ ઈક્વિટી શેર, લોટ સાઈઝ: 1200 ઈક્વિટી શેર અને તેના ગુણાંક, બુક રનિંગ લીડ મેનેજર: સિનફિન્ક્સ કેપિટલ પ્રાઈવેટ લિમિટેડ, ઈશ્યૂના રજિસ્ટ્રાર: બિગશેર સર્વિસિસ પ્રાઈવેટ લિમિટેડ, માર્કેટ મેકર: JSK સિક્યોરિટીઝ એન્ડ સર્વિસિસ પ્રાઈવેટ લિમિટેડ, IPO ફાળવણી અને રોકાણકારોનું રિઝર્વેશન, કુલ ઓફરમાં 39,60,000 ઈક્વિટી શેરનો સમાવેશ થાય છે, જે નીચે મુજબ ફાળવવાનો પ્રસ્તાવ છે: લાયક સંસ્થાકીય ખરીદદારો (QIBs) માટે 50% થી વધુ નહીં.

## ટાટા એઆઈએએ મલ્ટીકેપ ઓપોર્ચ્યુનિટીઝ ફંડ લોન્ચ કર્યું

(એજન્સી) મુંબઈ | તા. 19

વૈશ્વિક અનિશ્ચિતતાઓ અને ક્ષેત્રીય ઉતારચડાવો સાથેના આજના અસ્થિર બજારમાં રોકાણકારોએ એવી વ્યૂહરચનાઓ અપનાવવી જોઈએ જે જોખમ અને વળતરને સંતુલિત કરે. આ જટિલ નાણાકીય પરિદ્રશ્યમાંથી પસાર થવા માટે વૈવિધ્યસભર અભિગમ આવશ્યક બની ગયો છે. બહુવિધ ક્ષેત્રો, સંપત્તિના વર્ગો અને કંપનીના કદમાં રોકાણ ફેલાવીને, રોકાણકારો કોઈપણ એક બજાર સેગમેન્ટ પર તેમની નિર્ભરતાને ઘટાડીને લાંબા ગાળાની સંપત્તિના નિર્માણને સુનિશ્ચિત કરી શકે છે. ભારતની વિકાસગાથા વધુને વધુ વ્યાપક બની રહી છે, જે પરંપરાગત ઉદ્યોગો, ઉભરતી ટેકનોલોજીઓ અને લાર્જ કેપથી લઈને આશાસ્પદ મિડ-કેપ અને સ્મોલ-કેપ કંપનીઓ સુધીના વ્યાપક કોર્પોરેટ કદમાં વિસ્તરેલું છે. મલ્ટીકેપ વ્યૂહરચના રોકાણકારોને જોખમોને ઘટાડીને આ વૈવિધ્યસભર વૃદ્ધિનો લાભ લેવા માટે સક્ષમ બનાવે છે. વિવિધ બજાર સેગમેન્ટમાં પ્રવેશ કરીને, રોકાણકારો બહુવિધ મોરચે લાંબા ગાળાની વૃદ્ધિનો લાભ મેળવી શકે છે, જેનાથી બજારની અસ્થિરતા પ્રત્યેનું તેમનું જોખમ ઘટી જાય છે. ગ્રાહકોને આ તકોનો લાભ લેવામાં મદદ કરવા માટે, ટાટા એઆઈએ લાઈફ ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડ, ટાટા એઆઈએ મલ્ટીકેપ ઓપોર્ચ્યુનિટીઝ ફંડ અને ટાટા એઆઈએ મલ્ટિકેપ ઓપોર્ચ્યુનિટીઝ પેન્શન ફંડ** રજૂ કરે છે. આ ફંડ્સ નિફ્ટી 500 ઈન્ડેક્સ સાથે જોડાયેલી વૈવિધ્યસભર ઈક્વિટી વ્યૂહરચના ઓફર કરે છે, જે લાર્જ, મિડ અને સ્મોલ કેપ્સમાં ભારતની આર્થિક વૃદ્ધિ માટે વ્યાપક-આધાર સાથેનું એક્સપોઝર પ્રદાન કરે છે. બંને ફંડ્સ 24 ડિસેમ્બર 2025થી 31 ડિસેમ્બર 2025 સુધીના ન્યૂ ફંડ ઓફર (NFO)ના સમયગાળા દરમિયાન પ્રતિ યુનિટ રૂપિયા 10ના પ્રારંભિક ભાવે સબ્સ્ક્રિપ્શન માટે ઉપલબ્ધ રહેશે.

## શેર બજાર તેજી સાથે બંધ, સેન્સેક્સમાં +447.55 પોઇન્ટનો વધારો

(એજન્સી) મુંબઈ | તા. 19

શેરબજાર તેજી સાથે બંધ થયો છે. સેન્સેક્સ અને નિફ્ટી બંને લીલા નિશાનમાં બંધ થયુ છે. બપોરે 3.30 કલાકની વાત કરીએ તો, સેન્સેક્સ 447.55 પોઈન્ટના વધારા સાથે 84,929.36 અંકે બંધ થયો. નિફ્ટી 150.85 પોઈન્ટના વધારા સાથે 25,966 અંકે બંધ થયો. આજના કારોબારમાં મોટાભાગના શેરોમાં ખરીદી જોવા મળી. IT ક્ષેત્રના શેરોમાં મજબૂતી જોવા મળી, જેમાં ઈન્ફોસિસ આશરે 1.44% ના વધારા સાથે અગ્રણી રહ્યા. TCS, HCL ટેક, ટેક મહિન્દ્રા અને ટાટા એલેક્સી પણ વધારા સાથે વેપાર કરી રહ્યા હતા. ટેલિકોમ ક્ષેત્રના ભારતી એરટેલમાં આશરે 0.83% નો ઉછાળો જોવા મળ્યો. પાવરગ્રીડ, રિલાયન્સ, અદાણી પોર્ટ્સ, L&T, HDFC બેંક, SBI, કોટક બેંક અને સન ફાર્મા જેવા મુખ્ય શેરોમાં પણ લીલા નિશાનમાં વેપાર થયો. બીજી બાજુ, પસંદગીના શેરોમાં થોડી નબળાઈ જોવા મળી. મહિન્દ્રા અને મહિન્દ્રામાં આશરે 0.03% નો થોડો ઘટાડો જોવા મળ્યો. ICICI બેંકમાં પણ આશરે 0.06% નો ઘટાડો થયો, અને ટાઈટનમાં આશરે 0.09% નો ઘટાડો થયો. જોકે, સવારે 6:33 વાગ્યે, GIFT નિફ્ટી ફ્યુચર્સ 25,951 પર ટ્રેડ થઈ રહ્યા હતા, જે 71 પોઈન્ટ ઘટીને હતા. રોકાણકારો આજે ઘણા મુખ્ય આર્થિક ડેટા પર નજર રાખશે. આંતરરાષ્ટ્રીય સ્તરે, યુકેના છૂટક વેચાણ ડેટા, યુરોઝોનમાંથી ઈસીબીનો વેતન ટ્રેકર અને યુએસમાંથી ફેડરલ રિઝર્વનો બેલેન્સ શીટ ડેટા બહાર પાડવામાં આવશે. સ્થાનિક સ્તરે, રોકાણકારો આરબીઆઈની નાણાકીય નીતિ સમિતિ (MPC) ની બેઠકની મિનિટ્સ અને ભારતના વિદેશી વિનિમય અનામતના ડેટા પર નજર રાખશે.

## આરઆરપી સેમીકન્ડક્ટર શેર ઉછાળો ૨૦ માસમાં ૫૫૦૦૦ ટકા

મુંબઈ: ભારતીય શેરબજારના ઈતિહાસમાં કદાચ ક્યારેય ન જોઈ હોય તેવી અકલ્પનીય અને શંકાસ્પદ તેજીનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. આરઆરપી સેમીકન્ડક્ટર શેર ઉછાળો અત્યારે દલાલ સ્ટ્રીટમાં ચર્ચાનો વિષય બન્યો છે. માત્ર ૨૦ મહિનાના ટૂંકા ગાળામાં આ કંપનીના શેરમાં ૫૫,૦૦૦ ટકાનો તોતિંગ વધારો જોવા મળ્યો છે. જે શેરની મૂળ કિંમત માત્ર ૧૦ રૂપિયા હતી, તેનો ભાવ ગુરુવારે ૧૧,૦૯૪ રૂપિયા નોંધાયો છે. આ આંકડા જેટલા આકર્ષક લાગે છે, તેની પાછળની વાસ્તવિકતા એટલી જ ચોંકાવનારી અને રોકાણકારો માટે લાલબત્તી સમાન છે.બે કર્મચારી અને સાત કરોડનું નુકસાન કંપનીના વાર્ષિક અહેવાલ અને નાણાકીય પરિણામો પર નજર કરીએ તો ચિત્ર અત્યંત ધૂંધળું દેખાય છે. આરઆરપી સેમીકન્ડક્ટરમાં માત્ર બે ફૂલ-ટાઈમ કર્મચારીઓ કામ કરે છે અને હજુ સુધી કંપનીએ કોઈ પણ પ્રકારનું ઉત્પાદન શરૂ કર્યું નથી. સપ્ટેમ્બર ત્રિમાસિક ગાળામાં કંપનીએ ૬.૮૨ કરોડ રૂપિયાની નેગેટિવ આવક અને ૭.૧૫ કરોડ રૂપિયાનું નુકસાન દર્શાવ્યું છે. આમ છતાં, આરઆરપી સેમીકન્ડક્ટર શેર ઉછાળો અટકવાનું નામ લેતો નથી.

### ભારતના વીજ વિતરણ ક્ષેત્રમાં સુધારા માટે

## અપ્રાવા એનર્જીના એઆઇ-એમએલ સોલ્યુશનને ઉર્જા મંત્રાલય દ્વારા માન્યતા આપવામાં આવી

(એજન્સી) મુંબઈ | તા. 19

ભારતની અગ્રણી ઈન્ટીગ્રેટેડ એનર્જી સોલ્યુશન્સ પૂરી પાડતી કંપની અપ્રાવા એનર્જીને તેના અગ્રણી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઇ) અને મશીન લર્નિંગ (એમએલ) સોલ્યુશન્સ માટે રાષ્ટ્રીય માન્યતા પ્રાપ્ત થઈ છે, જેનો ઉદ્દેશ્ય ભારત માટે ડેટા- આધારીત, ગ્રાહક કેન્દ્રિત તથા ભવિષ્ય માટે તૈયાર કરવામાં આવેલા હોય તેવા એનર્જી સોલ્યુશન્સ પૂરા પાડવાનો છે. રિવેમ્પ્ડ ડિસ્ટ્રિબ્યુશન સેક્ટર સ્કીમ (RDSS) હેઠળ ઉર્જા મંત્રાલયના 'પાવર ડિસ્ટ્રિબ્યુશન સેક્ટરમાં એઆઇ અને એમએલના ઉપયોગ અંગે રાષ્ટ્રીય પરિષદમાં આ સન્માન આપવામાં આવ્યું હતું. બે દિવસીય કોન્ફરન્સમાં ભારતમાં સમગ્ર ડીસકોમસમાં નવીન શોધને આગળ વધારવા, ઓપરેશનલ કાર્યક્ષમતામાં સુધારો કરવા અને ગ્રાહક સંતોષ વધારવા માટે અત્યાધુનિક ઉપયોગને રજૂ કરવામાં આવ્યા હતા. માનનીય કેન્દ્રીય ઊર્જા અને ગૃહનિર્માણ અને શહેરી બાબતોના મંત્રી શ્રી મનોહર લાલ ખટ્ટર દ્વારા અપ્રાવા એનર્જીની ટીમને રનર-અપ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. ડિસ્કોમસ, એએમઆઈએસપીસ (એડવાન્સ્ડ મીટરિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સર્વિસ પ્રોવાઈડર્સ), ટેકનોલોજી સોલ્યુશન પ્રોવાઈડર્સ (ટીએસપીસ) અને હોમ ઓટોમેશન સોલ્યુશન્સ પ્રોવાઈડર્સ (એચએએસપીસ) દ્વારા લગભગ 200થી વધુ સોલ્યુશન્સ રજૂ કરવામાં આવ્યા હતા. એએમઆઈએસપી શ્રેણી હેઠળ અપ્રાવા એનર્જીએ તેનું સોલ્યુશન ડિસકોમ જીપીટી (ગ્રીડ) રજૂ કર્યું હતું, જે વર્કઓનગ્રીડની સાથે સહયોગમાં વિકસાવવામાં આવ્યું છે. નેક્સ્ટ જનરેશન સોલ્યુશને દર્શાવ્યું હતું કે, કેવી રીતે વર્તણૂકીય માંગ પ્રતિભાવ અને એઆઇ-આધારિત ઓપરેશનલ ઓટોમેશન પાવર ગ્રીડ કાર્યક્ષમતામાં સુધારો કરતી વખતે ગ્રાહક અનુભવને અર્થપૂર્ણ રીતે સુધારી શકે છે. જનરેટિવ એઆઇ, મશીન લર્નિંગ અને મજબૂત ડેટા આર્કિટેક્ચરને સંકલીત કરીને, ગ્રીડ પાવર વિતરણ ક્ષેત્રમાં વેલ્યૂ, કાર્યક્ષમતા અને વિશ્વસનીયતાના નવા લેવલ ખોલે છે.

## ઊંચા મૂલ્યાંકન સાથેની AI કંપનીઓ સ્પર્ધા વચ્ચે ખોવાઈ જશે

મુંબઈ : માઈક્રોસોફ્ટના સહસ્થાપક બિલ ગેટસે ચેતવણી ઉચ્ચારી છે કે, ઊંચા મૂલ્યાંકન સાથેની કેટલીક આર્ટિફિસિઅલ ઈન્ટેલિજન્સ (એઆઈ) કંપનીઓ એઆઈ ઉદ્યોગમાં ભારે સ્પર્ધા વચ્ચે ખોવાઈ જશે. એક ટીવી ચેનલને આપેલી મુલાકાતમાં તેમણે જણાવ્યું હતું કે, ઊંચા મૂલ્યાંકન સાથેની દરેક કંપનીઓ ભારે સ્પર્ધામાં વિજયી થઈ શકતી નથી. એઆઈ બબલ દિવસોદિવસ વધતુ જાય છે એમ જણાવી તેમણે રોકાણકારોને કરેકશન માટે તૈયાર રહેવા સાવચેત કર્યા હતા. એઆઈ એકદમ ગહન ટેકનોલોજી છે જે વિશ્વને નવો આકાર આપશેએઆઈની જોરદાર સ્પર્ધાને ધ્યાનમાં રાખતા થોડીઘણી કંપનીઓ જ લાંબા ગાળાની વિજેતા બની રહેશે અને મોટી સંખ્યાની કંપનીઓનું અપેક્ષિત મૂલ્ય નહીં જોવા મળે. અનેક એઆઈ કેન્દ્રીત કંપનીઓ ઐતિહાસિક ધોરણો કરતા ઊંચા મૂલ્યાંકને વેપાર થઈ રહી છે. શિક્ષણ, આરોગ્ય તથા કૃષિ જેવા ક્ષેત્રમાં એઆઈ લાભકારક બની રહેશે અને તેમાં કોઈએ શંકા કરવા જેવું નથી એમ તેમણે સદર મુલાકાતમાં એક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું હતું.

## સ્માર્ટફોનથી લઈ સ્માર્ટ ટીવી સુધી-ક્રોમટેસ્ટીક ડિસેમ્બર ઓફર ફક્ત રૂપિયા 14,990*થી શરૂ

મુંબઈ: જેમ-જેમ ગ્રાહકો વીતેલા વર્ષ વિશે પ્રતિતિ કરી રહ્યા છે અને તેમના ઘરોમાં નવી શરૂઆત કરવા માટે તૈયારી કરી રહ્યા છે ત્યારે ભારતની અત્યંત વિશ્વાસપાત્ર ઓમની ચેનલ ઈલેક્ટ્રોનિક્સ રિટેલર ક્રોમાએ 'ક્રોમટેસ્ટીક ડિસેમ્બર સેલ'ની જાહેરાત કરી છે. તે વર્ષના અંત ભાગમાં શોપિંગ ઈવેન્ટ એવા ગ્રાહકો માટે ડિઝાઈન કરવામાં આવેલ છે કે જે વર્ષ 2026માં પ્રવેશ કરતાં પહેલા પોતાની લાઈફસ્ટાઈલને અપગ્રેડ કરવા ઈચ્છે છે. 15 ડિસેમ્બરથી 4 જાન્યુઆરી સુધી ચાલનાર આ સેલમાં ઈલેક્ટ્રોનિક્સ તથા હોમ અપ્લાયન્સિસના સ્ટોર્સ ખાતે વર્ષની સૌથી શ્રેષ્ઠ ડીલ્સની ઓફર મળી રહી છે, જેથી તે વર્ષ 2025ના અંતિમ અપગ્રેડની તક બની ગઈ છે. તમામ કેટેગરીમાં ચુકી ન શકાય તેવી ડીલ્સ: 1. સ્માર્ટફોનઃ આઈફોન 16 રૂપિયા 40990*થી શરૂ અને ઈએમઆઈ રૂપિયા 1833, આઈફોન 15 રૂપિયા 36,490*થી શરૂ અને ઈએમઆઈ રૂપિયા 1604, સેમસંગ એસ25 અલ્ટ્રા રૂપિયા 69,999*થી શરૂ અને ઈએમઆઈ રૂપિયા 3361. સેમસંગ ગેલેક્સિ ઝેડ ફોલ્ડ 7 રૂપિયા 99,999*થી શરૂ અને ઈએમઆઈ રૂપિયા 4639, વિવો વી60 રૂપિયા 23,999*થી શરૂ અને ઈએમઆઈ રૂપિયા 3083, 2. લેપટોપ: મેકબુક એર એમ4 રૂપિયા 55,911**થી શરૂ અને ઈએમઆઈ રૂપિયા 2746, નેક્સ્ટ જેન એઆઈ પીસી રૂપિયા 47,710*થી શરૂ અને ઈએમઆઈ રૂપિયા 2071, 3050 જીએફએક્સ ગેમિંગ લેપટોપ રૂપિયા 64,950*થી શરૂ અને ઈએમઆઈ રૂપિયા 4330, લેનોવો આઈ5 રૂપિયા 48,790*થી શરૂ અને ઈએમઆઈ રૂપિયા 4066, 3. ટીવીઃ 75' સેમસંગ સ્માર્ટ યુએચડી ટીવી રૂપિયા 62,990*થી શરૂ અને ઈએમઆઈ રૂપિયા 5713, 55' ક્રોમા યુએચડી ગુગલ ટીવી રૂપિયા 29,990*થી શરૂ અને ઈએમઆઈ રૂપિયા 2493, 43' ક્રોમ ગુગલ ટીવી રૂપિયા 18490*થી શરૂ અને ઈએમઆઈ રૂપિયા 2299, 4. વોશિંગ મશિન: એલજી ફ્રન્ટ લોડ 7 કિલો વોશિંગ મશીન રૂપિયા 29,350*થી શરૂ અને ઈએમઆઈ રૂપિયા 2444, સેમસંગ ટોપ લોડ 7 કિલો વોશિંગ મશીન રૂપિયા 16,417*થી શરૂ અને ઈએમઆઈ રૂપિયા 1368, ક્રોમ ટોપ લોડ 7.5 કિલો વોશિંગ મશીન રૂપિયા 14,990*થી શરૂ અને ઈએમઆઈ રૂપિયા 1690 5. એસી: વોલ્ટાસ 1.5 ટન 3 સ્ટાર ઈન્વર્ટર એસી રૂપિયા 29,019*થી શરૂ અને ઈએમઆઈ રૂપિયા 2950, હાયર 1.5 ટન 5 સ્ટાર ઈન્વર્ટર એસી રૂપિયા 34,161*થી શરૂ અને ઈએમઆઈ રૂપિયા 4270, "ડિસેમ્બરમાં ગ્રાહક સક્રિયપણે સારા અપગ્રેડની તપાસ કરે છે, પછી તે પોતાના ઘરના સેટઅપને વધુ સારા બનાવવા માટે હોય કે પછી આગામી વર્ષની તૈયારી કરવી હોય, કે પછી આ તહેવારની સિઝન દરમિયાન જે ખરીદીને તેણે ટાળી હતી તેને પૂરી કરવાની હોય. ક્રોમટેસ્ટિક ડિસેમ્બર મહિના સાથે જ અમે શાનદાર પ્રાઈઝ ડ્રોપ, બેન્ક ઓફર અને ઈએમઆઈ બેનિફિટ તૈયાર કરેલ છે, જેથી કરી ખરીદી કરવા ઈચ્છતા ગ્રાહકો વર્ષ પૂરુ થાય તે અગાઉ સમજી-વિચારીને સારો ફાયદો થતો હોય તેવી ખરીદી કરી શકે," તેમ ઈન્ફિનિટી રિટેલ લિમિટેડના એક પ્રવક્તાએ આ માહિતી આપી હતી. ક્રોમેસ્ટિક ડિસેમ્બર સેલ ક્રોમના તમામ સ્ટોર્સ ખાતે ઉપલબ્ધ બનશે.

## ટાટા સિયેરાએ બુકિંગ શરૂ થવાના 1લા દિવસે જ 70,000થી વધુ ઓર્ડરોને સમર્થન સાથે બજારમાં વાવાઝોડું લાવી દીધું

(એજન્સી) મુંબઈ | તા. 19

આઈકોનિક ટાટા સિયેરાએ ધામધૂમથી કમબેક કર્યું છે,સ જેણે ભારતના વાહનના શોખીનોને આકર્ષિત કર્યા છે. બુકિંગ વિધિસર રીતે ખૂલવાના પ્રથમ દિવસે જ સિયેરાએ ગ્રાહક રોમાંચ અને વિશ્વાસમાં નવું સીમાચિહન સ્થાપિત કરતાં 70,000થી વધુ બુકિંગ્સનું સમર્થન પ્રાપ્ત કર્યું છે અને વધુ 1.35 લાખ ગ્રાહકોએ બુકિંગની વિધિઓ પૂર્ણ કરવાનું પ્રગતિને પંથે છે ત્યારે તેમનું અગ્રતાનું કોન્ફિગ્યુરેશન સુપરત કર્યું છે. આ અદભુત પ્રતિસાદ સિયેરાનો આઈકોનિક દરજ્જો અને તેના ભારતના ગ્રાહકોના મન અને હૃદયમાં પ્રીમિયમ મિડ- એસયુવી રીતે આકર્ષણને અધોરેખિત કરે છે. બુકિંગના માઈલસ્ટોન વિશે બોલતાં ટાટા પેસેન્જર ઈલેક્ટ્રિક મોબિલિટીના ચીફ કમર્શિયલ ઓફિસર શ્રી વિવેક શ્રીવત્સે જણાવ્યું હતું કે, "આ અદભુત પ્રતિસાદ માટે અમારા ગ્રાહકોને અમે મન:પૂર્વક આભારી છીએ, જેણે ફરી એક વાર ટાટા સિયેરાના દંતકથા સમાન દરજ્જાને સમર્થન આપ્યું છે.



નિયમોની વ્યાખ્યા કરતા તેના વારસાને સાર્થક ઠરાવતાં સિયેરાએ નવી શ્રેણી- પ્રીમિયમ મિડ- એસયુવીમાં આગેવાની કરી છે. ઉત્ક્રાંતિ પામતી ગ્રાહકોની આકાંક્ષાઓની ઊંડી સમજનો લાભ લેતાં તેણે મિડ- સાઈઝ એસયુવી શું હોઈ શકે તેની નવી કલ્પના કરી છે. દરેક પરિમાણ- જગ્યા, આરામ, લક્ઝરી, સુરક્ષા અને રોજબરોજની ઉપયોગક્ષમતાને સમૃદ્ધ બનાવતાં સિયેરાએ સેગમેન્ટને સંપૂર્ણ નવી બેન્ચમાર્ક પર પહોંચાડી દીધું છે. સિયેરા વાહનથી પણ વિશેષ છે. તે પ્રગતિ, વ્યક્તિગતતા અને આકાંક્ષાની પ્રતીક છે."25 નવેમ્બર, 2025ના ટાટા મોટર્સ પેસેન્જર વેહિકલ્સ દ્વારા લોન્ચ કરાયેલી સંપૂર્ણ નવી ટાટા સિયેરા લગભગ ત્રણ દાયકાથી આકાંક્ષાઓ, ઓળખ અને યાદોને આકાર આપતી આઈકોનનો પુનર્જન્મ છે. નવા યુગ માટે સૂઝબૂઝપૂર્વક નવેસરથી ઘડવામાં આવેલી સિયેરાએ અત્યાધુનિક મોડર્નિટીને અપનાવવા સાથે તેના દંતકથા સમાન વારસા અને અજોડ ડીએનએનું સંવેર્ધન કર્યું છે. તે સિદ્ધિ, વ્યક્તિગતતા અને ખોજના જોશનું શક્તિશાળી પ્રતીક તરીકે ઊભી છે, જે જૂની ઘરેડથી દૂર જવા અને શક્ય છે તેની વ્યાખ્યા કરવા માટે આમંત્રણ છે. ત્રણ આધુનિક પાવરટ્રેન્સ- 1.5 લિ. ક્રાયોજેટ ડીઝલ, 1.5 લિ ટીજીડીઆઈ હાઈપેરિયન પેટ્રોલ અને 1.5 લિ એનએ રેવોટ્રોન પેટ્રોલ સાથે ઉપલબ્ધ સિયેરા વિવિધ ડ્રાઈવિંગની જરૂરતોમાં સહજ, આત્મવિશ્વાસુ પરફોર્મન્સ પ્રદાન કરે છે.

**તંત્રીની કલમે...**

વિક્રમ સંવત 2082, પોષ સુદ-01

# EPFO ની EES-2025 યોજના શું છે

EPFO એ વન-ટાઈમ એમ્પ્લોયી એનરોલમેન્ટ સ્કીમ (EFS)-2025 શરૂ કરી છે, જે હેઠળ નોકરીદાતાઓને જુલાઈ 2017 થી ઓક્ટોબર 2025 વચ્ચે EPF કવરેજથી બહાર રહેલા લાયક કર્મચારીઓને સ્વેચ્છાએ નોંધણી કરવા માટે છ મહિનાનો પાલન સમયગાળો આપવામાં આવ્યો છે. આ યોજનામાં મર્યાદિત દંડ અને

કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન (EPFO) એ સામાજિક સુરક્ષા કવરેજને વિસ્તૃત કરવા માટે એક મહત્વપૂર્ણ વન-ટાઈમ યોજના શરૂ કરી છે, જેને Employment Enrollment Scheme (EES)-2025 કહેવામાં આવે છે. આ યોજના હેઠળ નોકરીદાતાઓને જુલાઈ 2017 થી ઓક્ટોબર 2025 દરમિયાન EPF કવરેજથી બહાર રહેલા પાત્ર કર્મચારીઓને સ્વૈચ્છિક રીતે EPF હેઠળ નોંધણી કરવાની છે. મહિનાની ખાસ તક આપવામાં આવી છે. સરળ પ્રક્રિયા, મર્યાદિત દંડ અને કાનૂની જોખમોમાં રાહત આ યોજના ખાસ કરીને નોકરીદાતાઓ માટે મોટી રાહત રૂપે જોવામાં આવી રહી છે, જ્યારે કર્મચારીઓને પણ લાંબા ગાળે મહત્વપૂર્ણ લાભ મળે છે.

EPFO દ્વારા શરૂ કરાયેલ EES-2025 યોજના મૂળભૂત રીતે એક વન-ટાઈમ પાલન વિન્ડો છે. તેનો હેતુ એ છે કે જે સંસ્થાઓ અથવા કર્મચારીઓ ભૂતકાળમાં EPF એક્ટ હેઠળ આવરી લેવામાં ન આવ્યા હોય અથવા કવરેજ છૂટી ગયું હોય, તેમને ફરીથી EPFના દાયરામાં લાવવામાં આવે. EPFO ના સત્તાવાર નિવેદન મુજબ, આ યોજના નવેમ્બર 2025 થી અમલમાં આવશે અને તે દરમિયાન છ મહિનાનો સમયગાળો આપવામાં આવશે.

આ સમયગાળા દરમિયાન, નોકરીદાતાઓ સ્વૈચ્છિક રીતે એવા પાત્ર કર્મચારીઓની જાહેરાત અને નોંધણી કરી શકશે, જેમને અગાઉ EPF લાભ મળ્યો ન હતો. મહત્વની વાત એ છે કે જે સંસ્થાઓ અગાઉ EPF એક્ટ હેઠળ આવરી લેવામાં આવી ન હતી, તેઓ પણ આ વિન્ડો દરમિયાન કવરેજ માટે અરજી કરી શકશે.

EES-2025 નો સૌથી મોટો ફાયદો નોકરીદાતાઓને થાય છે. સામાન્ય રીતે EPF સંબંધિત ડિફોલ્ટમાં ભારે દંડ, વ્યાજ અને લાંબી કાનૂની કાર્યવાહીનો સામનો કરવો પડે છે. પરંતુ આ યોજના હેઠળ, જ્યાં કર્મચારીઓનું યોગદાન અગાઉ કાપવામાં આવ્યું ન હોય, ત્યાં નોકરીદાતાઓને માત્ર નોકરીદાતાનો હિસ્સો જ જમા કરાવવાનો રહેશે. કલમ 7Q હેઠળ વ્યાજ, વહીવટી શુલ્ક અને દંડાત્મક નુકસાન પણ ખૂબ મર્યાદિત રાખવામાં આવ્યું છે. દંડની રકમ મહત્તમ 100 સુધી સીમિત છે. આ રીતે, ભૂતકાળની ભૂલોને ઓછા ખર્ચે અને વિવાદ વિના નિયમિત કરવાની તક મળે છે.

આ યોજના તે સંસ્થાઓ માટે પણ લાભદાયક છે જે હાલ મૂલ્યાંકન અથવા ચકાસણીની પ્રક્રિયામાં છે. EES-2025 હેઠળ તેઓ પોતાના બાકી પાલનને સરળતાથી નિયમિત કરી શકે છે અને કાનૂની અનિશ્ચિતતાથી બચી શકે છે. સાથે પ્રધાનમંત્રી વિકાસ ભારત રોજગાર યોજના હેઠળ મળતા લાભો પણ, સંબંધિત નિયમો અને શરતોને આધીન રહીને, મેળવી શકાય છે.

કર્મચારીઓની દૃષ્ટિએ જોવામાં આવે તો, EES-2025 તેમને લાંબા ગાળાની સામાજિક સુરક્ષા આપે છે. EPF કવરેજ મળવાથી નિવૃત્તિ બાદ બચત, પરિવાર માટે સુરક્ષા અને અન્ય EPFO સંબંધિત લાભો ઉપલબ્ધ બને છે. ખાસ કરીને કરાર આધારિત અને કેઝ્યુઅલ કામદારો માટે આ યોજના મહત્વપૂર્ણ સાબિત થઈ શકે છે, કારણ કે EPFO તેમને પણ ઔપચારિક સામાજિક સુરક્ષા ફ્રેમવર્કમાં લાવવા પ્રયાસ કરી રહ્યું છે. વ્યાપક ભાગીદારી સુનિશ્ચિત કરવા માટે, EPFO ઓળખાયેલા ડિફોલ્ટર નોકરીદાતાઓને SMS અને ઈમેઈલ દ્વારા સંપર્ક કરશે અને તેમને EES-2025 નો લાભ લેવા માટે પ્રોત્સાહિત કરશે. સાથે સાથે, દેશભરમાં જાગૃતિ અભિયાન પણ શરૂ કરવામાં આવ્યું છે, જેથી નોકરીદાતાઓ યોજનાની જોગવાઈઓ, લાભો અને પ્રક્રિયા વિશે સારી રીતે માહિતગાર થાય.

# નર્મદામાં પોલીસની લાલ આંખ: ફુલવાડી પુલ નીચેથી લાખોનો દારૂ ઝડપાયો

## એલસીબીની ટીમે ફિલ્મી ઢબે દરોડો પાડી 5.78 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો




ભરત શાહ | નર્મદા

નર્મદા જિલ્લાની શાંતિને ડહોળવા મથતા બૂટલેગરો સામે ખાખીએ ફરી એકવાર રણશિંગુ ફૂંક્યું છે. જ્યારે આખું શહેર નિદ્રાધીન હતું, ત્યારે નાંદોદ તાલુકાના ફુલવાડી ગામના પુલ નીચે અંધારાના ઓથારે ખેલાતો કાળો કારોબાર પોલીસની બાજ નજરે ઝડપી પાડ્યો છે. એલસીબીની ટીમે લાલ આંખ કરતા જ લાખોનો દારૂ ભરીને જતી સ્વિફ્ટ ગાડી અને બૂટલેગરોના મનસૂબા ધૂળમાં મળી ગયા છે. ચોકસાઈપૂર્વકનું ઓપરેશન અને બાતમીનું સચોટ નિશાન સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, નર્મદા એલસીબીના પોલીસ ઈન્સ્પેક્ટર આર.જી. ચૌધરીના માર્ગદર્શન હેઠળ ટીમ જ્યારે રાજપીપળા વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી, ત્યારે કોન્સ્ટેબલ વિરલભાઈને એક અત્યંત ગુપ્ત અને સચોટ બાતમી મળી હતી. બાતમી એવી હતી કે ફુલવાડી ગામના પુલ નીચેથી દારૂનો મોટો જથ્થો પસાર થવાનો છે. પોલીસે જરા પણ સમય ગુમાવ્યા વગર ત્યાં ઘેરો ઘાલ્યો અને જેવી સફેદ રંગની સ્વિફ્ટ ડિઝાયર ગાડી દેખાઈ, પોલીસ ત્રાટકી હતી.પોલીસને જોઈ બૂટલેગરોમાં ફફડાટ, ઝાડીઓમાં થઈ ફરાર પોલીસની ગાડીઓનો કાફલો જોતા જ ગાડીમાં સવાર હુનજીભાઈ સેંગાભાઈ વસાવા (રહે. જંતર, ગરૂડેશ્વર) અને તેની સાથેના અન્ય બે અજાણ્યા શખ્સોના હોશ ઉડી ગયા હતા. ધરપકડના ડરથી આ શખ્સો ગાડી મૂકીને આસપાસની ગીચ ઝાડી-ઝાંખરામાં અંધારાનો લાભ લઈ નાસી છૂટ્યા હતા. જોકે, પોલીસે ઘટનાસ્થળેથી ગાડીની તલાશી લેતા અંદરથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ અને બિયરનો મોટો જથ્થો મળી આવ્યો હતો.

## કાળમુખી ભૂલ: તિલકવાડામાં સોડા સમજી ઝેરી દવા પી જતાં આધેડનું મોત

ભરત શાહ, નર્મદા

નર્મદા જિલ્લાના તિલકવાડા તાલુકાના શાંત એવા ગંભીરપુરા ગામમાં એક એવી ઘટના બની છે જે સાંભળીને કોઈપણનું કાળજું કંપી જાય. માત્ર એક સેકન્ડની ગફલત અને સોડા સમજીને પીવાયેલું એક ઘૂંટડો ઝેર 75 વર્ષના વૃદ્ધનો જીવ લઈ લેશે, તેવી કલ્પના પણ કોઈએ કરી નહોતી. જે તિજોરીમાં માણસ પોતાની મૂડી સાચવે છે, તે જ તિજોરીના ખાનામાં મુકેલી ઝેરી દવા ગંભીરપુરાના આધેડ માટે કાળનો પંજ બનીને ત્રાટકી છે.

સમગ્ર ઘટનાક્રમ અને કમનસીબી સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, ગંભીરપુરા ગામના વતની રમણભાઈ શાંતીભાઈ ભીલ (ઉંમર વર્ષ 75) ગત તારીખ 16 ડિસેમ્બરના રોજ પોતાના ઘરે હાજર હતા. આ ઉંમરે તરસ લાગતા કે મોજમાં તેમણે તિજોરીમાં રાખેલી એક બોટલ ઉઠાવી હતી. કમનસીબી એવી હતી કે તે બોટલ સોડાની નહીં પણ ખેતીમાં વપરાતી ઝેરી દવાની હતી.

# નવાપાડા ચેકપોસ્ટ પર ખાખીનો સપાટો: મહારાષ્ટ્રના બે બૂટલેગરો દારૂ સાથે ઝડપાયા



ભરત શાહ, નર્મદા

ગુજરાત અને મહારાષ્ટ્રની સરહદ પર જ્યારે રાતનો સન્નાટો છવાયેલો હોય છે, ત્યારે નશાના સોદાગરો સક્રિય થાય છે. પરંતુ નર્મદા જિલ્લાની સાગબારા પોલીસની સતર્કતાએ સાબિત કરી દીધું છે કે ખાખીની નજરથી બચવું અશક્ય છે. સાગબારા તાલુકાની નવાપાડા ચેકપોસ્ટ પર પોલીસે એક મોટી કાર્યવાહી કરીને મહારાષ્ટ્રથી આવતી દારૂ ભરેલી કાર ઝડપી પાડી છે. આ ઓપરેશનમાં પોલીસે બે રીઢા શખ્સોને લાખોના મુદ્દામાલ સાથે દબોચી લીધા છે. પીએસઆઈ લટાની ટીમનું જબરૂ ઓપરેશન મીડિયા રિપોર્ટ્સ અનુસાર, સાગબારા પોલીસ મથકના પીએસઆઈ જે.એમ. લટાને એક સચોટ બાતમી મળી હતી કે મહારાષ્ટ્રના નંદુરબાર જિલ્લાના ખાપર તરફથી એક સફેદ સ્વિફ્ટ ડિઝાયર ગાડીમાં દારૂનો જથ્થો ગુજરાતમાં ઘુસાડવામાં આવનાર છે. બાતમી મળતા જ પોલીસે નવાપાડા ચેકપોસ્ટ પર મોરચો સંભાળી લીધો હતો. રસ્તા પર આવતા-જતા વાહનોની ઝીણવટભરી તપાસ શરૂ કરવામાં આવી હતી.

# નર્મદામાં નેશનલ હાઈવે કે મોતનો માર્ગ? ભ્રષ્ટાચારના ખાડામાં હોમાઈ રહી છે જિંદગી

ભરત શાહ | નર્મદા

નર્મદા જિલ્લો, જે પ્રવાસન અને વિકાસના નામે દેશના નકશા પર ચમકી રહ્યો છે, ત્યાં જનતા માટે રસ્તાઓ હવે મોતનો પરવાનો બની રહ્યા છે. ભ્રષ્ટાચારના ડામરથી બનેલા નેશનલ હાઈવે નંબર 56 પરથી પસાર થતી વખતે ક્યારે કોણ કાળનો કોળિયો બની જાય તે કહેવું મુશ્કેલ છે. તાજેતરમાં બનેલી એક હૃદયદ્રાવક ઘટનામાં, તંત્રની ઘોર બેદરકારી અને રસ્તાની ખરાબ હાલતને કારણે એક નિર્દોષ યુવાન ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો છે. આ માત્ર એક અકસ્માત નથી, પણ ભ્રષ્ટાચારી વ્યવસ્થા સામેનો એક મોટો પુરાવો છે.ભ્રષ્ટાચારના ગાબડાં અને મોતની સવારી સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, નર્મદા જિલ્લામાં માર્ગ અને મકાન વિભાગ દ્વારા કરવામાં આવતી કામગીરીમાં મોટા પાયે ભ્રષ્ટાચાર થયો હોવાની ફરિયાદો વારંવાર ઉઠતી રહે છે. ખાસ કરીને નેશનલ હાઈવે રોડ નંબર 56 ની હાલત અત્યંત દયનીય છે. રસ્તા પર ઠેર-ઠેર ખાડાઓનું સામ્રાજ્ય છે. મીડિયા રિપોર્ટ્સ મુજબ, ગરુડેશ્વર તાલુકાના ગોરા કોલોનીમાં રહેતા 28 વર્ષીય યુવાન પ્રવીણકુમાર ઉદયકાંત ઝા પોતાની મોટરસાયકલ (નંબર GJ 22 L 2324) લઈને કેવડીયાથી રાજપીપળા તરફ જઈ રહ્યા હતા. વાંસલા ગામ પાસે સર્જાયો કરુણ અકસ્માત જ્યારે આ યુવાન વાંસલા ગામ નજીક નેશનલ હાઈવે પરથી પસાર થઈ રહ્યો હતો, ત્યારે ડામરનો રોડ અત્યંત ખરાબ અને ખાડાવાળો હોવાના કારણે તેની બાઈકનું સંતુલન અચાનક બગડી ગયું હતું. રોડ પરના મોટા ગાબડામાં બાઈક પટકાતા પ્રવીણકુમાર હવામાં ફંગોળાયા હતા અને રોડ પર પટકાયા હતા. આ દુર્ઘટનામાં તેમને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. સ્થાનિક લોકોએ તાત્કાલિક મદદ કરી તેમને સારવાર અર્થે ખસેડ્યા હતા.

લાખો પ્રવાસીઓનો જમાવડો, રોજગારીની હરણફાળથી બદલાયું અર્થતંત્ર

# ઐતિહાસિક ધરોહર અને આધુનિક સુવિધાઓનો સંગમ બન્યું સોરઠ

નરેન્દ્ર દવે | જૂનાગઢ

જે ધરતી વિશે કહેવાય છે કે 'અડીકડી વાવ અને નવઘણ કૂવો જે ન જુએ તે જીવતો મૂઓ', તે સોરઠની ઐતિહાસિક ધરા આજે વિકાસના નવા આકાશને આંબી રહી છે. મુખ્યત્વે ખેતી પર નભતો જૂનાગઢ જિલ્લો હવે માત્ર ખેડૂતોનો જ નહીં, પણ પ્રવાસીઓનો પણ માનીતો પ્રદેશ બની ગયો છે. ગિરનારના ગઢ ઉપર વાગતી માં અંબાની ઝાલર હોય કે ગીરના જંગલોમાં સિંહની ગર્જના, જૂનાગઢ આજે ગુજરાતના પ્રવાસન હબ તરીકે ગર્વભેર ઉભરી રહ્યું છે.સિંહ દર્શન અને રોપ-વે: પ્રવાસીઓનો મનગમતો મુકામ સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, ગિરનાર રોપ-વે શરૂ થતાની સાથે જ વર્ષ 2025 દરમિયાન 4 લાખથી વધુ શ્રદ્ધાળુઓએ સરળતાથી અંબાજીના દર્શન કર્યા છે. તે જ રીતે, ઐતિહાસિક ઉપરકોટ કિલ્લાની નવેમ્બર 2025 સુધીમાં 4 લાખથી વધુ લોકોએ મુલાકાત લીધી છે. મીડિયા રિપોર્ટ્સ મુજબ, સાસણ અને દેવળીયા ખાતે દર વર્ષે 40 દેશોમાંથી લાખો સહેલાણીઓ સિંહ દર્શન માટે ઉમટી પડે છે. સરકારે હવે ગિરનાર નેચર સફારી પાર્ક શરૂ કરીને જૂનાગઢના આંગણે જ સિંહ દર્શનની સુવિધા આપી છે, જેનો લાભ વર્ષ 2025 માં હજારો પ્રવાસીઓએ લીધો છે.કરોડોના ખર્ચે બદલાઈ રહી છે શહેરની સુરત જાણકારોના મતે, રાજ્ય સરકાર જૂનાગઢને વર્લ્ડ ક્લાસ ટુરિસ્ટ સ્પોટ બનાવવા માટે પાણીની જેમ પૈસા વાપરી રહી છે. સાસણ ખાતે 4.15 કરોડના ખર્ચે ટુરિસ્ટ ફેસીલીટેશન સેન્ટર અને ચોરવાડ બીચ માટે 4 કરોડના વિકાસ કામો પ્રગતિમાં છે. નરસિંહ મહેતા તળાવનું બ્યુટીફિકેશન 95 ટકા પૂર્ણ થઈ ગયું છે, જે ટૂંક સમયમાં લોકો માટે આકર્ષણનું કેન્દ્ર બનશે.

# સરહદી પંથકમાં રાષ્ટ્રભક્તિનો જબરો જુવાળ: વાવ-થરાદમાં ઉજવાશે રાજ્ય કક્ષાનો પ્રજાસત્તાક દિન

## મંત્રી ઋષિકેશ પટેલ અને અધ્યક્ષ શંકર ચૌધરીએ તૈયારીઓનો તાગ મેળવ્યો

## 26મી જાન્યુઆરીએ નવનિર્મિત જિલ્લામાં ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમોની જમાવટ

મહેશ સોલંકી | પાલનપુર

બનાસકાંઠાના સરહદી અને ખમીરવંતી પંથક એવા વાવ-થરાદ માટે આગામી 26મી જાન્યુઆરી એક ઐતિહાસિક અવસર બનીને આવી રહી છે. નવનિર્મિત વાવ-થરાદ જિલ્લાના આંગણે પ્રથમ વખત રાજ્ય કક્ષાના પ્રજાસત્તાક પર્વની ભવ્ય ઉજવણી થવા જઈ રહી છે. આ ઉત્સવ માત્ર તિરંગો લહેરાવવાનો કાર્યક્રમ નથી, પરંતુ આ પંથકની પ્રગતિ અને વિકાસની નવી સવારનું પ્રતીક છે. થરાદ કલેક્ટર કચેરી ખાતે યોજાયેલી હાઈ-પાવર બેઠકમાં પ્રભારી મંત્રી ઋષિકેશભાઈ પટેલ અને વિધાનસભા અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીએ આ ઉજવણીને યાદગાર બનાવવા માટે અધિકારીઓને 'રોડમેપ' આપ્યો છે.વિકાસની નવી ઈબારત અને રાષ્ટ્રીય ગૌરવ સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, રાજ્ય સરકાર આ નવા જિલ્લાને સર્વાંગી સુવિધાઓથી સજ્જ કરવા કટિબદ્ધ છે. બેઠક દરમિયાન પ્રભારી મંત્રી ઋષિકેશ પટેલે ભારપૂર્વક જણાવ્યું હતું કે, પ્રજાસત્તાક પર્વની ઉજવણી એવી ભવ્ય હોવી જોઈએ કે જે જિલ્લાવાસીઓ માટે ગૌરવપૂર્ણ સંભારણું બની રહે. આ સાથે જ તેમણે આરોગ્ય, શિક્ષણ અને પીવાના પાણી જેવી પાયાની જરૂરિયાતો પર ભાર મૂકતા કહ્યું કે, છેવાડાના ઘર સુધી શુદ્ધ પાણી પહોંચવું જોઈએ.અધ્યક્ષનું આહ્વાન: 'સર્વશ્રેષ્ઠ જિલ્લો બનાવવાનો સંકલ્પ' મીડિયા રિપોર્ટ્સ મુજબ, વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીએ આ બેઠકમાં અધિકારીઓમાં જોમ પૂરતા જણાવ્યું હતું કે, વાવ-થરાદ જિલ્લો સમગ્ર રાજ્યમાં મોડેલ જિલ્લો બને તે માટે આપણે સૌએ ખભેખભા મિલાવીને કામ કરવાનું છે.

# સરહદ પર રોશનીનો સૂર્યોદય: વાવ-થરાદમાં 30 કરોડના ખર્ચે ત્રણ સબ સ્ટેશનનું લોકાર્પણ

મહેશ સોલંકી | પાલનપુર

બનાસકાંઠાના સરહદી પંથક વાવ-થરાદમાં આજે વિકાસનો એક નવો અધ્યાય લખાયો છે. વર્ષોથી વીજળીની અછત અને લો-વોલ્ટેજની સમસ્યા સામે ઝઝૂમતા ખેડૂતો માટે ખુશીના સમાચાર આવ્યા છે. પ્રભારી મંત્રી ઋષિકેશભાઈ પટેલ અને રાજ્યકક્ષાના મંત્રી સ્વરૂપજી ઠાકોરના હસ્તે ઢીમા ખાતેથી 66 કેવીના ત્રણ-ત્રણ સબ સ્ટેશનોનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. 'જેતકો' (GETCO) દ્વારા 30 કરોડના માતબર ખર્ચે તૈયાર કરાયેલા આ સબ સ્ટેશનો હવે સરહદના ગામડાઓમાં અંધકારને ચીરીને સમૃદ્ધિનો ઉજાસ ફેલાવશે.વીજળી અને પાણી: સમૃદ્ધિના બે પાયા સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, ઢીમા, રાણપુર (આ.વાસ) અને ભડથ ખાતે કાર્યરત થયેલા આ નવા સબ સ્ટેશનથી 16 થી વધુ ગામોના હજારો ખેડૂતોને સીધો લાભ મળશે. લોકાર્પણ પ્રસંગે મંત્રી ઋષિકેશ પટેલે ભાવુક થઈને જૂના દિવસો યાદ કર્યા હતા. તેમણે કહ્યું કે, '20 વર્ષ પહેલાં ગામડાઓમાં વીજળી અને નર્મદાના પાણીની જે માંગ હતી, તે આજે પૂર્ણ થઈ રહી છે. આજે ખેડૂત દિવસે પણ વીજળી મેળવી રહ્યો છે અને ખેતીમાં ક્રાંતિ લાવી રહ્યો છે.' મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં રાજ્યનો ઉર્જા વિભાગ કુદરતી આફતોમાં પણ 24 કલાક સેવા આપીને પ્રજાને અવિરત વીજળી પૂરી પાડી રહ્યો છે.

# સ્વસ્થ બનાસકાંઠાનો સંકલ્પ: પાલનપુરમાં પ્રથમ ઐતિહાસિક જિલ્લા સ્વાસ્થ્ય પરિષદ યોજાઈ

લોક પ્રતિનિધિઓ અને તજજ્ઞોએ છેવાડાના માનવીના આરોગ્ય માટે મંથન કર્યું

મહેશ સોલંકી, પાલનપુર

બનાસકાંઠાની ધરા પર આજે એક નવી જાગૃતિનો સૂર્યોદય થયો છે. માત્ર ઈમારતો કે રસ્તાઓ જ નહીં, પણ જિલ્લાનો પ્રત્યેક નાગરિક શારીરિક રીતે સશક્ત અને નિરોગી હોય તેવા ઉમદા હેતુ સાથે પાલનપુર ખાતે બનાસકાંઠાની સર્વપ્રથમ 'જિલ્લા સ્વાસ્થ્ય પરિષદ'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. 'સ્વસ્થ બનાસકાંઠા'ના મિશન સાથે યોજાયેલી આ પરિષદમાં જિલ્લાના ખૂણેખૂણેથી આવેલા તજજ્ઞો અને લોક આગેવાનોએ એક જ મંચ પર બેસીને સ્વાસ્થ્ય સમસ્યાઓના કાયમી નિરાકરણ માટે ગંભીર મંથન કર્યું હતું.સમયસરની સાવચેતી અને જનભાગીદારીનું મહત્વ સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, જિલ્લા કલેક્ટર મિહિર પટેલે આ પ્રસંગે હૃદયસ્પર્શી વાત કરતા જણાવ્યું કે, આરોગ્ય ક્ષેત્રે લેવાયેલો એક નાનો સુધારો કે સમયસરનું સૂચન કોઈના ઘરનો ચિરાગ બુઝાતો અટકાવી શકે છે. તેમણે સ્પષ્ટ કર્યું કે સરકાર ગમે તેટલી સુવિધાઓ આપે, પણ જ્યાં સુધી સામાજિક સંસ્થાઓ, એન.જી.ઓ. અને લોક આગેવાનો ખભેખભા મિલાવીને કામ નહીં કરે, ત્યાં સુધી છેવાડાના માનવી સુધી ગુણવત્તાયુક્ત સેવાઓ પહોંચાડવી અશક્ય છે.

# ઘેલા સોમનાથ થી સોમનાથ સુધી શિવભક્તિનો સાદ: મંત્રી કુંવરજી બાવળીયાની ભવ્ય પદયાત્રા

નરેન્દ્ર દવે | જૂનાગઢ

સૌરાષ્ટ્રની પવિત્ર ધરા પર જ્યારે આસ્થા અને જનસેવાનો સમન્વય થાય છે, ત્યારે ઈતિહાસ સર્જાય છે. સામાજિક સમરસતા અને જનકલ્યાણની ભાવનાને વરેલા કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયા આગામી ૨૦મી ડિસેમ્બરથી ઘેલા સોમનાથના સાનિધ્યમાંથી 'જનકલ્યાણ શિવવંદના પદયાત્રા'નો પ્રારંભ કરવા જઈ રહ્યા છે. ૨૨૯ કિલોમીટર લાંબી આ પદયાત્રા માત્ર એક ધાર્મિક પ્રવાસ નથી, પરંતુ છેવાડાના માનવીની સુખાકારી માટેની એક મહાયાત્રા છે. મંત્રીશ્રી પોતે પગપાળા ચાલીને લોકોની વચ્ચે જશે અને શાસન તથા પ્રજા વચ્ચેનો સેતુ મજબૂત કરશે.લોકકલ્યાણનો સંકલ્પ અને શિવ ચરણોમાં વંદના મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ પદયાત્રાનો મુખ્ય હેતુ લોકોનું કલ્યાણ અને દેશનો સર્વાંગી વિકાસ છે. મંત્રી કુંવરજીભાઈએ જણાવ્યું હતું કે, માર્ગમાં આવતા ગામડાઓમાં ખાટલા બેઠકો અને ગ્રુપ મીટીંગો યોજીને સરકારી યોજનાઓની માહિતી ઘર-ઘર સુધી પહોંચાડવામાં આવશે. વ્યસન મુક્તિ અને સાંપ્રદાયિક સમભાવના પાઠ ભણાવવા માટે લોકડાયરા અને સાંસ્કૃતિક કાર્યક્રમોની પણ રમઝટ જામશે. રાજકોટ, પોરબંદર અને જૂનાગઢ એમ ત્રણ લોકસભા વિસ્તારોમાંથી પસાર થતી આ યાત્રામાં હજારો શ્રદ્ધાળુઓએ ઉત્સાહભેર નોંધણી કરાવી છે.

# ગીરના વનરાજાની ડણકથી ગુંજ્યું વિધાનસભાનું પ્રતિનિધિમંડળ: અંદાજ સમિતિ સિંહ દર્શને

નરેન્દ્ર દવે | જૂનાગઢ

એશિયાટિક સિંહોની ડણક અને ગીરની અસીમ વનરાજી આજે ગુજરાત વિધાનસભાની અંદાજ સમિતિના સભ્યો માટે એક અવિસ્મરણીય અનુભવ બની રહી. સોરઠની આ પવિત્ર અને ઐતિહાસિક ધરા પર જ્યારે જનતાના પ્રતિનિધિઓ પ્રકૃતિના ખોળે પહોંચ્યા, ત્યારે ગીરના ગૌરવ એવા ડાલામથ્થા સિંહોને નિહાળી સૌ કોઈ મંત્રમુગ્ધ થઈ ગયા હતા. આ માત્ર એક પ્રવાસ નહોતો, પરંતુ ગુજરાતના આ અમૂલ્ય વારસાને વધુ સમૃદ્ધ બનાવવા માટેનું એક ગંભીર નિરીક્ષણ હતું.વનરાજની શાન અને તંત્રનું સન્માન મીડિયા રિપોર્ટ્સ અનુસાર, અંદાજ સમિતિના અધ્યક્ષ અર્જુનસિંહ ચૌહાણની આગેવાનીમાં સમિતિના નવ જેટલા સભ્યોએ સાસણ ગીર ખાતે જંગલ સફારી કરી હતી. પ્રકૃતિના ખોળે વિહરતા એશિયાઈ સિંહોને જોતા જ ધારાસભ્યો અભિભૂત થયા હતા. કનુભાઈ પટેલ, હર્ષદકુમાર પટેલ અને ભગાભાઈ બારડ સહિતના સભ્યોએ ગીર નેશનલ પાર્કની વિશેષતાઓ વિશે વન વિભાગ પાસેથી ઝીણવટભરી માહિતી મેળવી હતી. સિંહોના સંરક્ષણ માટે વન વિભાગ દ્વારા કરવામાં આવી રહેલી અથાગ મહેનતને સમિતિએ મુક્તકંઠે બિરદાવી હતી.

# જૂનાગઢમાં સેવાનો અવિરત પ્રવાહ: પ્રવાસી બાળકો માટે ગિરનારી ગ્રુપનું નિઃશુલ્ક 'ભોજન અમૃત'

શૈક્ષણિક પ્રવાસે આવતા હજારો વિદ્યાર્થીઓ માટે આશીર્વાદરૂપ બની સંસ્થા

નરેન્દ્ર દવે, જૂનાગઢ

જ્યાં ટુકડો ત્યાં હરિ ઢુકડો - આ ઉક્તિને જૂનાગઢનું ગિરનારી ગ્રુપ અને જલારામ ભક્તિધામ મંદિર સાર્થક કરી રહ્યું છે. જૂનાગઢની મુલાકાતે આવતા શૈક્ષણિક પ્રવાસના બાળકો માટે શરૂ કરવામાં આવેલી નિઃશુલ્ક ભોજન પ્રસાદની સેવા આજે માત્ર એક કાર્યક્રમ નહીં, પરંતુ કરુણા અને સંવેદનાનું જીવંત પ્રતીક બની ગઈ છે. ઝાંઝરડા ચોકડી પાસે, ડી-માર્ટની બાજુમાં આવેલ જલારામ મંદિરમાં ગત ૧૫ ડિસેમ્બરથી શરૂ થયેલો આ સેવાયજ્ઞ સેંકડો બાળકોના ચહેરા પર સ્મિત લાવી રહ્યો છે.

બાળકો માટે આશીર્વાદ સમાન સેવા સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, શિયાળાની ઋતુમાં ગુજરાતભરમાંથી સરકારી શાળાઓના પ્રવાસો જૂનાગઢમાં ઉમટી પડતા હોય છે. ગિરનાર, ભવનાથ અને સકરબાગ જેવા સ્થળો ફરતી વખતે બાળકો થાકી જાય છે અને ઘણીવાર તેમને સમયસર પૌષ્ટિક ભોજન મળતું નથી. આવી કપરી પરિસ્થિતિમાં ગિરનારી ગ્રુપના સમીર દત્તાણી અને સંજય બુહેચાની આગેવાનીમાં સાંજના સમયે ગરમાગરમ અને સાત્વિક ભોજન પીરસવામાં આવે છે. આ ભોજન માત્ર પેટ નથી ભરતું, પણ બાળકોમાં સેવા અને પરોપકારના સંસ્કાર પણ રોપે છે.

# શનિશ્ચરી અમાસનો પાવન અવસર: નખત્રાણા શનિદેવ મંદિરે ધ્વજારોહણ અને મહાપ્રસાદનું ભવ્ય આયોજન

મહેશ એલ. સોની | નખત્રાણા

કચ્છના નખત્રાણા પંથકના શ્રદ્ધાળુઓ માટે આગામી ૨૦મી ડિસેમ્બરનો દિવસ વિશેષ મહત્વનો બની રહેશે. નખત્રાણા નગરના મધ્યમાં આવેલા પ્રાચીન અને ભવ્ય શનિદેવ મંદિરે શનિશ્ચરી અમાસના પાવન અવસરે ધાર્મિક ઉત્સવનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. શનિવારના દિવસે જ અમાસ આવતી હોવાથી આ દિવસનું આધ્યાત્મિક મહત્વ વધી જાય છે, જેને ધ્યાને લઈ મંદિર સમિતિ દ્વારા વિવિધ કાર્યક્રમોની રૂપરેખા તૈયાર કરવામાં આવી છે. ભક્તિમય કાર્યક્રમોની રૂપરેખા સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, મંદિરના પૂજારી ટીનુભાઈ રામાવતે આ પાવન પર્વ વિશે માહિતી આપતા જણાવ્યું હતું કે, ૨૦/૧૨/૨૦૨૫ ના રોજ સવારે શુભ મુહૂર્તમાં શનિદેવના મંદિરના શિખર પર નૂતન ધ્વજારોહણ કરવામાં આવશે. ત્યારબાદ દિવસભર વિશેષ પૂજા અને તેલ અભિષેક વિધિ ચાલશે. સાંજના સમયે દિવ્ય મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં શનિદેવની સ્તુતિ અને ભક્તિના ગુંજારવથી મંદિર પરિસર ગાજી ઉઠશે.મહાપ્રસાદ અને દાતાઓનો સહયોગ મીડિયા રિપોર્ટ્સ મુજબ, આ અવસરે ભક્તો માટે મહાપ્રસાદ (ભંડારા) ની પણ સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે. આ પ્રસાદના મુખ્ય દાતા તરીકે વમોટીના માધવજીભાઈ પ્રેમજીભાઈ ચંદન, નખત્રાણાના જગદીશ સિંહ કનુભા જાડેજા તેમજ સ્વ. જનકભાઈ માવજી પલણ પરિવાર દ્વારા સહયોગ આપવામાં આવ્યો છે.

# મથલ ડેમ હવે 'નો એન્ટ્રી' ઝોન: સિંચાઈ વિભાગે સુરક્ષાના કારણોસર લગાવ્યા પ્રતિબંધિત બોર્ડ

મહેશ એલ. સોની | નખત્રાણા

કચ્છ જિલ્લાના નખત્રાણા તાલુકાના મહત્વના જળાશય એવા મથલ ડેમ ખાતે હવે સહેલાણીઓ અને સ્થાનિકો માટે નિયમો કડક બનાવવામાં આવ્યા છે. વારંવાર બનતા અકસ્માતો અને જાનહાનિના બનાવોને રોકવા માટે સિંચાઈ વિભાગ (ક્ષાર અંકુશ વિભાગ, ભુજ) દ્વારા મથલ ડેમ વિસ્તારને સત્તાવાર રીતે પ્રતિબંધિત વિસ્તાર જાહેર કરવામાં આવ્યો છે. તંત્ર દ્વારા ડેમના મુખ્ય સ્થળો પર કાયમી સૂચના બોર્ડ લગાવી દેવામાં આવ્યા છે, જેથી અજાણતા પણ કોઈ વ્યક્તિ જોખમમાં ન મુકાય.

અકસ્માતોની હારમાળા બાદ લેવાયેલો નિર્ણય સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, અગાઉ મથલ ડેમમાં ડૂબી જવાના અનેક હૃદયદ્રાવક અકસ્મિત બનાવો બની ચૂક્યા છે. લોકો મનોરંજન માટે ડેમ પર આવતા હોય છે, પરંતુ સુરક્ષાના અભાવે આ મનોરંજન ક્યારેક શોકમાં ફેરવાઈ જતું હોય છે. આ ગંભીર બાબતને ધ્યાને લઈ વહીવટી તંત્રએ હવે કાયમી ધોરણે સાવચેતીના પગલાં ભર્યા છે. ડેમની પાળી (માટીપાળા) પરથી વાહનો પસાર કરવા પર સંપૂર્ણ પ્રતિબંધ લાદવામાં આવ્યો છે, કારણ કે તેનાથી ડેમના માળખાને નુકસાન થવાની સાથે વાહન સ્લિપ થવાનું જોખમ પણ રહેલું છે.

હેમંત ચૌહાણ સહિતના કલાકારોએ સોશિયલ મીડિયા પર દાતાઓને સહયોગ આપવા કરી અપીલ

# કુકમાના આંગણે રચશે રૂડા અવસર: મહાશિવરાત્રીએ યોજાશે 'સર્વજ્ઞાતિ સમૂહ લગ્નોત્સવ'

મહેશ એલ. સોની | નખત્રાણા

કચ્છની ધરતી પર સામાજિક એકતા અને સેવાના અનેક ઉદાહરણો જોવા મળે છે, ત્યારે વધુ એક ભવ્ય સામાજિક કાર્યક્રમ કુકમા મધ્યે આકાર લેવા જઈ રહ્યો છે. સાર્થક મહિલા વિકાસ ટ્રસ્ટ દ્વારા આગામી ૧૫ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ, મહાશિવરાત્રીના અત્યંત પવિત્ર દિવસે કુકમા ખાતે 'સર્વજ્ઞાતિ સમૂહ લગ્નોત્સવ'નું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમની વિશેષતા એ છે કે તેમાં કોઈ પણ જ્ઞાતિ કે ધર્મના ભેદભાવ વિના તમામ સમાજના યુગલો સામૂહિક રીતે લગ્નગ્રંથિથી જોડાશે.મહિલા શક્તિના માધ્યમથી સામાજિક ઉત્થાન સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, સાર્થક મહિલા વિકાસ ટ્રસ્ટની બહેનો દ્વારા આ ભગીરથ કાર્ય ઉપાડવામાં આવ્યું છે. ટ્રસ્ટના અધ્યક્ષ હંસાબેન ચાવડાએ માહિતી આપતા જણાવ્યું હતું કે, આ આયોજન પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારો પર લગ્નના ખર્ચનું ભારણ ઘટાડવા અને સમાજમાં સમરસતા લાવવાનો છે. આ પ્રસંગ ભુજ-અંજાર હાઈવે પર આવેલ કુકમા ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે અત્યંત ધામધૂમથી ઉજવવામાં આવશે.કલાકારો અને દાતાઓનો સાથ મીડિયા રિપોર્ટ્સ મુજબ, આ ઉમદા કાર્યને વેગ આપવા માટે ગુજરાતના સુપ્રસિદ્ધ ભજન સમ્રાટ હેમંતભાઈ ચૌહાણ સહિત અન્ય નામી-અનામી ગાયક કલાકારોએ સોશિયલ મીડિયાના માધ્યમથી જાહેર જનતા અને દાતાઓને આર્થિક તેમજ વસ્તુ સ્વરૂપે સહયોગ આપવા અપીલ કરી છે.

માનવ વિકાસ સૂચકાંક (HDI) સુધારવા ઉર્જા ઉત્પાદનમાં ક્રાંતિકારી વધારો અનિવાર્ય

# વિકસિત ભારતનો 'ન્યુક્લિયર' રોડમેપ: ૨૦૫૦ સુધીમાં ૧૦૦ ગીગાવૉટ પરમાણુ ઉર્જાનું લક્ષ્ય

નવી દિલ્હી: કોઈપણ રાષ્ટ્રનો વિકાસ તેના ઉર્જા વપરાશ સાથે સીધો જોડાયેલો હોય છે. ભારત જ્યારે વિકસિત રાષ્ટ્ર બનવા તરફ ડગ માંડી રહ્યું છે, ત્યારે ઉર્જાની વધતી માંગને પહોંચી વળવા માટે માત્ર પરંપરાગત સ્ત્રોતો પૂરતા નથી. જાણીતા પરમાણુ વિજ્ઞાની આર.બી. ગ્રોવરના મતે, જો ભારતને માનવ વિકાસ સૂચકાંક (HDI) માં ૦.૯ ના સ્તર સુધી પહોંચવું હોય, તો વાર્ષિક અંદાજે ૨૪,૦૦૦ ટેરા-વોટ-કલાક (TWh) ઉર્જાની જરૂર પડશે. આ ભગીરથ લક્ષ્યને સાકાર કરવા માટે પરમાણુ ઉર્જા જ એકમાત્ર સલામત, ટકાઉ અને ખર્ચ-અસરકારક માર્ગ દેખાઈ રહ્યો છે.ઉર્જા મિશ્રણનું ડીકાર્બોનાઈઝેશન: સમયની માંગ વૈજ્ઞાનિક વિશ્લેષણ મુજબ, ભારત હાલમાં અશ્મિભૂત ઈંધણ (કોલસો અને ગેસ) પર વધુ નિર્ભર છે. ગીચ વસ્તી ધરાવતા દેશમાં સૌર અને પવન ઉર્જા માટે જમીનની મર્યાદાઓ નડે છે, વળી આ સ્ત્રોતો હવામાન પર આધારિત હોવાથી 'બેઝલોડ' એટલે કે સતત વીજળી આપવા માટે સક્ષમ નથી. અહીં પરમાણુ ઉર્જા મહત્વની ભૂમિકા ભજવે છે. સ્ટીલ અને ખાતર જેવા ઉદ્યોગોને પ્રદૂષણમુક્ત કરવા માટે જરૂરી હાઈડ્રોજનના ઉત્પાદનમાં પણ પરમાણુ ઉર્જા પાયાનો પથ્થર સાબિત થશે.સ્વદેશી ટેકનોલોજી અને કાયદાકીય પીઠબળ ભારતે પરમાણુ ક્ષેત્રે જે સિદ્ધિ મેળવી છે તે ગૌરવપ્રદ છે. આજે ભારત ૭૦૦ મેગાવોટના PHWR રિએક્ટર્સની ડિઝાઈન અને સંચાલનમાં નિપુણતા ધરાવે છે. કેન્દ્ર સરકાર દ્વારા પસાર કરાયેલું 'ટ્રાન્સફોર્મિંગ ઈન્ડિયા બિલ, ૨૦૨૫' આ ક્ષેત્રમાં ક્રાંતિ લાવશે. આ કાયદો પરમાણુ ઉર્જાના ટકાઉ ઉપયોગ માટે માળખું પૂરું પાડે છે અને સુરક્ષાની જવાબદારીઓ નિશ્ચિત કરે છે. ૧૯૬૨ ના મૂળભૂત અધિનિયમોમાં સુધારા કરીને ભારતે હવે સદીના મધ્ય સુધીમાં ૧૦૦ ગીગાવોટ (GW) ક્ષમતા સ્થાપિત કરવાનું સાહસિક લક્ષ્ય નિર્ધારિત કર્યું છે.

# જૂનાગઢમાં ફફડાટ: રહેણાંક વિસ્તારમાં બે ખૂંખાર દીપડાઓના આંટાફેરા

કિશોર આર. સોલંકી, જાફરાબાદ

ગિરનારની ગોદમાં વસેલું જૂનાગઢ શહેર જાણે હવે વન્ય પ્રાણીઓનું કાયમી સરનામું બની ગયું હોય તેમ લાગે છે. શહેરના ખલીલપુર રોડ પર આવેલી ખોડલધામ ટાઉનશીપમાં ગઈકાલે જે દ્રશ્યો જોવા મળ્યા, તેણે સ્થાનિકોના હૃદયના ધબકારા વધારી દીધા છે. સાંજના સમયે જ્યારે લોકો ચાય-નાસ્તો કરીને મંદિરના ચોગાનમાં બેઠા હતા, ત્યારે અચાનક બે દીપડાઓએ રસ્તો ક્રોસ કર્યો હતો. આ દ્રશ્ય જોઈને હાજર રહેલી મહિલાઓના ગળા સુકાઈ ગયા હતા અને આખું વાતાવરણ ભયથી થરથરવા લાગ્યું હતું.અત્યાર સુધીની તાજી સ્થિતિ મેળવેલી વિગતો મુજબ, ખોડલધામ ટાઉનશીપ મંદિર પાસે જે સમયે આ ઘટના બની, ત્યારે લોકોની અવરજવર ચાલુ હતી. સ્થાનિક એપાર્ટમેન્ટના સીસીટીવી કેમેરામાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે બે ખૂંખાર દીપડાઓ ખૂબ જ આરામથી શેરીમાંથી પસાર થઈ રહ્યા છે. જાણે આ જંગલનો રસ્તો હોય તેમ તેઓ બિન્ધાસ્ત ડગલાં ભરી રહ્યા હતા. જોકે, આ વિસ્તારની પાછળ વન વિભાગની હદ આવેલી છે, પરંતુ ઈતિહાસમાં પ્રથમવાર આ રહેણાંક વિસ્તારમાં દીપડાએ દેખા દેતા લોકો હવે બાળકોને બહાર મોકલતા પણ ડરી રહ્યા છે. સ્થાનિકોની પ્રતિક્રિયા અને ડર જાણકારોના મતે, ગિરનાર જંગલમાંથી આ શિકારી પ્રાણીઓ વારંવાર શહેર તરફ વળી રહ્યા છે.

લોકલ ફોર વોકલ મંત્ર સાથે લખપતિ દીદી બનવાની દિશામાં મક્કમ ડગલાં

# જૂનાગઢમાં ગરવી નારી શક્તિનો ગુંજારવ: ૧૦૦ સ્ટોલ્સ પર છલકાયું હુન્નર

નરેન્દ્ર દવે જૂનાગઢ



જૂનાગઢની પવિત્ર ધરતી પર જ્યારે ગિરનારની છાયામાં હજારો બહેનોના સપનાઓને પાંખો મળી, ત્યારે દ્રશ્ય અદભૂત હતું. રાજ્યના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ડો. પ્રદ્યુમન વાજાએ જ્યારે દીપ પ્રાગટ્ય કરીને 'સશક્ત નારી મેળા'નો પ્રારંભ કરાવ્યો, ત્યારે માત્ર એક મેળાની શરૂઆત નહોતી, પણ હજારો પરિવારોની આર્થિક આઝાદીનો સૂર્યોદય હતો. સરદારબાગ પાસે આવેલી હવેલી વાડી આજે નારી શક્તિના સ્મિત અને તેમના હુન્નરથી ઝળહળી ઉઠી હતી.લોકલ ફોર વોકલ અને સ્વદેશીની મહેક સ્થાનિક સૂત્રોના જણાવ્યા મુજબ, આ ત્રણ દિવસીય મેળામાં કુલ ૧૦૦ સ્ટોલ્સ લગાવવામાં આવ્યા છે. અહીં માત્ર વસ્તુઓનું વેચાણ નથી, પણ આ સંઘર્ષની વાર્તાઓ છે. ક્યાંક પ્રાકૃતિક ખેતીના શુદ્ધ ઉત્પાદનો છે, તો ક્યાંક સોરઠની બહેનોના હાથે બનેલી કલાત્મક ચીજવસ્તુઓ. મંત્રીશ્રીએ પોતે દરેક સ્ટોલની મુલાકાત લીધી અને બહેનોને પૂછ્યું, 'કેવી ચાલે છે તૈયારી?' આ પ્રશ્નમાં એક વડીલનો ભાવ અને સરકારનો ટેકો સ્પષ્ટ દેખાતો હતો.

લખપતિ દીદીથી ડ્રોન દીદી સુધીની સફર જાણકારોના મતે, ગુજરાતમાં અત્યાર સુધીમાં ૫.૯૬ લાખ બહેનો 'લખપતિ દીદી' બની ચૂકી છે.

# અબડાસામાં વીજ તંત્રની ઘોર બેદરકારી: માલધારીની વ્હાલી બકરીનો ભોગ લેવાયો, યુવાન જીવન-મરણ વચ્ચે

મહેશ એલ. સોની | નખત્રાણા

કચ્છના અબડાસા તાલુકામાં વીજ કંપનીની બેદરકારી જાણે ગરીબ જનતા માટે મોતનો સામાન બનીને લટકી રહી હોય તેમ જણાય છે. અબડાસાના નરેડી ગામે એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે, જેમાં ૧૧ કે.વી.ની હાઈટેન્શન લાઈનના કારણે એક ગરીબ માલધારી યુવાન ગંભીર રીતે ઘાયલ થયો છે, જ્યારે તેની બકરીનું કરંટ લાગવાથી કરુણ મોત નિપજ્યું છે. આ ઘટનાએ ફરી એકવાર ગુજરાત વીજ બોર્ડની કામગીરી અને જાળવણી સામે ગંભીર સવાલો ઉભા કર્યા છે.બકરીને શોધવા જવું ભારે પડ્યું સ્થાનિક સૂત્રો દ્વારા મળતી વિગતો અનુસાર, નરેડી ગામના રહેવાસી ખલીફા દાઉદ સિદ્દિક નામના ગરીબ માલધારીની એક બકરી ખોવાઈ ગઈ હતી. સાંજની વેળાએ પોતાની આજીવિકા સમાન બકરીને શોધવા નીકળેલા દાઉદભાઈ જ્યારે વાડી વિસ્તારમાં પહોંચ્યા, ત્યારે ત્યાંથી પસાર થતી ૧૧ કે.વી.ની લાઈન જોખમી રીતે નીચી લટકી રહી હતી. તેની બકરી આ લાઈનના સંપર્કમાં આવી જતા સ્થળ પર જ મૃત્યુ પામી હતી. પોતાની બકરીને બચાવવા અથવા તેને લેવા ગયેલા દાઉદભાઈને પણ જોરદાર વીજ કરંટ લાગ્યો હતો. જીવન-મરણ વચ્ચે જોલા ખાતો માલધારી મીડિયા રિપોર્ટ્સ મુજબ, વીજ શોક એટલો ભયાનક હતો કે માલધારી યુવાન દૂર ફેંકાઈ ગયો હતો અને ગંભીર રીતે દાઝી ગયો હતો.

# આરોગ્યનો મહાકુંભ: ધરમપુરમાં શ્રીમદ્ રાજચંદ્ર હોસ્પિટલ દ્વારા ઐતિહાસિક નિ:શુલ્ક સર્વરોગ નિદાન કેમ્પ

મહેશ એલ. સોની | નખત્રાણા

દક્ષિણ ગુજરાતના વલસાડ જિલ્લાના ધરમપુર ખાતે માનવતાના સેવા યજ્ઞનો પ્રારંભ થવા જઈ રહ્યો છે. શ્રીમદ્ રાજચંદ્ર હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટર દ્વારા નવા વર્ષના પ્રારંભમાં જ, એટલે કે ૨ જી જાન્યુઆરી થી ૫ મી જાન્યુઆરી ૨૦૨૬ સુધી એક વિશાળ નિઃશુલ્ક સર્વરોગ નિદાન અને સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમાં માત્ર તપાસ જ નહીં, પરંતુ જટિલ ઓપરેશનો અને ખર્ચાળ દવાઓ પણ દર્દીઓને વિનામૂલ્યે પૂરી પાડવામાં આવશે.વિશ્વસ્તરની સારવાર હવે દરેકના આંગણે સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, આ કેમ્પમાં ભારત સહિત વિદેશના ૧૫૦ થી વધુ નિષ્ણાત ડોક્ટરોની ટીમ પોતાની માનદ સેવાઓ આપવાની છે. સામાન્ય તાવથી લઈને હૃદયની ગંભીર બીમારીઓ, હાડકાના સાંધાના ઓપરેશનો, પ્લાસ્ટિક સર્જરી અને વાંકાચૂકા હાથ-પગના સુધારા માટેના ઓપરેશનો પણ અહીં નિઃશુલ્ક કરવામાં આવશે. ખાસ કરીને જે લોકો પાસે આયુષ્માન કાર્ડ નથી, તેઓ પણ આ સુવિધાનો પૂરેપૂરો લાભ લઈ શકશે.તપાસથી લઈને ચશ્મા સુધી બધું જ ફ્રી મીડિયા રિપોર્ટ્સ મુજબ, કેમ્પમાં આવનારા દર્દીઓ માટે સીટી સ્કેન, એમઆરઆઈ, એક્સ-રે અને લેબ ટેસ્ટ જેવા મોંઘા રિપોર્ટ્સ પણ મફત કરી આપવામાં આવશે.

નોંધાયેલા મંડળ વગર પણ સામાન્ય બહેનોને મળ્યું પ્લેટફોર્મ

# કલેક્ટરની કલમથી બદલાયું કિસ્મત: 7 બહેનોને મળ્યું સપનાનું નવું આકાશ

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢના ઈતિહાસમાં વહીવટી તંત્રની સંવેદનશીલતાનો એક નવો અધ્યાય લખાયો છે. જિલ્લા કલેક્ટર અનિલકુમાર રાણાવસિયાએ એક એવી પહેલ કરી છે જેની ચર્ચા આજે સોરઠના દરેક ઘરે-ઘરે થઈ રહી છે. સામાન્ય રીતે સરકારી મેળાઓમાં માત્ર નોંધાયેલા મંડળો જ ભાગ લઈ શકતા હોય છે, પણ કલેક્ટરશ્રીએ આ વખતે 'આઉટ ઓફ ધ બોક્સ' જઈને એવી બહેનોને તક આપી છે જેઓ ઘરે બેસીને નાનું-મોટું કામ કરે છે પણ જેમની પાસે મોટું પ્લેટફોર્મ નહોતું. આવી 7 ભાગ્યશાળી બહેનોને સશક્ત નારી મેળામાં વિનામૂલ્યે સ્ટોલ ફાળવીને કલેક્ટરે ખરા અર્થમાં નારી શક્તિને વંદન કર્યા છે.

હુન્નરને મળ્યું હકનું સન્માન અત્યાર સુધીની તાજી સ્થિતિ મુજબ, વહીવટી તંત્રએ એક મોબાઈલ નંબર જાહેર કર્યો હતો, જેના પર સંપર્ક કરીને કોઈપણ બહેન મેળામાં ભાગ લેવા વિનંતી કરી શકતી હતી. જૂનાગઢના જાનકીબેન બારોટ, જેઓ ઘરે રાગી અને ઘઉંના હેલ્થી કુકીઝ બનાવે છે, તેમણે ક્યારેય વિચાર્યું નહોતું કે તેમને કોઈ મોટા મેળામાં સ્ટોલ મળશે. જાનકીબેન કહે છે, 'કલેક્ટર સાહેબના આ નિર્ણયથી અમને માત્ર જગ્યા નથી મળી, પણ અમારા આત્મવિશ્વાસને નવી પાંખો મળી છે.

# રાજુલા પોલીસનો સપાટો: ૩૫ ગુનામાં સંડોવાયેલો ખૂંખાર શિવરાજ ધાખડા જેલભેગો

કિશોર આર. સોલંકી, જાફરાબાદ

અમરેલી જિલ્લાની રાજુલા પોલીસે આજે ગુનેગારોના શિરે કાયદાનો કોરડો વીંઝીને સાબિત કરી દીધું છે કે ગુનો કરીને ગમે તેટલા ભાગો, કાયદાના હાથ લાંબા હોય જ છે. જેની સામે ૩૫ જેટલા ગંભીર ગુનાઓ નોંધાયેલા છે, તેવો રીઢો અને માથાભારે આરોપી શિવરાજ ધાખડા આખરે પોલીસના સકંજામાં આવી ગયો છે. હિંડોરણા ગામ પાસેના ચેતન ઓટો પેટ્રોલપંપ પર આતંક મચાવી, કર્મચારીઓ સાથે મારામારી કરી અને પેટ્રોલપંપ સળગાવવાનો જઘન્ય પ્રયાસ કરનાર આ આરોપી છેલ્લા ઘણા સમયથી પોલીસને થાપ આપી રહ્યો હતો.

અત્યાર સુધીની તાજી સ્થિતિ સ્થાનિક સૂત્રોના જણાવ્યા મુજબ, શિવરાજ ધાખડાનો આતંક એટલો હતો કે તેણે માત્ર પેટ્રોલપંપના કર્મચારીઓને ગાળો આપી એટલું જ નહીં, પણ એક નિર્દોષ ટ્રક ડ્રાઈવરને જાનથી મારી નાખવાની કોશિશ પણ કરી હતી. આટલેથી ન અટકતા, તેણે પેટ્રોલપંપના માલિકને જો પોલીસ ફરિયાદ કરશે તો ગંભીર પરિણામ ભોગવવાની ધમકીઓ આપી હતી. જોકે, અમરેલી ડીવાયએસપી અશોક સિંહ ગોહિલના માર્ગદર્શન હેઠળ રાજુલા પી.આઈ. એ.ડી. ચાવડાએ અલગ-અલગ ટીમો બનાવી વડ ગામ નજીકથી આ શખ્સને દબોચી લીધો હતો.

# લોટીયા ચોકડી લોહીથી ખરડાઈ: અજાણ્યા વાહનની ટક્કરે ભાઈ-બહેન લોહીલુહાણ

કમલેશ પટેલ | સંખેડા

આજે સવારનો સૂરજ સનોલી વસાહતના એક પરિવાર માટે કાળમુખો સાબિત થયો છે. લોટીયા ચોકડી પાસે એક અત્યંત કરુણ અને કંપારી છૂટી જાય તેવા અકસ્માતમાં ૧૯ વર્ષનો અમિત અને તેની ૨૧ વર્ષની બહેન નરતીબેન જિંદગી અને મોત વચ્ચે ઝોલા ખાઈ રહ્યા છે. બાઈક પર સવાર થઈને નીકળેલા આ ભાઈ-બહેનને કોઈ અજાણ્યા અને બેફામ વાહન ચાલકે પાછળથી જોરદાર ટક્કર મારી હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે બંને રસ્તા પર ફંગોળાઈ ગયા હતા અને તેમનું લોહી ડામરના રસ્તા પર વહેવા લાગ્યું હતું. સૌથી શરમજનક વાત એ છે કે, આ માનવતાહીન વાહન ચાલક આ અસહાય ભાઈ-બહેનને રડતા મૂકીને ઘટનાસ્થળેથી નાસી છૂટ્યો હતો.હોસ્પિટલના બિછાને જિંદગીની જંગ સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ, અકસ્માત જોઈને લોકોના કાળજા કંપી ગયા હતા. તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરવામાં આવતા બંનેને હોસ્પિટલ ખસેડાયા હતા. નરતીબેનને માથાના ભાગે ખૂબ જ ગંભીર ઈજા પહોંચી હોવાથી તેમને સંખેડા રેફરલ હોસ્પિટલથી વધુ સારવાર માટે બોડેલીની આનંદ હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા છે. બીજી તરફ, અમિતના હાથ-પગ અને આખા શરીરે ગંભીર ઈજાઓ હોવાથી તેને સર્વોદય હોસ્પિટલમાં દાખલ કરાયો છે.

ગુજરાત બાર કાઉન્સિલના આદેશનું ચુસ્ત પાલન: એકતાનો ગુંજ્યો નાદ

# ડાંગના ન્યાયિક આકાશમાં સમરસતાનો સૂર્યોદય: સંજય બારે પ્રમુખ પદે બિરાજ્યા

સુશીલ પવાર | ડાંગ

ડાંગ જિલ્લાના વકીલ આલમમાં આજે લોકશાહીના એક નવા અને તેજસ્વી પ્રકરણનો આરંભ થયો છે. ગુજરાત બાર કાઉન્સિલના આદેશ અનુસાર ૧૯ ડિસેમ્બરના રોજ યોજાયેલી ચૂંટણી પ્રક્રિયામાં ડાંગના વકીલોએ જે સમરસતા અને એકતા દર્શાવી છે, તેની ચર્ચા આજે સમગ્ર દક્ષિણ ગુજરાતમાં થઈ રહી છે. કોઈપણ જાતના મનદુ:ખ કે વિવાદ વગર, અત્યંત સુચારુ રીતે નવી બોડીની રચના કરવામાં આવી છે, જેમાં પ્રમુખ તરીકે એડવોકેટ સંજયભાઈ સી. બારેની સર્વાનુમતે વરણી કરવામાં આવતા કોર્ટ પરિસર આનંદના આક્રંદથી ગુંજી ઉઠ્યું હતું.

ખભેથી ખભા મિલાવીને ચાલવાનો સંકલ્પ સ્થાનિક સૂત્રોના જણાવ્યા મુજબ, નવી બોડીની આ ચૂંટણીમાં માત્ર પદોની વહેંચણી નથી થઈ, પણ પરસ્પર વિશ્વાસનું વાવેતર થયું છે. મંત્રી તરીકે આર. પી. લાખન, ઉપપ્રમુખ તરીકે રાજેશભાઈ વાઘ, લાયબ્રેરીયન તરીકે વંશિકાબેન એ. ભોયે અને ખજાનચી પદે પી. એમ. બાગુલની નિમણૂક કરવામાં આવી છે. આ નવનિયુક્ત પદાધિકારીઓને હાજર રહેલા તમામ વકીલોએ ફૂલહાર પહેરાવી અને મીઠાઈ ખવડાવીને વધાવ્યા હતા. જાણે પરિવારનો કોઈ સભ્ય મોટી સિદ્ધિ હાસલ કરીને આવ્યો હોય તેવો માહોલ આહલાદક જણાતો હતો.

# ડાંગ ભાજપમાં મોટો ભૂકંપ: ૨૨ કદાવર નેતાઓએ કેસરીયો ફગાવી 'પંજો' પકડ્યો

સુશીલ પવાર, ડાંગ

સ્થાનિક સ્વરાજ્યની આગામી ચૂંટણીઓ પૂર્વે ગુજરાતના રાજકારણમાં સૌથી મોટો ધડાકો ડાંગ જિલ્લામાં થયો છે. ડાંગ ભાજપમાં લાંબા સમયથી ઉકળતો ચરૂ આખરે વિસ્ફોટમાં પરિણમ્યો છે. પૂર્વ ધારાસભ્ય મંગળભાઈ ગાવિતની કોંગ્રેસમાં ઘરવાપસી બાદ આજે ૨૨થી વધુ દિગ્ગજ હોદ્દેદારો અને પાયાના કાર્યકરોએ ભાજપ સાથેનો છેડો ફાડી નાખ્યો છે. ગાંધીનગર સ્થિત 'રાજીવ ગાંધી ભવન' ખાતે આ નેતાઓએ વિધિવત રીતે કોંગ્રેસનો ખેસ ધારણ કરતા જ ડાંગના આદિવાસી પટ્ટામાં ભાજપના પાયા હચમચી ગયા છે.ભ્રષ્ટાચાર અને ઉપેક્ષા સામે બળવો મીડિયા રિપોર્ટ્સ મુજબ, કોંગ્રેસમાં જોડાનારાઓમાં જિલ્લા પંચાયત કારોબારી અધ્યક્ષ નિલેશભાઈ બાગુલ, માજી કારોબારી ચેરમેન વિજયભાઈ ચૌધરી અને સુબિર પટ્ટાના ધુરંધર આગેવાન બાબુભાઈ બાગુલ જેવા કદાવર ચહેરાઓનો સમાવેશ થાય છે. કોંગ્રેસમાં જોડાયેલા નેતાઓએ ભાજપ સરકાર પર પ્રહારો કરતા જણાવ્યું કે, વિકાસના નામે માત્ર ભ્રષ્ટાચાર થઈ રહ્યો છે અને છેવાડાના માનવી તેમજ પાયાના કાર્યકરોની સતત અવગણના કરવામાં આવે છે. સત્તાના નશામાં ચૂર ભાજપ નેતાઓની અક્કડ સામે આ બળવો હોવાનું મનાય છે.મંગળ ગાવિતનો કરિશ્મા અને કોંગ્રેસનો હુંકાર સ્થાનિક સૂત્રોના જણાવ્યા મુજબ, ડાંગના પૂર્વ ધારાસભ્ય મંગળભાઈ ગાવિતની લોકપ્રિયતા હજુ પણ અકબંધ છે. તેમના પ્રભાવને કારણે જ ભાજપના ગઢમાં આટલું મોટું ગાબડું પડ્યું છે.

બિનહરીફ જીત સાથે સાબિત કર્યું કે સેવા અને સમર્પણનો કોઈ વિકલ્પ નથી

# નર્મદાના ન્યાયમંદિરમાં વંદના ભટ્ટનો લલકાર: સતત ૧૨મી વાર પ્રમુખ પદે વિજય

ભરત શાહ, નર્મદા

નર્મદા જિલ્લાના ન્યાયિક જગતમાં આજે એક નવો ઈતિહાસ રચાયો છે. નર્મદા જિલ્લા બાર એસોસિએશનની ચૂંટણીમાં એડવોકેટ વંદના ભટ્ટે સતત ૧૨મી વાર પ્રમુખ પદે વિજેતા બનીને સાબિત કરી દીધું છે કે લોકશાહીમાં કામ અને વિશ્વાસ જ સર્વોપરી છે. રાજપીપળા જિલ્લા ન્યાયાલયના બારરૂમમાં જ્યારે ચૂંટણીના પરિણામો જાહેર થયા, ત્યારે વકીલ આલમમાં ખુશીની લહેર દોડી ગઈ હતી. છેલ્લા ૧૧ વર્ષથી અવિરત સેવા આપ્યા બાદ, ૧૨મી વાર પણ બિનહરીફ ચૂંટાઈ આવવું એ કોઈ ચમત્કાર નથી, પણ વંદનાબેનની વર્ષોની તપસ્યા અને વકીલો પ્રત્યેની તેમની નિષ્ઠાનું ફળ છે.બિનહરીફ વરણી અને સંગઠનનું જોર સ્થાનિક સૂત્રોના જણાવ્યા મુજબ, માત્ર પ્રમુખ પદ જ નહીં, પણ મંત્રી પદે પણ એડવોકેટ આદિલ પઠાણ બિનહરીફ વિજેતા જાહેર થયા છે. આ બંને માંધાતાઓની બિનહરીફ વરણી એ બતાવે છે કે નર્મદાના વકીલોમાં એકતા અને પરસ્પર વિશ્વાસ કેટલો મજબૂત છે. જેવી રીતે દિવાળીના પર્વ પર આખું ઘર ઝળહળી ઉઠે છે, તેમ રાજપીપળા કોર્ટ પરિસરમાં પણ આજે મીઠાઈઓ વહેંચાઈ અને હારતોરા પહેરાવી વિજેતાઓને વધાવવામાં આવ્યા હતા.ઉપપ્રમુખ પદ માટે રસાકસી જાણકારોના મતે, પ્રમુખ અને મંત્રી પદ બિનહરીફ રહ્યા, પરંતુ ઉપપ્રમુખ પદ માટે રસાકસીભર્યો જંગ જોવા મળ્યો હતો.

# ડાંગમાં નાતાલ પર્વની સુરક્ષિત ઉજવણી માટે ખ્રિસ્તી સમાજની કલેક્ટરને ગુહાર

સુશીલ પવાર | ડાંગ

ડાંગ જિલ્લામાં પ્રેમના પ્રતીક સમા નાતાલ પર્વની આડંબરી નહીં પણ આસ્થાપૂર્ણ ઉજવણી માટે ખ્રિસ્તી સમાજ દ્વારા કમર કસવામાં આવી છે. સમગ્ર જિલ્લાના ખ્રિસ્તી સમાજના પ્રતિનિધિઓએ આજે જિલ્લા કલેક્ટરને સંબોધીને એક લેખિત રજૂઆત કરી છે, જેમાં આગામી તા. ૨૪/૧૨/૨૦૨૫ થી તા. ૦૧/૦૧/૨૦૨૬ સુધી યોજાનારા વિવિધ ધાર્મિક અને સામાજિક કાર્યક્રમો માટે પૂરતી સુરક્ષા અને પરવાનગીની માંગણી કરવામાં આવી છે. નાતાલનો તહેવાર શાંતિપૂર્ણ રીતે ઉજવાય અને સામાજિક સદભાવના જળવાઈ રહે તેવો સૂર આ રજૂઆતમાં જોવા મળ્યો હતો.બંધારણીય અધિકારો અને સામાજિક જવાબદારી ખ્રિસ્તી સમાજ દ્વારા કરવામાં આવેલી રજૂઆતમાં ભારતીય બંધારણની કલમ ૧૯(૧) B (શાંતિપૂર્ણ ભેગા થવાનો અધિકાર) અને કલમ ૨૫ (ધર્મની સ્વતંત્રતાનો અધિકાર) નો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સમાજના અગ્રણીઓએ ખાતરી આપી છે કે, 'અમે પ્રાર્થના, કેરોલ ગીતો અને સંગીતના કાર્યક્રમો દરમિયાન કાયદાકીય મર્યાદાઓનું પાલન કરીશું. પાર્કિંગ, કચરાનો નિકાલ અને અવાજ નિયંત્રણ જેવા મુદ્દાઓ પર વહીવટી તંત્ર સાથે સંકલન કરવામાં આવશે જેથી સામાન્ય જનતાને કોઈ તકલીફ ન પડે.'

સુરક્ષા અને સદભાવનાની માંગ સ્થાનિક સૂત્રોના જણાવ્યા મુજબ, ડાંગમાં નાતાલ દરમિયાન મોટી સંખ્યામાં લોકો ઉમટી પડતા હોય છે, ત્યારે કોઈ અપ્રિય ઘટના ન બને તે માટે પોલીસ બંદોબસ્તની પણ માંગ કરવામાં આવી છે. આ ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ્ય સમાજમાં શાંતિ અને સોહાર્દ વધારવાનો છે. આ કાર્યક્રમો જાતિ કે ધર્મના ભેદભાવ વગર તમામ સમુદાયોને જોડવાનો પ્રયત્ન કરે છે તેવું પણ રજૂઆતમાં ભારપૂર્વક જણાવવામાં આવ્યું છે.

# ચાણસ્મા પોલીસનો મધરાતે સપાટો: જિતોડાની સીમમાંથી જુગારધામ ઝડપાયું

નિતીન ઠાકર | ચાણસ્મા

પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકામાં અસામાજિક પ્રવૃત્તિઓ ડામવા માટે પોલીસે કમર કસી છે. રેન્જ આઈજી કોરડીયા અને જિલ્લા પોલીસ વડા વી.કે. નાયી દ્વારા મિલકત સંબંધિત ગુનાઓ શોધવા અંગે આપેલી કડક સૂચનાઓ બાદ ચાણસ્મા પોલીસ સક્રિય થઈ છે. આજે મધરાતે ચાણસ્મા પોલીસની ટીમે જિતોડા ગામની સીમમાં ચાલી રહેલા જુગારધામ પર વીજળીક તરાપ મારી હતી. પોલીસની આ ઓચિંતી કાર્યવાહીથી જુગારીઓમાં નાસભાગ મચી ગઈ હતી, પરંતુ પોલીસે કોર્ડન કરીને ત્રણ શખ્સોને રંગેહાથ દબોચી લીધા હતા.

સીમ વિસ્તારમાં ચાલતો હતો હાર-જીતનો ખેલ સ્થાનિક સૂત્રોના જણાવ્યા મુજબ, પી.આઈ. આર.એચ. સોલંકી અને તેમની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન એક ખાનગી બાતમી મળી હતી કે જિતોડાની સીમમાં કેટલાક ઈસમો એકત્ર થઈને જુગાર રમી રહ્યા છે. પોલીસે સમય વેડફ્યા વગર બાતમીવાળી જગ્યાએ છાપો માર્યો હતો. જ્યાં (૧) કરશનભાઈ રાજુભાઈ મલ્લ (૨) મહેશકુમાર પ્રહલાદભાઈ પટેલ અને (૩) મુકેશજી મંગળજી ઠાકોર જુગાર રમતા ઝડપાઈ ગયા હતા. પોલીસે આ સ્થળેથી કુલ ૧૧,૨૩૦ રૂપિયાની રોકડ રકમ કબજે કરી છે અને તમામની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

કાયદાનો ગુંજતો નાદ અને પોલીસની સતર્કતા મીડિયા રિપોર્ટ્સ મુજબ, આ વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી ચોરી અને જુગાર જેવી પ્રવૃત્તિઓ વધી રહી હોવાની ફરિયાદો ઉઠી હતી. પોલીસની આ રેડને પગલે જનતાએ રાહતનો શ્વાસ લીધો છે. ચાણસ્મા પોલીસની આ કામગીરીથી અસામાજિક તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે. જેવી રીતે હોળીના પર્વ પર અનિષ્ટનો નાશ થાય છે.

# ગંગા સદનમાં રવિવારની રજા પૂર્વે જામ્યો રસોડાનો જંગ: પૂરણપોળી કે કટલેસ?

........ગંગા સદન માં શનિવાર ના દિવસે બધા રવિવાર ની રજા નું મેનૂ શું રહેશે એની ચર્ચા માં વ્યસ્ત હતા. બે ત્રણ રવિવાર થી સતત લડવા ખાધા હોવાથી બધા લડવા માટે અસહમત હતા.બીજે દિવસે બા ની મોટી બહેન ધનુ માસી પણ આવવાના હતા એટલે બધા ખુશ ખુશાલ હતા.ધનુ માસી વિધવા હતા પણ દિલ ના ખૂબ ઉદાર એટલે જ્યારે પણ મુંબઈ થી આવે ત્યારે બધા માટે ભેટ સાથે મુંબઈ નો ફેવરીટ હલવો અને બાળકો માટે બિસ્કિટ ચોકલેટ લાવતા હતા. બા ની બહેન એટલે બાપુજી ની મોટી સાળી પધારવા ના હતા એટલે એના સ્વાગત માટે તૈયારીઓ તો કરવી જ પડે છૂટકો છે.

બાપુજી એ બાં ની સામુ જોઈને બધા સાંભળે એમ મોટેથી કહ્યું કે મારા પાટલા સાસુ ને લાડવા,લાપસી ખાસ ભાવતા નથી પૂરણપોળી બનાવીએ તો.

ફૈબા નાક નું ટુચકું ચડાવતા બોલ્યા કે ધનુબેન, મુંબઈ ના છે એટલે લડવા,લાપસી,ઓરમુ ઓછા ભાવે છે કે જીજા નું મન પૂરણપોળી આરોગવા માટે થનગનાટ કરે છે.

ફૈબા ની વાત ને સમર્થન આપતા બા બોલ્યા કે બેન, સાવ સાચી વાત છે જેમ જેમ ઉંમર વધે છે ને એની એમ એમ જીભ ના ચટકા એના વધ્યા છે પુરણ પોળી સાથે મેથી ના ગોટા મળી જાય ને તો તમારા ભાઈ ને જીવતે જી સ્વર્ગ મળી ગયું સમજો

બધા બા ની વાત સાંભળતા જ ખડખડાટ હસવા લાગ્યા. અચાનક ત્રીજા નંબરની વહુ કનક ટાપસી પુરાવતા બોલી કે બા,પૂરણપોળી સાથે મેથીના ગોટા ને બદલે કટલેસ વધારે ભળશે

ફૈબા મોકાની તલાશ માં જ બેઠા હતા જેવો મોકો મળે એ ભગા વહુઓ પર પોતાનો રોફ જાડે. ત્રીજા નંબરની વહુ કનકની વાત કાને પડતાં જ ફૈબા એની આંખો ગુસ્સામાં ગોળ ફેરવતા બોલ્યાં કે એલી!!તારા પિયરમાં વધીને ત્રણ ચાર ઠામડા દોડા દોડી કરે છે ને આવી મોટી પાક શાસ્ત્રી..મેથીના ગોટાના બદલે કટલેટ.. કટલેટ નો સ્વાદ ચાખ્યો છે ખરો ક્યારેય..

પિયર નું મેણું સહન ન થતા કનક ગુસ્સે થતા ફૈબા નું માન સન્માન ભૂલી ગઈ. કનક એ તીખી નજરે ફઈબા સામુ જોતા ધીમે થી કહ્યું કે વાત તો તમારી એકદમ સાચી છે કદાચ મેં કટલેટ પિયર ખાધી નહી હોય પણ તમે બોલતા પહેલા એ ભૂલી ગયા મારું સાસરું વધારે ખમતીધર છે એટલે તો તમે ડેરા તંબુ તાણી ને મહિનાઓ ના મહિનાઓ રોકાઈ જાવ છો.

બાપુજી ને થયું કે હાલત વધારે બગડે એ પહેલા સમસ્યા પર કાબૂ મેળવવો આવશ્યક છે. મોટા અવાજે બાપુજી બોલ્યા કે કનક વહું નવા જમાનાની અને ભણેલી ગણેલી છે એટલે એને વાનગીઓ વિશે સારી જાણકારી છે. મેથી ના ગોટા તો ઘણીવાર બને છે પણ કટલેસ માં મહેનત વધારે લાગે એટલે ઓછી બને છે તો પૂરણપોળી ની સાથે કટલેટ મેનૂ ફિક્સ.



અસ્તિત્વ ભાગ : ૧૨
- રુપાલી દવે

બાપુજી એ ફઈબા ને પ્રેમ થી સમજાવતા કહ્યું કે બહેન, મારી ચારેય દીકરાની વહુઓના સંસ્કારી અને શિક્ષિત પરિવાર માંથી આવે છે બ્રાહ્મણ સમાજ માં ચારેય વહુ ઓન પરિવારનું ખાસ્સું માન છે. વહુઓના પિયર વિશે ટિપ્પણી ફરી વાર ક્યારેય કરશો તો મને બિલકુલ ગમશે નહી.તમે મારા મોટા બહેન છો એટલે તમારું મારા પરિવાર માં માન સચવાય એવું ઈચ્છું છું.

મહેશના લગ્ન પછી ભાઈના ઘરે ફૈબા વધારે છ મહિના ટકી ગયા હતા એટલે એ નાની નાની વાતો માં વહુઓ ની ખામી શોધી ને ભાભી ના કાન ભરતા હતા.

બહેન ના ભોઠા પડી ગયેલ ચહેરા પરથી લાગ્યું બાપુજી ને થયું કે બહેન ને વધારે બોલાઈ ગયું છે એટલે મનાવી લેવી પડશે.

ફઈબા ની સામુ જોઈને બાપુજી એ પૂછ્યું કે બહેન છોડો ને બધી રસોડાની પંચાત વહુઓ કરશે બધું.તમે એ બોલો કે મારી પાટલા સાસુ ને શું ભેટ આપશું?..

કનક તરફ વિજય નજર ફરકાવીને ફૈબા ધીમેથી બોલ્યો કે સાચી વાત છે ભઈલા જેનુ જે કામ.પણ ધનુબેન ને શું ભેટ ગમશે એની તો ભાભી ને જ વધારે ખબર પડશે. સંધ્યા સમય થયો એટલે ભગવાનના નામ જપ નો સમય થઈ ગયો છે જય ભોળાનાથ બોલી ને એ પરસાળ ના ખાટલા પર થી ઊઠીને ઓરડા તરફ ચાલવા લાગ્યા.

આમ તો બાની આદત ત્રણેય વહુઓ પર જાજી રોકટોક કરવા ની નહતી પણ જ્યારથી ફઈબા એના કાન ભર્યા કરતા ને ત્યાર થી કચકચ કરવા લાગ્યા હતા.ફઈબા એની આદત અનુસાર ઘરની નાની મોટી દરેક વાત માં વહુઓ ની ભૂલો ન હોય તો પણ શોધી કાઢતા હતા.મોટી અને બીજા નંબર ની વહુઓ તો ફઈબા ના સ્વભાવ થી ટેવાયેલી હતી.ત્રીજા નંબરની કનક વહુ એકતો દેખાવે રૂપાળી ને રસોઈ કાળા માં પણ નિષ્ણાંત વળી એની સહનશક્તિ ઓછી એટલે ઝગડા ના ડરે ગમ ખાઈ ચૂપ રહી શકતી નહતી

ફઈબા ને બધા વચ્ચે બાપુજી ની દાટ પડતાં કનક વહું સાથે બીજી બન્ને ખૂબ ખુશ ખુશાલ થઈ હતી...

ચર્ચાઓ,ચડસાચડસી અને ઝગડા ના વાતાવરણ માં પણ બા ચિંતિત મને મૌન ધારણ કરીને બેઠા હતા.બાપુજી ની નજર એ બા નું મૌન સ્વરૂપ પકડાઈ જતા એણે પત્ની ને પૂછ્યું કે ભાગ્યવાન,શું થયું છે? કેમ ચૂપચાપ છો તમે? તબિયત તો સારી છે તમારી..

મોટો દીકરો સુરેશ એ હસ્તા હસતાં બોલ્યો કે અરે!! બાપુજી,બાં નો જીવ મહેશ એની આસપાસ નથી એટલે એ સવારથી ઉદાસ બેઠા છે એ સરખી રીતે જમ્યા પણ નથી..

બીજા નંબર ના રમેશ એ મોટા ભાઈની વાત માં સુર પુરાવતા ધીમેથી બોલ્યો કે આજ ફઈબા પ્રત્યેક નાની નાની વાતમાં બા અકળાઈ જાય છે,કેટલું સમજાવ્યું કે મહેશ ઘરે પરત ફરી જશે. બા ની મહેશ પ્રત્યેની ચિંતાઓ થી આપણે બધા વાકેફ છીએ..

ત્રીજા નંબર ના દીકરા જયેશ એ બાં ને હલાવતા કહ્યું કે દાદી અમ્મા...દાદી અમ્મા કુછ તો બોલો...બોલો.

બોલવાના બદલે અચાનક બા ચોધાર આંસુ એ રડવા લાગ્યા ને રડતા રડતા એ બોલ્યા કે મારા રોયા ને કેટલુંય સમજાવ્યું હતું પણ બધુય ભેંસ પાસે ભાગવત થયું. દર વર્ષે ઢેબરા તેરસ માં પાલીતાણા માં માનવમેદની ઉમટે છે એટલે ટ્રેન ખચાખચ ભરેલી હોઈ છે...મહેશ એટલો બધો જીદ્દી છે ને સ્વભાવ ના મામલે બિલકુલ તમારા પર ગયો છે સમજતો જ નથી..કીધું હતું કે કઈ ઊંચનીચ થઈ તો તારા સાસરિયા ને શું જવાબ આપીશું? અફસોસ!!મહેશ ના બાપુજી મારા લાડલા ને પાલીતાણા જતાં રોકી શકી હોત..,હવે પરેશાન થવાથી પણ શું ફાયદો? ભગવાન ભોળાનાથ ની કૃપા થાય મારા મહેશ પર ને એ હેમખેમ ઘર ભેગો થાય

બાપુજી એ ગળું ખંખેરતા બા ને સમજાવ્યું કે જે થઈ ગયું છે એનો વસવસો કરવા કરતા મન માં ટાઢક વાળી ને શાંતિ પકડો. મહેશ નાનો નથી કે એની ચિંતા માં ઘર માથે લીધું છે..

# 60 કરોડ રૂપિયાના છેતરપિંડી કેસમાં આખરે શિલ્પા શેટ્ટીએ મૌન તોડ્યું, કહ્યું- મારા જ પૈસા પાછા નથી મળ્યા



(એજન્સી) મુંબઇ I તા. 19

60 કરોડ રૂપિયાની છેતરપિંડીના કેસમાં ફસાયેલી અભિનેત્રી શિલ્પા શેટ્ટી અને પતિ રાજ કુન્દ્રાની મુશ્કેલીઓ વધી રહી છે. આ મામલે પોલીસ કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરવાની છે. એવામાં અભિનેત્રીએ સત્તાવાર નિવેદન આપતા કહ્યું છે કે તમામ આરોપો પાયાવિહોણા છે અને એક મહિલાની ગરિમાને ઠેસ પહોંચાડવામાં આવી રહી છે. શિલ્પા શેટ્ટીએ સત્તાવાર નિવેદનમાં કહ્યું, કે આ કેસમાં મારું નામ જોડવાના પ્રયાસ જોઈને દુ:ખ થાય છે. કંપનીમાં હું નોન-એક્ઝિક્યુટિવ પદ પર હતી. ફાઈનાન્સના કોઈ પણ નિર્ણયમાં મારી ભૂમિકા નહોતી. મારા પરિવારે કંપનીને 20 કરોડ રૂપિયાની લોન આપી હતી જે હજુ સુધી પાછી નથી મળી. નોંધનીય છે કે એક વેપારીનો આરોપ છે કે તેણે રાજ કુન્દ્રાની કંપની બેસ્ટ ડીલ ટીવી પ્રાઈવેટ લિમિટેડને 60 કરોડ રૂપિયાની લોન આપી હતી. પણ પૈસા પાછા આપવાની સ્થિતિમાં શિલ્પાએ ડાયરેક્ટર પદ પરથી રાજીનામું આપી દીધું. નોંધનીય છે કે 18 ડિસેમ્બરે એવા સમાચારો વહેતા થયા હતા કે શિલ્પા શેટ્ટીના નિવાસ સ્થાને આવકવેરા વિભાગના દરોડા પડ્યા હતા. જે મામલે તેમના વકીલે જવાબ આપતા કહ્યું છે, કે કોઈ દરોડા નથી પડ્યા. આવકવેરા તરફથી એક નિયમિત

## ધર્મેન્દ્રની છેલ્લી ફિલ્મ ઈક્કિસની રીલિઝ એક સપ્તાહ પાછળ ઠેલાઈ

મુંબઇ : ધર્મેન્દ્રની અંતિમ ફિલ્મ 'ઈક્કિસ' હવે આગામી નાતાલને બદલે પહેલી જાન્યુઆરીએ રીલિઝ કરાશે. કાર્તિક આર્યન અને અનન્યા પાંડેની કરણ જોહરે બનાવેલી ફિલ્મ 'તુ મેરી મૈ તેરા, મૈ તેરા તુ મેરી' સાથે બોક્સ ઓફિસ પર ટક્કર ટાળવા માટે આ નિર્ણય લેવાયો હોવાનું મનાય છે. 'ઈક્કિસ'નો હિરો અમિતાભ બચ્ચનનો દૌહિત્ર અગસ્ત્ય નંદા છે. આથી, આ ફિલ્મને બહુ મોટી કમર્શિઅલ સફળતા મળવાની આશા ઓછી છે. આ કારણોસર નિર્માતા દિનેશ વિજને બોક્સ ઓફિસ પર ફિલ્મ વધારે પડતી પીટાઈ ન જાય તે માટે રીલિઝ પાછળ ઠેલી હોવાની ચર્ચા છે.

## લેમ્બોર્ગિની-BMW સહિત 10 કરોડની ગાડીઓ જપ્ત! દુબઈમાં લગ્ન કરનારા 25 વર્ષના યુટ્યુબરની પાછળ પડી ED

(એજન્સી) મુંબઇ I તા. 19

ઉત્તર પ્રદેશના ઉન્નાવ જિલ્લામાં યુટ્યુબર અનુરાગ દ્વિવેદીના પૈતૃક આવાસની સાથોસાથ તેના કાકા નપેન્દ્ર નાથ દ્વિવેદીના ઘરે પર ED (એન્ફોર્સમેન્ટ ડિરોક્ટોરેટ)ના દરોડા પૂરા થઈ ગયા છે. અહીં EDએ ચાર વાહનોને જપ્ત કર્યા છે, જેમાં અનુરાગ દ્વિવેદીની લગ્ઝરી કાર સામેલ છે. આ કાર ગુનાની આવકમાંથી ખરીદી હોવાનું જણાવવામાં આવી રહ્યું છે. જપ્ત કરવામાં આવેલા વાહનોમાં લગભગ 4.18 કરોડ રૂપિયાની શરૂઆતી કિંમતની લેમ્બોર્ગિની ઉરૂસ, મર્સિડીઝ-બેન્જ અને ફોર્ડ એન્ડેવર અને થારનો સમાવેશ થાય છે. આ કેસ છેતરપિંડી, બનાવટી અને ગેરકાયદેસર ઓનલાઈન સટ્ટાબાજી સંબંધિત ગુનાઓ સાથે સંબંધિત હોવાનું કહેવાય છે, જેમાં ડિજિટલ પ્લેટફોર્મ અને ગેરકાયદે નાણાંકીય ચેનલો દ્વારા કાર્યરત સંગઠિત ઓનલાઈન સટ્ટાબાજી અને જુગાર નેટવર્કનું સંચાલન સામેલ હતું. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) અનુસાર, તપાસમાં જાણવા મળ્યું છે કે, સિલિગુડીથી એક ઓનલાઈન સટ્ટાબાજી પેનલનું સંચાલન કરવામાં આવી રહ્યું હતું, જેમાં સોનુ કુમાર ઠાકુર અને વિશાલ ભારદ્વાજ સહિત અન્ય આરોપીઓ સામેલ હતા. આ ગેંગ દેશના વિવિધ ભાગોમાં ખચ્ચર બેન્ક એકાઉન્ટ્સ, ટેલિગ્રામ ચેનલો અને અન્ય ડિજિટલ પ્લેટફોર્મનો ઉપયોગ કરીને ગેરકાયદે ઓનલાઈન સટ્ટાબાજી અને જુગાર પ્રવૃત્તિઓ ચલાવી રહી હતી. તપાસમાં સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર અને યુટ્યુબર અનુરાગ દ્વિવેદીની ભૂમિકા પણ બહાર આવી છે.એજન્સીના જણાવ્યા મુજબ, અનુરાગ દ્વિવેદીએ ગેરકાયદેસર ઓનલાઈન સટ્ટાબાજી પ્લેટફોર્મને પ્રોત્સાહન આપવામાં સક્રિય અને મુખ્ય ભૂમિકા ભજવી હતી. EDનો દાવો છે કે દ્વિવેદીએ આ પ્લેટફોર્મનો પ્રચાર કરતા વીડિયો બનાવ્યા અને શેર કર્યા અને હવાલા ઓપરેટરો, ખચ્ચર ખાતાઓ અને મધ્યસ્થીઓ દ્વારા બદલામાં રોકડ મેળવી. તપાસમાં એ પણ જાણવા મળ્યું કે તેમની કંપનીઓ અને તેમના પરિવારના સભ્યોના બેંક ખાતાઓમાં કોઈ કાયદેસર વ્યવસાયિક આધાર વિના મોટી રકમ જમા કરવામાં આવી હતી.અહેવાલ અનુસાર, ગેરકાયદે ઓનલાઈન સટ્ટાબાજી પ્લેટફોર્મને પ્રોત્સાહન આપવામાં અનુરાગ દ્વિવેદીએ સક્રિય અને મુખ્ય ભૂમિકા ભજવી હતી. EDનો દાવો છે કે, દ્વિવેદીએ આ પ્લેટફોર્મનો પ્રચાર કરતા વીડિયો બનાવ્યા અને શેર કર્યા અને હવાલા ઓપરેટરો, મ્યુલ એકાઉન્ટ અને મધ્યસ્થીઓ દ્વારા બદલામાં રોકડ મેળવી. તપાસમાં એ પણ જાણવા મળ્યું કે, તેમની કંપનીઓ અને તેમના પરિવારના સભ્યોના બેન્ક ખાતાઓમાં કોઈ કાયદેસર વ્યવસાયિક આધાર વિના મોટી રકમ જમા કરવામાં આવી હતી.

# પેડ્ડી રિલીઝ ડેટ: 2026 માં એક ભવ્ય યુદ્ધ થશે

## જેમાં 1000 કરોડ રૂપિયાના દક્ષિણ અભિનેતા ધુરંધર 2 સાથે ટકરાશે, અને આ 3 ફિલ્મો પણ 'ગેમ ચેન્જર' હશે




(એજન્સી) મુંબઇ I તા. 19

રામ ચરણની ફિલ્મ પેડ્ડી 2026 માં સિનેમાઘરોમાં રિલીઝ થઈ રહી છે. આ ફિલ્મની સાથે, આ સમય દરમિયાન 3-4 અન્ય ફિલ્મો પણ રિલીઝ થવાની છે. રામ ચરણે ફિલ્મની રિલીઝ ડેટની પુષ્ટિ કરતા, એ સ્પષ્ટ છે કે 2026 નો ત્રીજો મહિનો ભીષણ યુદ્ધ હશે. ફરી એકવાર, બોક્સ ઓફિસ પર દક્ષિણ અને બોલિવૂડ વચ્ચે ભીષણ યુદ્ધ જોવા મળશે. રામ ચરણ ફિલ્મ પેડ્ડી રિલીઝ ડેટ: દક્ષિણ ફિલ્મ ઉદ્યોગના એક મોટા સુપરસ્ટાર રામ ચરણની કારકિર્દી શાનદાર રહી છે અને તેમને દક્ષિણ ફિલ્મોનો મુખ્ય સ્ટાર માનવામાં આવે છે. તેમની ફિલ્મ RRR એ વિશ્વભરમાં જંગી કમાણી કરી હતી, 1000 કરોડ રૂપિયાથી વધુની કમાણી કરી હતી. ત્યારબાદ તેમણે કેટલીક ફિલ્મોમાં અભિનય કર્યો, પરંતુ આ ફિલ્મોનો બોક્સ ઓફિસ પર ખાસ પ્રભાવ પડ્યો નહીં. હવે, તેમની ફિલ્મ, પેડ્ડી, થિયેટરમાં રિલીઝ થવાની તૈયારીમાં છે. ફિલ્મ હજુ પણ નિર્માણ પ્રક્રિયામાં છે, પરંતુ છેલ્લા કેટલાક સમયથી તેની રિલીઝ અંગે ઘણી મૂંઝવણ છે. પેડ્ડી'ની રિલીઝ તારીખ મૂળ માર્ચ 2026 માટે નક્કી કરવામાં આવી હતી. જોકે, તે પછી પણ, એવી અટકળો હતી કે બોક્સ ઓફિસ પરના સંઘર્ષને કારણે ફિલ્મની રિલીઝ મુલતવી રાખવામાં આવી શકે છે. રણવીર સિંહની ફિલ્મ, ધુરંધર 2, પણ પેડ્ડી'ની રિલીઝ દરમિયાન રિલીઝ થવાની છે. અનુરાગ કશ્યપની ડાકોઈટ, રાઘવ જુયાલની ફિલ્મ ધ પેરેડાઈઝ અને સાઉથ સુપરસ્ટાર યશની ફિલ્મ, ટોક્સિક પણ આ સમયની આસપાસ થિયેટરમાં રિલીઝની રાહ જોઈ રહી છે. પરિણામે, એવી અટકળો પ્રવર્તી રહી હતી કે ફિલ્મની રિલીઝ તારીખ બદલી શકાય છે. જોકે, રામ ચરણે હવે તાજેતરની વાતચીત દરમિયાન ફિલ્મની રિલીઝ તારીખને લગતી કોઈપણ મૂંઝવણ દૂર કરી છે.

### રામ ચરણે પેડ્ડી'ની રિલીઝ વિશે શું કહ્યું?

તાજેતરમાં, રામ ચરણ હૈદરાબાદમાં ફિલ્મ 'ચેમ્પિયન' ના પ્રમોશન માટે એક કાર્યક્રમમાં હાજરી આપી હતી. ફિલ્મ વિશે તેમનો ઈન્ટરવ્યુ લેવામાં આવ્યો હતો, અને રિલીઝ તારીખ કન્ફર્મ થઈ ગઈ છે. ફિલ્મ વિશે બોલતા, રામ ચરણએ કહ્યું, 'હાલમાં, 'પેડ્ડી'નું શૂટિંગ ચાલી રહ્યું છે. તે 27 માર્ચ, 2026 ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે. તે પછી, 'ચેમ્પિયન' આવશે. તે પછી સંક્રાંતિની રિલીઝ શરૂ થશે. ત્યારબાદ અમે બીજા દિગ્દર્શકની શોધ શરૂ કરીશું.' એવું પણ અનુમાન કરવામાં આવી રહ્યું હતું કે ફિલ્મની રિલીઝ તારીખ પાછળ ધકેલવાનું એક કારણ એ હોઈ શકે છે કે ફિલ્મ સમયસર પૂર્ણ કરવી મુશ્કેલ લાગી રહી હતી. જોકે, નિર્માતાઓએ ત્યારબાદ સ્પષ્ટતા કરી હતી કે ફિલ્મ સમયસર રિલીઝ થશે. હવે, મુખ્ય અભિનેતાએ ફરી એકવાર ફિલ્મની રિલીઝ તારીખ કન્ફર્મ કરી છે.



# 6 અઠવાડિયાના વિરામ પછી શાહરૂખ ખાન ફરી એક્શનમાં

(એજન્સી) મુંબઇ I તા. 19

બોલિવૂડ અભિનેતા શાહરૂખ ખાન તેની આગામી ફિલ્મ 'કિંગ'માં તેની પુત્રી સુહાના ખાન સાથે જોવા મળશે. આ પહેલી વાર છે જ્યારે બંને સાથે સ્ક્રીન શેર કરશે. આ ફિલ્મ વિશે એક મહત્વપૂર્ણ વિગત સામે આવી છે. બોલિવૂડના કિંગ તરીકે જાણીતા શાહરૂખ ખાન ઘણા સમયથી 'કિંગ' નામની ફિલ્મ પર કામ કરી રહ્યા છે. આ એક મોટો પ્રોજેક્ટ છે અને તેમાં શાહરૂખ ખાન બોલિવૂડના અન્ય ઘણા મોટા સ્ટાર્સ સાથે જોવા મળશે. કિંગ ખાનના ચાહકો પણ આ ફિલ્મને લઈને ઉત્સાહિત છે, કારણ કે તેમાં શાહરૂખનો એક્શન અવતાર જોવા મળશે. સિદ્ધાર્થ આનંદ ફિલ્મનું દિગ્દર્શન કરી રહ્યા છે. શાહરૂખ બ્રેક પર હતો ત્યારે શૂટિંગ થોડા સમય માટે બંધ કરવામાં આવ્યું હતું. લગભગ ૬ અઠવાડિયાના વિરામ પછી, શાહરૂખ 'કિંગ'ના સેટ પર પાછો ફરી રહ્યો છે. શૂટિંગ ફરી એકવાર શરૂ થવાની તૈયારીમાં છે. મિડ ડેના એક અહેવાલમાં એક સૂત્રને ટાંકીને કહેવામાં આવ્યું છે કે શાહરૂખ ૨૦ ડિસેમ્બરે 'કિંગ'નું શૂટિંગ ફરી શરૂ કરશે. એક્શન દ્રશ્યોનું શૂટિંગ કરવામાં આવશે. આ શૂટિંગ શેડ્યૂલ એક્શન દ્રશ્યો અને ટેકનિકલી પડકારજનક દ્રશ્યો પર કેન્દ્રિત છે. આ દ્રશ્યો શૂટ કરવા માટે આંતરરાષ્ટ્રીય સ્ટંટ ડિરેક્ટર સાથે મળીને આયોજન કરવામાં આવ્યું છે. શાહરૂખે આ શેડ્યૂલ માટે વ્યાપક તૈયારી પણ કરી છે. આ શેડ્યૂલ ફિલ્મ સિટી, ગોરેગાંવ, મુંબઈમાં શૂટ કરવામાં આવશે. સુહાના ખાન પણ આ શેડ્યૂલનો ભાગ બનશે અને ફિલ્માંકન કરશે. આ તેણીનો પિતા સાથે સ્ક્રીન શેર કરવાનો આ પહેલો પ્રસંગ હશે. આ તેણીનો સિલ્વર સ્ક્રીન ડેબ્યૂ છે. અગાઉ, તેણીએ દિગ્દર્શક ઝોયા અખ્તરની ફિલ્મ 'ધ આર્ચીઝ' સાથે ઓટીટી ડેબ્યૂ કર્યું હતું, જેનું પ્રીમિયર 2023 માં નેટફ્લિક્સ પર થયું હતું. જ્યારે શાહરૂખ શૂટિંગ માટે તૈયાર છે, ત્યારે ટેકનિકલ ટીમ પણ કોઈ સમસ્યા ન થાય અને શૂટિંગ કોઈપણ વિક્ષેપ વિના પૂર્ણ થાય તે માટે દિવસ-રાત કામ કરી રહી છે. એવું પણ જાણવા મળ્યું હતું કે આ શેડ્યૂલ માટે ચોક્કસ કોરિયોગ્રાફી અને ઉત્તમ કેમેરા મૂવમેન્ટની જરૂર છે.

## આમિર ખાનની '3 ઈડિયટ્સ' સિક્વલ માટે મોટી તૈયારીઓ ચાલી રહી છે, નવા અભિનેતાની શોધ ચાલી રહી છે

(એજન્સી) મુંબઇ I તા. 19




તાજેતરમાં, સમાચાર આવ્યા હતા કે આમિર ખાનની કારકિર્દીની સૌથી સફળ ફિલ્મ '3 ઈડિયટ્સ' ની સિક્વલ પર કામ ચાલી રહ્યું છે. હવે, સમાચાર આવ્યા છે કે નિર્માતાઓએ ફિલ્મનું નામ '4 ઈડિયટ્સ' રાખ્યું છે અને નવા સ્ટારની પણ શોધ કરી રહ્યા છે.આમિર ખાનની સુપરહિટ ફિલ્મ '3 ઈડિયટ્સ' ની સિક્વલ ટૂંક સમયમાં આવી રહી છે. ચાહકો પોતાનો ઉત્સાહ રોકી શકતા નથી કારણ કે તેઓ રાંચો, રાજુ અને ફરહાનની આઈકોનિક ત્રિપુટીના પાછા ફરવાની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. જો કે, એવું લાગે છે કે વધુ એક 'ઈડિયટ' આઈકોનિક ત્રિપુટીમાં જોડાવા જઈ રહ્યો છે. એવું બહાર આવ્યું છે કે બોલિવૂડનો વધુ એક એ-લિસ્ટ અભિનેતા '3 ઈડિયટ્સ' ની સિક્વલની કાસ્ટમાં જોડાઈ રહ્યો છે.મીડિયા રિપોર્ટ્સ અનુસાર, '3 ઈડિયટ્સ' ફ્રેન્ચાઈઝીના બીજા ભાગનું નામ '4 ઈડિયટ્સ' હશે. ફિલ્મના નિર્માતાઓ હાલમાં તેમના ચોથા મુખ્ય અભિનેતાની શોધમાં છે. મૂળ કલાકારો આમિર ખાન, આર. માધવન, શરમન જોશી અને કરીના કપૂર ખાન રાંચો, ફરહાન, રાજુ અને પિયા સહસ્ત્રબુદ્ધેની ભૂમિકાઓ ભજવવા માટે તૈયાર છે.



# મલ્લિકા શેરાવતે વ્હાઈટ હાઉસ ક્રિસમસ ડિનરમાં હાજરી આપી

(એજન્સી) મુંબઇ I તા. 19

બોલિવૂડ અભિનેત્રી મલ્લિકા શેરાવત સોશિયલ મીડિયા પર ખૂબ જ સક્રિય છે. તેણીએ ઈન્સ્ટાગ્રામ પર કેટલાક ફોટા શેર કર્યા, જેમાં વ્હાઈટ હાઉસ ક્રિસમસ ડિનરમાં હાજરી આપવાનો આનંદ વ્યક્ત કર્યો. ચાહકો તેની પોસ્ટને ખૂબ પસંદ કરી રહ્યા છે.આ ફોટામાં, મલ્લિકા લાઈટ્સથી શણગારેલા ક્રિસમસ ટ્રી સાથે પોઝ આપતી જોવા મળી રહી છે. અભિનેત્રીએ ડબલ-શેડ શિમરી બોડીકોન મેક્સી ડ્રેસ પહેર્યો હતો. તેણીએ રૂમાલ, ચોકર-સ્ટાઈલ નેકલેસ, ન્યૂનતમ મેકઅપ અને ખુલ્લા વાળથી પોતાના લુકને એક્સેસરીઝ કર્યો હતો.મલ્લિકા શેરાવતે પોસ્ટ શેર કરીને કેપ્શન આપ્યું હતું કે, 'વ્હાઈટ હાઉસ ક્રિસમસ ડિનરમાં આમંત્રિત થવું એકદમ અદ્ભુત લાગે છે. હું ખૂબ આભારી છું.' તેણીએ વ્હાઈટ હાઉસમાં પીરસવામાં આવેલા ડિનરનો ફોટો પણ પોસ્ટ કર્યો હતો, જેમાં વિવિધ પ્રકારના ખોરાક દર્શાવવામાં આવ્યા હતા.અભિનેત્રીએ યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની એક ઝલક પણ શેર કરી. તે હાજર રહેલા લોકોને મેરી ક્રિસમસ અને હેપ્પી ન્યૂ યરની શુભેચ્છા પાઠવી રહી છે. ચાહકો ટિપ્પણી વિભાગમાં આ ફોટાની પ્રશંસા કરી રહ્યા છે.એક યુઝરે પોસ્ટના કોમેન્ટ સેક્શનમાં 'સુંદર' લખ્યું, જ્યારે બીજા યુઝરે લખ્યું 'તમે પ્રેરણા છો.' ચાહકો પણ તેણીને મેરી ક્રિસમસ અને હેપ્પી ન્યુ યરની શુભેચ્છાઓ પાઠવી રહ્યા છે. આ ફોટામાં મલ્લિકા ખૂબ જ ખુશ દેખાઈ રહી છે.

# કાર્તિક આર્યન ફરી રોમાન્સના રંગમાં

## 'TU MERI MAIN TERA, MAIN TERA TU MERI'નું ટ્રેલરે મચાવી ધમાલ




(એજન્સી) મુંબઇ I તા. 19

કાર્તિક આર્યન અને અનન્યા પાંડેની નવી રોમેન્ટિક-કોમેડી ફિલ્મ 'તુ મેરી મેં તેરા, મેં તેરા તુ મેરી'નું ટ્રેલર રિલીઝ થઈ ગયું છે. 3.21 મિનિટના આ ટ્રેલરમાં મસ્તી, રોમાન્સ, હળવી મજાક અને ભાવનાત્મક ક્ષણોનો સુંદર સંગમ જોવા મળે છે. કાર્તિક-અનન્યાની ફ્રેશ કેમેસ્ટ્રીકાર્તિક આર્યન અને અનન્યા પાંડે અભિનીત આ મોસ્ટ-અવેઈટેડ રોમેન્ટિક-કોમેડી ફિલ્મનું ટ્રેલર ગુરુવારે રિલીઝ થતાં જ સોશિયલ મીડિયામાં ચર્ચાનો વિષય બની ગયું છે. ફિલ્મ 25 ડિસેમ્બર, ક્રિસમસના દિવસે સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે. ટ્રેલર જોઈને એટલું તો ચોક્કસ કહી શકાય કે ફિલ્મ પ્રેમ, કોમેડી અને ભાવનાઓનું પરફેક્ટ પેકેજ લઈને આવી રહી છે. ટ્રેલરમાં મનોરંજક ડાન્સ સિક્વન્સ અને ફન સીન સાથે-સાથ ભાવનાત્મક પળો પણ છે. એક સીનમાં કાર્તિકના ડાઈલોગ દિલને સ્પર્શી જાય છે 'જે પુરુષ પોતાની પ્રેમિકા માટે બલિદાન આપતો નથી, તે પુરુષ નથી.

### ટ્રેલરની શરૂઆતમાં શું છે ?

ટ્રેલરની શરૂઆત કાર્તિક આર્યનના વોઈસઓવરથી થાય છે 'કેટલાક કહે છે ભવિષ્ય વિશે વિચારો, કેટલાક ભૂતકાળમાં ઝાંખો. હું તો આજમાં જીવવામાં માનું છું અહીં, આ ક્ષણે ફક્ત આપણે બે.' કાર્તિક ફિલ્મમાં રેહાન નામના મસ્તીખોર અને બેદરકાર યુવકની ભૂમિકામાં છે, જેને સૌ પ્રેમથી "રે" કહે છે. તેની એનર્જી, ચાર્મ અને ફિટનેસ સ્ક્રીન પર તરત જ અસર છોડી જાય છે.

બીજી તરફ, અનન્યા પાંડે ભૂમિ વર્ધનના પાત્રમાં ટ્રેલરમાં એન્ટ્રી લે છે અને વાર્તામાં એક નવો ટિવિસ્ટ લાવે છે. બંનેની પહેલી મુલાકાત એરપોર્ટ પર થાય છે, જ્યાંથી તેમની મીઠી નોક-ઝોક, મિત્રતા અને રોમાન્સની સફર શરૂ થાય છે. કાર્તિક અને અનન્યાની કેમેસ્ટ્રી ટ્રેલરની સૌથી મોટી હાઈલાઈટ છે. હળવી મજાક, નેચરલ ડાયલોગ્સ અને ક્યૂટ મોમેન્ટ્સ લોકો મજા કરાવી શકે છે. ટ્રેલરમાં નીના ગુપ્તા અને જેકી શ્રોફ જેવા દિગ્ગજ કલાકારોની ઝલક પણ જોવા મળે છે, જે વાર્તાને વધુ મજબૂત બનાવે છે.

# ધુરંધરના ગીત પર નિક જોનાસનો જોરદાર ડાન્સ

## પ્રિયંકા ચોપરાના જેઠ પણ ઝૂમી



(એજન્સી) મુંબઇ I તા. 19

રણવીર સિંહની ધુરંધર ફિલ્મ થિયેટરોમાં ધૂમ મચાવી રહી છે. આ ફિલ્મ સોશિયલ મીડિયા પર ધૂમ મચાવી રહી છે. તાજેતરમાં, ફિલ્મની લોકપ્રિયતા દેશ અને વિદેશમાં ફેલાઈ ગઈ છે. નિક જોનાસે ધુરંધરના એક ગીત પર ડાન્સ કરતો એક વીડિયો શેર કર્યો છે.રણવીર સિંહ અને અક્ષય ખન્નાનું ધુરંધર ફિલ્મના સીન સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે. ફિલ્મના ગીતો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે. અક્ષય ખન્નાનું FA9LA ગીત હોય કે આયેશા ખાન-ક્રિસ્ટલ ડિસોઝાનું શરારત ગીત, લોકો સોશિયલ મીડિયા પર આ ગીતો પર મોટી સંખ્યામાં રીલ્સ બનાવી રહ્યા છે. આ દરમિયાન, ગ્લોબલ સ્ટાર પ્રિયંકા ચોપરાના પતિ અને અમેરિકન સિંગર નિક જોનાસનો એક વીડિયો પણ સામે આવ્યો છે, જેમાં તે Dhurandhar ગીત પર ડાન્સ કરતો જોવા મળે છે. વીડિયોમાં તેના ભાઈઓ કેવિન અને જો જોનાસ પણ નિક સાથે ડાન્સ કરતા જોવા મળે છે. જોનાસ બ્રધર્સનો આ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.

SINCE 1991 AHMEDABAD

# VACHHANI® FurniturE

## અમદાવાદ નો વિશાળ ફર્નિચર મોલ

તહેવારોમાં કરો તૈયારી...

ફર્નિચર જોઈને જ કહેશો...

# પૈસા વસુલ છે...

## 30% સુધી ડિસ્કાઉન્ટ

સર્વોતમ ગુણવતા, સર્વશ્રેષ્ઠ ડીઝાઈનો...



સરળ હપ્તેથી ફર્નિચર વસાવો

kotak | BAJAJ FINSERV

75 आज़ादी का अमृत महोत्सव

# વાછાણી ફર્નિચર પ્રા. લી.

## હોમ અને ઓફિસ ફર્નિચરનો વિશાળ શોરૂમ

**ફર્નિચર ફેક્ટરી આઉટલેટ**
નીલકંઠ એસ્ટેટ, પવીત્ર એન્ક્લેવ, કટારીયા સર્વિસ સેન્ટર અને એચ.પી. પેટ્રોલ પંપ સામે, ત્રાગડ, ન્યુ ચાંદખેડા, અમદાવાદ.
99135 00221

**ફર્નિચર મોલ**
૧૩, વિજય શોપીંગ સેન્ટર, વિજય પાર્ક બી.આર.ટી.એસ. બસ સ્ટોપ પાસે, કૃષ્ણનગર, અમદાવાદ.
079 - 22820659, 99250 00221

**ફર્નિચર શોરૂમ**
૧૦૧ – સંગાથ શોપીંગ મોલ, એન્જિનીયરીંગ કોલેજની સામે, વીસત ગાંધીનગર હાઈવે, મોટેરા, સાબરમતી, અમદાવાદ.
99098 00221

www.vachhanifurniture.in

### તાઇવાન સંરક્ષણ મંત્રાલય અહેવાલ જાહેર, ચીન સૈન્ય વિમાન અને જહાજ ઘેરાબંધીમાં

# તાઈવાન સરહદે ચીની ડ્રેગનના લડાકુ વિમાનો ત્રાટક્યા

(એજન્સી) ઈસ્લામાબાદ । તા. 19

તાઈવાન અને ચીન વચ્ચેનો તણાવ ફરી એકવાર ચરમસીમાએ પહોંચ્યો છે. શુક્રવારે સવારે ૬ વાગ્યા સુધીમાં તાઈવાનના સંરક્ષણ મંત્રાલયે (MND) તાઈવાનની આસપાસ ચીનના ૭ લશ્કરી વિમાનો અને ૧૧ નૌકાદળના જહાજોની હાજરી શોધી કાઢી છે. તાઈવાન સરહદે ચીની હિલચાલ સતત વધી રહી છે, જેને પગલે તાઈવાનની સશસ્ત્ર દળોએ પણ સાવચેતીના પગલાં લેવાનું શરૂ કર્યું છે. આ પરિસ્થિતિને કારણે સમગ્ર દક્ષિણ ચીન સાગરના વિસ્તારમાં અસ્થિરતાનો ભય વધી રહ્યો છે.



સીમા રેખાનું ઉલ્લંઘન અને આક્રમક વલણ સૂત્રો દ્વારા મળતી વિગતો અનુસાર, ગત ગુરુવારે પણ ચીને અત્યંત આક્રમક વલણ અપનાવતા તાઈવાનની આસપાસ ૪૦ લશ્કરી વિમાનો અને ૮ જહાજો મોકલ્યા હતા. આશ્ચર્યજનક રીતે, તેમાંથી ૨૬ વિમાનોએ તાઈવાન સ્ટ્રેટની મધ્ય રેખા ઓળંગીને તાઈવાનના ઉત્તરીય, મધ્ય, દક્ષિણ-પશ્ચિમ અને પૂર્વીય એર ડિફેન્સ આઈડેન્ટિફિકેશન ઝોન માં ઘૂસણખોરી કરી હતી. તાઈવાન સંરક્ષણ મંત્રાલયે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર આ માહિતી શેર કરી છે અને સ્પષ્ટ કર્યું છે કે તેમની સેના સ્થિતિ પર સતત નજર રાખી રહી છે અને યોગ્ય વળતો જવાબ આપી રહી છે.

વિદેશમાં તાઈવાનના નાગરિકો પર જાસૂસીનો ખતરો સૈન્ય દબાણની સાથે ચીને હવે જાસૂસી અને ધાકધમકીની નવી રણનીતિ અપનાવી છે. તાઈવાનના નેશનલ સિક્યુરિટી બ્યુરો ના ડાયરેક્ટર જનરલ ત્સાઈ મિંગ-યેને જણાવ્યું છે કે ચીને વિવિધ લોકશાહી દેશોમાં આવેલા તેના દૂતાવાસોમાં તાઈવાનના મુદ્દાઓ પર નિષ્ણાત એવા ૨ થી ૪ જાસૂસોની નિમણૂક કરી છે. આ જાસૂસો વિદેશમાં રહેતા તાઈવાનના ઉદ્યોગપતિઓ, પ્રવાસીઓ અને વિદ્યાર્થીઓ પર દેખરેખ રાખી રહ્યા છે અને તેમને ડરાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. મીડિયા અહેવાલ મુજબ, લોકશાહી દેશો ચીનની આ પ્રકારની ગતિવિધિઓને સ્વીકારશે નહીં.

સંસદીય સમિતિમાં સુરક્ષા અંગે ચર્ચા તાઈવાનની વિદેશ અને રાષ્ટ્રીય સંરક્ષણ સમિતિની બેઠકમાં સંભવિત સંઘર્ષ અને સૈન્ય તૈયારીઓ અંગે ગંભીર ચર્ચા કરવામાં આવી હતી. ડેમોક્રેટિક પ્રોગ્રેસિવ પાર્ટીના નેતાઓએ ચિંતા વ્યક્ત કરી છે કે બેઈજિંગ તાઈવાન અફેર્સ ઓફિસના કર્મચારીઓને વિદેશ મોકલી રહ્યું છે જેથી તાઈવાનના નાગરિકો પર દબાણ બનાવી શકાય. ત્સાઈ મિંગ-યેને ખાતરી આપી છે કે સુરક્ષા એજન્સીઓ આ પરિસ્થિતિ પર ઝીણવટભરી નજર રાખી રહી છે અને વિદેશી સત્તાવાળાઓ સાથે મળીને તાઈવાનના નાગરિકોનું રક્ષણ કરવા માટે કટિબદ્ધ છે. તાઈવાનની સજ્જતા અને આંતરરાષ્ટ્રીય ચિંતા ચીનની આ ઉશ્કેરણીજનક હિલચાલ સામે તાઈવાને તેની સૈન્ય સજ્જતામાં વધારો કર્યો છે.

### પાકિસ્તાની ભિખારીઓ ડિપોર્ટ સાઉદીએ 56 હજારને હાંકી કાઢ્યા

# આંતરરાષ્ટ્રીય સ્તરે પાકિ.ની ફજેતી અને રોષ

(એજન્સી) ઈસ્લામાબાદ । તા. 19

પાકિસ્તાન માટે આર્થિક કંગાળિયતની સાથે હવે આંતરરાષ્ટ્રીય સ્તરે સામાજિક પ્રતિષ્ઠા ગુમાવવાનો વારો આવ્યો છે. સાઉદી અરેબિયાએ અભૂતપૂર્વ કડક કાર્યવાહી કરતા લગભગ ૫૬,૦૦૦ પાકિસ્તાની ભિખારીઓને પોતાના દેશમાંથી તગેડી મૂક્યા છે. પાકિસ્તાની નાગરિકો દ્વારા ખાડી દેશોમાં જઈને વ્યવસ્થિત રીતે ભીખ માંગવાના વધતા જતા કિસ્સાઓને જોતા સાઉદી અરેબિયા અને સંયુક્ત આરબ અમીરાત (UAE) એ હવે લાલ આંખ કરી છે. પાકિસ્તાની ભિખારીઓ ડિપોર્ટ થવાની આ ઘટનાએ વિશ્વભરમાં પાકિસ્તાનની ભારે ઈન્ટરનેશનલ ફજેતી કરી નાખી છે.

ભીખ માંગવી એ પાકિસ્તાનનો મોટો ઉદ્યોગ સૂત્રો દ્વારા મળતી વિગતો અનુસાર, પાકિસ્તાનમાં ભીખ માંગવી એ હવે એક સંગઠિત ઉદ્યોગની જેમ વિકસી રહ્યો છે. પાકિસ્તાનના સંરક્ષણ મંત્રીના જણાવ્યા અનુસાર, પાકિસ્તાની ભિખારીઓ વાર્ષિક અંદાજે ૪૨ અબજ રૂપિયાની કમાણી કરે છે. આ ભિખારીઓ પ્રવાસી અથવા ઉમરાહ વિઝાના બહાને વિદેશ જાય છે અને ત્યાં જઈને સ્થાનિકો તેમજ પ્રવાસીઓને એટલા હેરાન કરે છે કે આખરે તેમની ધરપકડ કરીને તેમને પરત મોકલવાની ફરજ પડે છે. સાઉદી અરેબિયાની આ કાર્યવાહી બાદ હવે UAE એ પણ પાકિસ્તાની નાગરિકો માટે વિઝા નિયમો અત્યંત કડક બનાવી દીધા છે.

**યુક્રેન વાર્ષિક 40 લાખ સસ્તા ડ્રોન બનાવે છે**

રશિયા સામે યુદ્ધ દરમિયાન યુક્રેને પોતાની તકનિકી પ્રગતિથી વિશ્વને ચોંકાવ્યું છે. યુદ્ધની શરૂઆતમાં યુક્રેનના ડ્રોન દ્વારા રશિયાની 10 હજાર ટેન્કોને નષ્ટ કરાઈ હતી. સાથે જ યુક્રેને 20 હજાર વાહનોને પણ નષ્ટ કર્યાં હતાં. રશિયાની પોતાની ટેન્ક બ્રિગેડને મોરચા પરથી હટાવવી પડી હતી.

## ન્યૂઝ બ્રીફ

### કેનેડા એમેઝોન ચોરી 18 કરોડના કૌભાંડમાં પાંચ ગુજરાતી ઝડપાયા



ટોરોન્ટો | કેનેડામાં વસતા ગુજરાતી સમાજ માટે એક અત્યંત ચોંકાવનારા અને શરમજનક સમાચાર સામે આવ્યા છે. કેનેડાના અજક્સમાં આવેલા વિશ્વવિખ્યાત ઈ-કોમર્સ કંપની એમેઝોનના વેરહાઉસમાંથી ૨૦ લાખ ડોલર એટલે કે અંદાજે ૧૮.૫ કરોડ રૂપિયાથી વધુની કિંમતના માલસામાનની ચોરી કરવાના આરોપમાં પાંચ ગુજરાતીઓની ધરપકડ કરવામાં આવી છે. કેનેડાની ડરહામ પોલીસે આ હાઈ-પ્રોફાઈલ ચોરીના કેસમાં બે મહિલાઓ સહિત કુલ પાંચ શંકાસ્પદોની અટકાયત કરી છે, જેના કારણે સ્થાનિક ગુજરાતી સમુદાયમાં ભારે ચર્ચા જાગી છે.

### શ્રમ અધિકારોનું ઉલ્લંઘન કરાચીની ફેક્ટરીઓમાં મજૂરોની દુર્દશા

કરાચી | પાકિસ્તાનના મુખ્ય ઔદ્યોગિક કેન્દ્રો કરાચી અને ફૈસલાબાદની ટેક્સટાઈલ ફેક્ટરીઓમાં શ્રમ અધિકારોનું ઉલ્લંઘન વ્યાપક સ્તરે થઈ રહ્યું હોવાનું એક તાજેતરના અભ્યાસમાં બહાર આવ્યું છે. 'પબ્લિક મની, પ્રાઈવેટ હાર્મ' શીર્ષક હેઠળના ૫૨ પાનાના અહેવાલમાં જણાવાયું છે કે, યુરોપના દેશોમાં નિકાસ થતા મેડિકલ ટેક્સટાઈલ અને અન્ય કાપડના ઉત્પાદન પાછળ શ્રમિકોનું ભયંકર શોષણ છુપાયેલું છે. સ્વીડન જેવા દેશો જે બાંગ્લાદેશ અને પાકિસ્તાન પર નિર્ભર છે, ત્યાં સપ્લાય ચેઈનમાં શ્રમ કાયદાઓના સરેઆમ લીરેલીરા ઉડતા હોવાનું આ રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે. શોષણનું ડિજિટલ અને દસ્તાવેજી માળખું મીડિયા અહેવાલ મુજબ, આ અભ્યાસ સ્વેડવોચ અને સ્થાનિક સંસ્થાઓના સહયોગથી તૈયાર કરવામાં આવ્યો છે.

### બાંગ્લાદેશ હિંસા અહેવાલ સરકારની ટોળાશાહી સામે લાલ આંખ



ઢાકા | બાંગ્લાદેશમાં ઈન્કિલાબ મંચના નેતા શરીફ ઓસ્માન હાદીના અવસાન બાદ ફાટી નીકળેલી હિંસાએ સમગ્ર દેશને બાનમાં લીધો છે. પરિસ્થિતિ વણસતા શુક્રવારે મોહમ્મદ યુનુસના નેતૃત્વ હેઠળની વચગાળાની સરકારે પ્રથમ સત્તાવાર પ્રતિસાદ આપતા હિંસક ટોળાશાહીનો વિરોધ કરવા નાગરિકોને અનુરોધ કર્યો છે. સરકારે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે આગજની, તોડફોડ અને ધાકધમકીની ઘટનાઓ દેશની લોકશાહી પ્રક્રિયાને ખોરવી નાખવાનો એક મલીન પ્રયાસ છે. આ નિર્ણાયક ક્ષણે જો શાંતિ નહીં જળવાય તો દેશ અંધાધૂંધીના ગરતામાં ધકેલાઈ શકે છે.

### બિલ ગેટ્સ વિવાદિત તસવીર વાયરલ થઈ, હાઈ-પ્રોફાઈલ સેક્સ ટ્રાફિકિંગ કેસમાં તપાસ

# અમેરિકન રાજકારણમાં મોટો ભૂકંપ, એપસ્ટીન ફાઈલ્સ પર્દાફાશ 68 નવી તસવીરોથી ખળભળાટ

(એજન્સી) વોશિંગ્ટન । તા. 19

અમેરિકાના ઈતિહાસના સૌથી બદનામ સેક્સ ટ્રાફિકિંગ કેસમાં એક નવો વળાંક આવ્યો છે. 'એપસ્ટીન ફાઈલ્સ ટ્રાંસપેરેન્સી એક્ટ' હેઠળ ન્યાય વિભાગ દ્વારા જેફ્રી એપસ્ટીનની તપાસ સંબંધિત ૬૮ નવી તસવીરો જાહેર કરવામાં આવતા વૈશ્વિક સ્તરે ખળભળાટ મચી ગયો છે. હાઉસ ઓવરસાઈટ કમિટીના ડેમોક્રેટ્સે આ તસવીરો જાહેર કરી છે, જેમાં માઈક્રોસોફ્ટના સ્થાપક બિલ ગેટ્સ એક અજાણી મહિલા સાથે જોવા મળતા નવા વિવાદને જન્મ મળ્યો છે. ૨૦૧૯માં જેલમાં આત્મહત્યા કરનારા કરોડપતિ જેફ્રી એપસ્ટીનના હાઈ-પ્રોફાઈલ નેટવર્કના રહસ્યો હવે એક પછી એક બહાર આવી રહ્યા છે.

બિલ ગેટ્સ અને નોમ ચોમ્સ્કીના નામ ઉછળ્યા સૂત્રો દ્વારા મળતી વિગતો અનુસાર, જાહેર કરાયેલી તસવીરોમાં બિલ ગેટ્સ એક મહિલા સાથે જોવા મળે છે જેનો ચહેરો છુપાવવામાં આવ્યો છે. આ અગાઉ પણ ગેટ્સની એપસ્ટીન સાથેની મુલાકાતો ચર્ચામાં રહી હતી. વધુમાં, એક તસવીરમાં વિશ્વપ્રસિદ્ધ ફિલોસોફર અને પ્રોફેસર નોમ ચોમ્સ્કી પણ એપસ્ટીન સાથે ખાનગી વિમાનમાં મુસાફરી કરતા જોવા મળે છે. જોકે, અત્યાર સુધી આ હસ્તીઓનો એપસ્ટીનના ગુનાઓમાં સીધો સંબંધ હોવાના કોઈ પુરાવા મળ્યા નથી, પરંતુ તેમની હાજરીએ નૈતિક પ્રશ્નો ઉભા કર્યા છે.







તસવીરોમાં સનસનાટીભર્યા ખુલાસા મીડિયા અહેવાલ મુજબ, આ ૬૮ તસવીરો ૯૫,૦૦૦ દસ્તાવેજોના વિશાળ સંગ્રહનો એક ભાગ છે. તેમાં કેટલીક અત્યંત ચોંકાવનારી તસવીરો છે, જેમાં એક મહિલાના શરીરના વિવિધ ભાગો પર જાણીતી નવલકથા "લોલિતા" ની પંક્તિઓ લખેલી જોવા મળે છે. આ ઉપરાંત, રશિયાની ૧૮ વર્ષની યુવતી સાથેના ટેક્સ્ટ મેસેજના સ્ક્રીનશોટ અને વિવિધ આંતરરાષ્ટ્રીય મુસાફરીના દસ્તાવેજો પણ સાર્વજનિક કરવામાં આવ્યા છે. રિપબ્લિકન પક્ષે આ પગલાને રાજકીય રીતે પ્રેરિત ગણાવ્યું છે, જ્યારે ડેમોક્રેટ્સ તેને પારદર્શિતાનો ભાગ માને છે.

એપસ્ટીન અને મેક્સવેલનું કાળું સામ્રાજ્ય જેફ્રી એપસ્ટીન અને તેની સહયોગી ગિસ્લેઈન મેક્સવેલે સગીર બાળાઓની જાતીય તસ્કરીનું એક ભયાનક નેટવર્ક ચલાવ્યું હતું. મેક્સવેલ 'મેડમ' તરીકે ઓળખાતી અને સગીરાઓને એપસ્ટીનના શક્તિશાળી મિત્રો પાસે મોકલવાનું કામ કરતી હતી. હાલમાં ગિસ્લેઈન ૨૦ વર્ષની જેલની સજા ભોગવી રહી છે. આ નવા કાયદાનો ઉદ્દેશ્ય એ છે કે પીડિતોને ન્યાય મળે અને આ પ્રકરણમાં સંડોવાયેલા અન્ય શક્તિશાળી લોકોના ચહેરા દુનિયા સામે આવે.

પારદર્શિતા અને સુરક્ષા વચ્ચેનું સંતુલન ન્યાય વિભાગે સ્પષ્ટ કર્યું છે કે દસ્તાવેજો જાહેર કરતી વખતે પીડિતોની ઓળખ અને રાષ્ટ્રીય સુરક્ષા સંબંધિત માહિતીને ગુપ્ત રાખવામાં આવશે. જોકે, રાજકીય સંવેદનશીલતાના આધારે કોઈ માહિતી છુપાવવામાં આવશે નહીં. નિષ્ણાતો માને છે કે આગામી સમયમાં જ્યારે સંપૂર્ણ ફાઈલ જાહેર થશે, ત્યારે એફબીઆઈના સાક્ષીઓના ઈન્ટરવ્યૂ અને બેંક વ્યવહારોની વિગતોમાંથી અનેક દિગ્ગજોના રહસ્યો ખુલી શકે છે. આ કેસ માત્ર ગુનાખોરીનો નથી, પરંતુ સત્તા અને સંપત્તિના જોરે થતા શોષણનો જીવતો જાગતો દસ્તાવેજ છે.

### ચીન રિટેલ વેચાણ દર કોરોના કાળ પછી ન્યૂનતમ

# ચીનની આર્થિક મંદી ઘેરી બની રોકાણમાં ધરખમ ઘટાડો નોંધાયો



(એજન્સી) બેઇજિંગ । તા. 19

વિશ્વની બીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા એવું ચીન હાલમાં ગંભીર આર્થિક કટોકટીના તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે. નવેમ્બર મહિનાના તાજેતરના આંકડા દર્શાવે છે કે ચીનમાં રોકાણમાં સતત ઘટાડો થઈ રહ્યો છે અને રિટેલ વેચાણ પણ કોરોના પછીના સૌથી નીચલા સ્તરે પહોંચી ગયું છે. સરકાર દ્વારા કડક નિયંત્રણો હટાવ્યા બાદ અપેક્ષા રાખવામાં આવતી હતી કે અર્થતંત્ર વેગ પકડશે, પરંતુ તેનાથી વિપરીત સ્થિતિ સર્જાઈ છે. ખાસ કરીને રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં આવેલી સુનામીએ સમગ્ર ચીની અર્થતંત્રના પાયા હચમચાવી દીધા છે.

ઔદ્યોગિક ઉત્પાદનમાં મોટો ઘટાડો સૂત્રો દ્વારા મળતી વિગતો અનુસાર, નવેમ્બર મહિનામાં ચીનનું ઔદ્યોગિક ઉત્પાદન માત્ર ૪.૮ ટકાના દરે વધ્યું છે, જે ઓક્ટોબરના ૪.૯ ટકા કરતા ઓછું છે. આ આંકડો અર્થશાસ્ત્રીઓના ૫ ટકાના અંદાજ કરતા ઘણો નીચો રહ્યો છે. ઓગસ્ટ ૨૦૨૪ પછીનો આ સૌથી નબળો દેખાવ માનવામાં આવે છે. ઉત્પાદન ક્ષેત્રે આવેલી આ સુસ્તી સૂચવે છે કે ચીનની ફેક્ટરીઓમાં હવે અગાઉ જેવી ધમધમાટ રહી નથી, જેના કારણે નિકાસ પર પણ માઠી અસર થવાની ભીતિ સેવાઈ રહી છે.

ગ્રાહક વપરાશમાં ભારે ઘટાડો ચીનની આર્થિક મંદીનું સૌથી ચિંતાજનક પાસું રિટેલ વેચાણ છે. નવેમ્બરમાં રિટેલ વેચાણ માત્ર ૧.૩ ટકાના દરે વધ્યું છે, જે ઓક્ટોબરમાં ૨.૯ ટકા હતું. ડિસેમ્બર ૨૦૨૨ પછીનો આ સૌથી ખરાબ આંકડો છે. નિષ્ણાતોના મતે, નાગરિકોની ખરીદશક્તિ ઘટી છે અને તેઓ હવે બિનજરૂરી ખર્ચ કરવાનું ટાળી રહ્યા છે. સરકારી ખર્ચમાં થયેલો ઘટાડો પણ આ માટે જવાબદાર છે. અર્થશાસ્ત્રીઓનું માનવું છે કે વર્ષ ૨૦૨૬ સુધી ચીનની આર્થિક વૃદ્ધિ આ જ રીતે દબાયેલી રહે તેવી શક્યતા છે.

# અમેરિકા વિમાન દુર્ઘટનામાં સાતના મોત પૂર્વ સ્ટાર ગ્રેગ બિફલનું અવસાન

(એજન્સી) વોશિંગ્ટન । તા. 19

અમેરિકાના નોર્થ કેરોલિના રાજ્યમાંથી એક અત્યંત દુઃખદ સમાચાર સામે આવ્યા છે. સ્ટેટ્સવિલે રિઝનલ એરપોર્ટ પર લેન્ડિંગ દરમિયાન એક બિઝનેસ વિમાન દુર્ઘટનાગ્રસ્ત થતાં ભયાનક આગ ફાટી નીકળી હતી. આ હૃદયદ્રાવક અકસ્માતમાં સાત લોકોના દર્દનાક મોત નીપજ્યા છે. આ દુર્ઘટનામાં નાસ્કારના પૂર્વ દિગ્ગજ સ્ટાર ગ્રેગ બિફલનું પણ નિધન થયું હોવાના અહેવાલ છે, જેના કારણે રમતગમત જગત અને ઉડ્ડયન ક્ષેત્રમાં શોકની લહેર ફરી વળી છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોમાં વિમાન અથડાતાની સાથે જ આગના ગોળામાં ફેરવાતું જોઈ શકાય છે.



લેન્ડિંગ વખતે જ સર્જાયો કાળમુખો અકસ્માત સ્થાનિક સત્તાવાળાઓના જણાવ્યા અનુસાર, આ કમનસીબ ઘટના ગુરુવારે સવારે ૧૦:૧૫ વાગ્યે બની હતી. વિમાન જ્યારે રનવે પર ઉતરવાની તૈયારી કરી રહ્યું હતું, ત્યારે અચાનક સંતુલન ગુમાવ્યું હતું અને જમીન સાથે અથડાયું હતું. ટકરાતાની સાથે જ વિમાનમાં વિસ્ફોટ થયો હતો અને જોતજોતામાં આખું પ્લેન રાખમાં ફેરવાઈ ગયું હતું. એરપોર્ટની કટોકટી ટીમો અને અગ્નિશામકો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા હતા, પરંતુ આગ એટલી વિકરાળ હતી કે પ્લેનમાં સવાર કોઈ પણ વ્યક્તિને બચાવવી અશક્ય બની ગઈ હતી.

# આસીમ મુનીર ગાઝા વિવાદ ટ્રમ્પના આદેશથી ફસાયા મુનીર

(એજન્સી) નવી દિલ્હી । તા. 19

પાકિસ્તાનના સૈન્ય માંધાતા અને સ્વયંભૂ ફિલ્ડ માર્શલ અસીમ મુનીર હાલમાં તેમના જીવનની સૌથી મોટી કટોકટીનો સામનો કરી રહ્યા છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ગાઝામાં શાંતિ જાળવવા માટે પાકિસ્તાની લશ્કરી ટુકડીઓ મોકલવાનો આદેશ આપતા જ ઈસ્લામાબાદના સત્તાવાર વર્તુળોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

મુનીર માટે આ પરિસ્થિતિ 'સૂડી વચ્ચે સોપારી' જેવી બની છે; જો તેઓ ટ્રૂપ મોકલે તો દેશની કટ્ટરપંથી પ્રજાનો ક્રોધ ફાટી નીકળે અને જો ના પાડે તો આર્થિક આશ્રયદાતા અમેરિકા નારાજ થાય. ટ્રમ્પની વ્યૂહરચના અને ગાઝામાં વચગાળાની સરકાર વોશિંગ્ટને ગાઝા પટ્ટીમાં યુદ્ધવિરામ બાદ ત્યાં પોતાના નેતૃત્વ હેઠળ વચગાળાની સરકાર સ્થાપવાનો નિર્ણય કર્યો છે.

# બલૂચ મહિલાઓની ધરપકડ સામે રોષ હાજરા બલૂચ ગુમ થયા

### બળજબરીપૂર્વક ગુમ થવાની ઘટનાઓ વધી

(એજન્સી) બલૂચિસ્તાન । તા. 19

પાકિસ્તાનના અશાંત પ્રાંત બલૂચિસ્તાનમાં માનવ અધિકારોના ઉલ્લંઘનની ઘટનાઓ અટકવાનું નામ નથી લઈ રહી. તાજેતરમાં બલૂચિસ્તાનના હબ ચોકી વિસ્તારમાં આવેલી દારુ હોટલ પાસેથી સનાઉલ્લાહ બલૂચની પત્ની હાજરા બલૂચની કથિત રીતે પાકિસ્તાની સુરક્ષા દળો અને કાઉન્ટર ટેરરિઝમ ડિપાર્ટમેન્ટ દ્વારા અટકાયત કરવામાં આવી છે. 'બલૂચ વોઈસ ફોર જસ્ટિસ' દ્વારા આ ઘટનાની આકરી નિંદા કરવામાં આવી છે અને તેને આંતરરાષ્ટ્રીય માનવાધિકાર કાયદાઓનું સરેઆમ ઉલ્લંઘન ગણાવ્યું છે. સંસ્થાનો આક્ષેપ છે કે હાજરા બલૂચને ગેરકાયદેસર રીતે અટકાયતમાં રાખીને ગાયબ કરી દેવામાં આવ્યા છે. સામૂહિક સજાની નીતિનો ભયાનક ચહેરો મીડિયા અહેવાલ મુજબ, બલૂચિસ્તાનમાં મહિલાઓને નિશાન બનાવવાની આ કોઈ પ્રથમ ઘટના નથી. અધિકાર જૂથોનું કહેવું છે કે પાકિસ્તાની સુરક્ષા એજન્સીઓ હવે 'સામૂહિક સજા'ની નીતિ અપનાવી રહી છે, જેમાં વિરોધ પ્રદર્શન કરતા કાર્યકરોના પરિવારના સભ્યો, ખાસ કરીને મહિલાઓને બળજબરીપૂર્વક ઉપાડી જવામાં આવે છે. છેલ્લા એક વર્ષમાં અનેક આવી ઘટનાઓ નોંધાઈ છે, જેમાં ક્વેટાથી મહજબીન બલૂચ, દલબંદિનથી રહીમા બલૂચ અને ખુઝદારથી ફરઝાના બલૂચને ઉપાડી જવામાં આવી હતી. આ ઘટનાઓ બલૂચિસ્તાનમાં વધી રહેલા દમનનો સંકેત આપી રહી છે.

આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ પાસે ન્યાયની અપીલ બલૂચ વોઈસ ફોર જસ્ટિસે સંયુક્ત રાષ્ટ્ર અને આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર સંગઠનોને આ મામલે તાત્કાલિક હસ્તક્ષેપ કરવા વિનંતી કરી છે.

**નાણાકીય પેકેજ** યુક્રેનને યુરોપિયન સહાય 90 અબજ યુરોની જાહેરાતથી રશિયા સ્તબ્ધ

# રશિયન સંપત્તિ ફ્રીઝ રાખવા પર નેતાઓ મક્કમ

(એજન્સી) કિવ । તા. 19

રશિયા સાથેના લાંબા યુદ્ધ વચ્ચે યુક્રેન માટે રાહતના મોટા સમાચાર સામે આવ્યા છે. યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમિર જેલેન્સ્કીએ શુક્રવારે યુરોપિયન યુનિયન દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭ માટે જાહેર કરવામાં આવેલી ૯૦ અબજ યુરોની જંગી નાણાકીય સહાયનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું છે. જેલેન્સ્કીએ આ પેકેજને યુક્રેનની લડાયક ક્ષમતા અને આર્થિક સ્થિરતા માટે 'મહત્વપૂર્ણ ટેકો' ગણાવ્યો છે. આ નિર્ણય બ્રસેલ્સમાં આયોજિત યુરોપિયન કાઉન્સિલની બેઠક બાદ લેવામાં આવ્યો છે, જે રશિયા વિરુદ્ધ યુરોપની એકતાનો મજબૂત સંદેશ આપે છે.

આ ૯૦ અબજ યુરોનું પેકેજ વ્યાજમુક્ત લોન તરીકે આપવામાં આવશે, જેનું ભંડોળ યુરોપિયન યુનિયન મૂડી બજારમાંથી ઉધાર લઈને પૂરું પાડશે. યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયને પણ ભાર મૂક્યો હતો કે યુક્રેનની તાતી નાણાકીય જરૂરિયાતોને પહોંચી વળવા માટે તમામ સભ્ય દેશો એકમતે સહમત થયા છે. રશિયન સંપત્તિ પર કડક વલણ આ બેઠકમાં માત્ર નવી સહાય જ નહીં, પરંતુ રશિયાની જપ્ત કરાયેલી સંપત્તિ અંગે પણ મોટો નિર્ણય લેવાયો છે. યુરોપમાં રહેલી રશિયાની ૨૧૦ અબજ યુરોની સંપત્તિ ત્યાં સુધી ફ્રીઝ રાખવામાં આવશે જ્યાં સુધી રશિયા યુક્રેનને યુદ્ધનું વળતર ન ચૂકવે. ભૂતપૂર્વ જર્મન ચાન્સેલર ઓલાફ શોલ્ઝે રશિયાને ચેતવણી આપતા કહ્યું હતું કે, "આ યુદ્ધ રશિયાને ઘણું મોંઘું પડશે." જેલેન્સ્કીએ રશિયન સંપત્તિનો સીધો ઉપયોગ યુક્રેનના પુનઃનિર્માણ માટે કરવાની પણ અપીલ કરી હતી, જેના પર હજુ પણ કાયદાકીય પાસાઓ તપાસવામાં આવી રહ્યા છે. રશિયાનો તીખો પ્રહાર અને પુતિનનો રોષ યુરોપના આ નિર્ણયથી રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન લાલઘૂમ થયા છે. મીડિયા અહેવાલ મુજબ, પુતિને યુરોપિયન નેતાઓની ટીકા કરતા તેમને અમેરિકાના ઈશારે નાચનારા ગણાવ્યા હતા. પુતિને દાવો કર્યો હતો કે જ્યાં સુધી યુરોપમાં વર્તમાન નેતૃત્વ નહીં બદલાય ત્યાં સુધી રશિયા સાથેના સંબંધો સુધરવાની કોઈ શક્યતા નથી. રશિયાએ આ આર્થિક સહાયને યુદ્ધને વધુ લાંબુ ખેંચવાનું અમેરિકન ષડયંત્ર ગણાવ્યું છે.



યુક્રેનનું ભવિષ્ય અને પડકારો નાણાકીય સહાય મળવા છતાં, યુક્રેન સામે હજુ અનેક પડકારો છે. જેલેન્સ્કીએ સ્વીકાર્યું છે કે અમેરિકા સાથે સંભવિત સમાધાન અંગેની વાટાઘાટો હજુ વણઉકેલાયેલી છે, જેમાં ઝાપોરિઝ્ઝિયા ન્યુક્લિયર પાવર પ્લાન્ટ અને ડોનબાસ ક્ષેત્રના વિવાદો મુખ્ય છે. જોકે, ૯૦ અબજ યુરોની આ સહાય આગામી વર્ષો માટે યુક્રેનને મોટી આર્થિક સુરક્ષા પૂરી પાડશે.

# ઢાકા વિરોધ પ્રદર્શનથી ધમધમ્યું ક્રાંતિકારી સરકારની ઉગ્ર માંગ

(એજન્સી) ઢાકા । તા. 19

બાંગ્લાદેશની રાજધાનીમાં સ્થિતિ ફરી એકવાર અત્યંત સ્ફોટક બની છે, જ્યાં ઈન્કિલાબ મંચના નેતા શરીફ ઓસ્માન હાદીની હત્યાના વિરોધમાં હજારો પ્રદર્શનકારીઓ રસ્તા પર ઉતરી આવ્યા છે. શુક્રવારે ઢાકાના વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ એવા શાહબાગ ઈન્ટરસેક્શનને પ્રદર્શનકારીઓએ સંપૂર્ણપણે બંધ કરી દીધું હતું, જેના કારણે જનજીવન ઠપ્પ થઈ ગયું છે. આ પ્રદર્શન દરમિયાન માત્ર હાદી માટે ન્યાયની માંગ જ નહીં, પરંતુ વર્તમાન શાસન વ્યવસ્થાને બદલીને નવી 'ક્રાંતિકારી સરકાર' સ્થાપવાની પ્રબળ માંગણી કરવામાં આવી રહી છે, જેણે દેશના રાજકીય વાતાવરણમાં ખળભળાટ મચાવી દીધો છે.

શાહબાગમાં ઉગ્ર સૂત્રોચ્ચાર અને તંગદિલી મીડિયા અહેવાલ અનુસાર, શુક્રવારે સવારથી જ હાદીના સમર્થકો શાહબાગ વિસ્તારમાં એકત્ર થવા લાગ્યા હતા. આ ભીડમાં ભારત વિરોધી સૂત્રોચ્ચાર પણ સંભળાયા હતા, જે બાંગ્લાદેશની આંતરિક પરિસ્થિતિની ગંભીરતા દર્શાવે છે. પ્રદર્શનકારીઓનું કહેવું છે કે વર્તમાન વ્યવસ્થા દેશની અખંડિતતા જાળવવામાં નિષ્ફળ રહી છે. હિંસક વિરોધ પ્રદર્શનની આ લહેર માત્ર રસ્તાઓ સુધી મર્યાદિત નથી રહી, ગત રાત્રે તોફાની તત્વોએ 'ડેઈલી સ્ટાર' અને 'પ્રથમ આલો' જેવી મોટી મીડિયા સંસ્થાઓની કચેરીઓને પણ નિશાન બનાવી હતી, જેનાથી સમગ્ર પત્રકાર જગતમાં ભયનો માહોલ છે. હિંસા રોકવા ઈન્કિલાબ મંચની અપીલ દેશભરમાં ફાટી નીકળેલી હિંસા, આગજની અને તોડફોડની ઘટનાઓ વચ્ચે શરીફ ઓસ્માન હાદીના સંગઠન 'ઈન્કિલાબ મંચ' દ્વારા શાંતિ જાળવવાની અપીલ કરવામાં આવી છે.

## ગેરકાયદેસર અમેરિકા મોકલતી ગેંગનો પર્દાફાશ, કરોડોની રોકડ અને સોનું જપ્ત કરી તપાસ તેજ

# ડંકી રૂટ કેસ ED દરોડામાં 19 કરોડનો ખજાનો જપ્ત

(એજન્સી) નવી દિલ્હી । તા. 19

ગેરકાયદેસર રીતે લોકોને વિદેશ મોકલવાના 'ડંકી રૂટ' કૌભાંડ સામે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) એ અત્યાર સુધીની સૌથી મોટી કાર્યવાહી કરી છે. જલંધર ઝોનલ ઓફિસની ટીમે મની લોન્ડ્રિંગના આરોપ હેઠળ દિલ્હી અને હરિયાણામાં ૧૩ સ્થળોએ એકસાથે દરોડા પાડ્યા હતા. આ દરોડા દરમિયાન એક ટ્રાવેલ એજન્ટના ઘરેથી એટલી મોટી માત્રામાં રોકડ, સોનું અને ચાંદી મળી આવી છે કે તપાસ અધિકારીઓ પણ સ્તબ્ધ થઈ ગયા છે. ફેબ્રુઆરી ૨૦૨૫ માં અમેરિકા દ્વારા હાંકી કાઢવામાં આવેલા ૩૩૦ ભારતીયોના કેસની તપાસ દરમિયાન આ આખું નેટવર્ક બહાર આવ્યું છે.

જપ્ત કરાયેલો કરોડોનો મુદ્દામાલ ED ની ટીમે દિલ્હી સ્થિત એક મોટા ટ્રાવેલ એજન્ટના નિવાસસ્થાનેથી કુલ ૧૯.૧૩ કરોડ રૂપિયા ની કિંમતની મિલકતો જપ્ત કરી છે. જેમાં ૪.૬૨ કરોડ રૂપિયા રોકડા, ૩૧૩ કિલો ચાંદી અને ૬ કિલો સોનાના બિસ્કિટ સામેલ છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ બધી કમાણી નિર્દોષ લોકોને જોખમી રસ્તે અમેરિકા મોકલવાના નામે કરવામાં આવી હતી. આ ઉપરાંત ટીમને મોટા પ્રમાણમાં ડિજિટલ પુરાવા પણ મળ્યા છે, જેમાં હવાલા દ્વારા થતા નાણાકીય વ્યવહારો અને ટિકિટ બુકિંગની વિગતો છે.



મિલકતો અને જમીન ગિરવે રખાવી લેતી ગેંગ તપાસમાં હરિયાણાના એક મુખ્ય એજન્ટના ઠેકાણેથી એવા ચોંકાવનારા દસ્તાવેજો મળ્યા છે કે જે દર્શાવે છે કે આ ગેંગ કેવી રીતે લોકોનું શોષણ કરતી હતી. વિદેશ જવાની ઘેલછા રાખતા લોકો પાસેથી મેક્સિકો બોર્ડર દ્વારા અમેરિકામાં ઘૂસણખોરી કરાવવા માટે આ એજન્ટો તેમની ખેતીની જમીન કે મકાન ગિરવે લખાવી લેતા હતા. જો નાણાં ચૂકવવામાં વિલંબ થાય તો આ મિલકતો હડપ કરી લેવામાં આવતી હતી.

ફોરેન્સિક તપાસમાં ખુલશે મોટા નામો ED એ દરોડા દરમિયાન મળી આવેલા મોબાઈલ ફોન અને લેપટોપને ફોરેન્સિક તપાસ માટે લેબમાં મોકલી દીધા છે. પ્રાથમિક તપાસમાં ટ્રાવેલ એજન્ટો, વચેટીયાઓ અને હવાલા ઓપરેટરો વચ્ચેના મજબૂત નેટવર્કનો ખુલાસો થયો છે.

પંજાબ અને હરિયાણા પોલીસમાં નોંધાયેલી અનેક એફઆઈઆરના આધારે કરવામાં આવેલી આ કાર્યવાહી આગામી દિવસોમાં વધુ ધરપકડો તરફ દોરી શકે છે. તપાસકર્તાઓ માને છે કે આ કૌભાંડના મૂળ અત્યંત ઊંડા છે અને તેમાં કેટલાક વગદાર લોકોની સંડોવણી હોવાની પણ શક્યતા છે.

જોખમી રસ્તા અને કરોડોની કમાણી ડંકી રૂટ એટલે કે મેક્સિકો કે અન્ય દેશોના જોખમી જંગલો અને સરહદો ઓળંગીને ગેરકાયદે અમેરિકામાં પ્રવેશ કરવો. આ ગેંગ પ્રતિ વ્યક્તિ ૨૦ થી ૫૦ લાખ રૂપિયા વસૂલતી હતી. ED ની આ કાર્યવાહીથી ગેરકાયદેસર ઇમિગ્રેશનના આ કાળા કારોબારને મોટો ફટકો પડ્યો છે. અધિકારીઓએ જણાવ્યું છે કે ડિજિટલ ડેટાના વિશ્લેષણ બાદ આ કૌભાંડમાં સામેલ અન્ય એજન્ટો પર પણ શિકંજો કસવામાં આવશે.

## ૨૦ ડિસેમ્બરના રોજ અગ્રણી સાહિત્યિક સામયિક "વિરાસત" ના વિમોચન પ્રસંગે એક ભવ્ય ઉજવણી કરવામાં આવશે

(એજન્સી) મુંબઈ । તા. 19

મુંબઈની અગ્રણી સામાજિક અને સાહિત્યિક સંસ્થા 'શ્રી બિરેન્દ્ર શાહ ફાઉન્ડેશન' દ્વારા પ્રકાશિત એક અગ્રણી સાહિત્યિક સામયિક 'વિરાસત' ની પ્રથમ વર્ષગાંઠ અને નવા અંકના વિમોચન પ્રસંગે શનિવાર, ૨૦ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ એક ભવ્ય સાહિત્યિક અને સાંસ્કૃતિક ઉજવણી યોજાશે.આ માહિતી જાહેર કરતા, 'શ્રી બિરેન્દ્ર શાહ ફાઉન્ડેશન' ના પ્રમુખ અને 'વિરાસત' મેગેઝિનના મુખ્ય સંપાદક શ્રીમતી રાગિની શાહે જણાવ્યું હતું કે આ ભવ્ય ઉજવણી ૨૦ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ શનિવાર, ૪ થી ૭ વાગ્યા સુધી થાણેમાં ડૉ. કાશીનાથ ઘાનેકર નાટ્ય ગૃહના મીની હોલમાં યોજાશે. 'વિરાસત' ના નવા અંકના વિમોચન ઉપરાંત, ભક્તિભાવના પર આધારિત નૃત્ય નાટક, સમૂહ નૃત્ય અને રેઈન્બો કાવ્ય સંમેલનનું પણ આયોજન કરવામાં આવશે. આ કાર્યક્રમમાં વરિષ્ઠ રાજકારણી અને સામાજિક કાર્યકર સંજય કેલકર, એડવોકેટ સંદીપ લેલે, એડવોકેટ નિરંજન દાવખરે, એડવોકેટ શ્રીમતી માધવી તાઈ નાઈક અને શ્રીમતી શ્વેતા શાલિની ખાસ મહેમાનો તરીકે હાજર રહેશે, જ્યારે કાર્યક્રમની અધ્યક્ષતા પ્રખ્યાત ગીતકાર અને મીડિયા અને જનસંપર્ક સલાહકાર ગજાનન મહતપુરકર કરશે. નવીન ચતુર્વેદી, ડૉ. દયાનંદ તિવારી, ડૉ. કૃપાશંકર મિશ્રા, ઓમપ્રકાશ તિવારી, આનંદ સિંહ, અરુણ શેખર, મદન ગોપાલ અકિંચન, નીતા વાજપેયી, અલ્કા પાંડે અને ડૉ. કનકલતા તિવારી સહિત મુંબઈના વિવિધ અગ્રણી લેખકો કવિ સંમેલનમાં પોતાની કવિતાઓ રજૂ કરશે.




## રાજસ્થાન ભયાનક માર્ગ અકસ્માત: કપચી ભરેલી ટ્રકે કારને કચડી, 4 ના મોત

(એજન્સી) બુંદી । તા. 19

રાજસ્થાનના બુંદી જિલ્લામાં ગુરુવારે સાંજે એક અત્યંત હચમચાવી દેનારો અકસ્માત સર્જાયો હતો. નેશનલ હાઈવે ૫૨ પર કપચી ભરેલી એક બેકાબૂ ટ્રક કાર પર પલટી જતાં કારમાં સવાર એક જ પરિવારના ચાર સભ્યોના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યા હતા. રાજસ્થાન ભયાનક માર્ગ અકસ્માતની આ ઘટના એટલી ભીષણ હતી કે કાર ટ્રકના વજન નીચે દબાઈને લોખંડના ડબ્બાની જેમ કચડાઈ ગઈ હતી. પોલીસે ભારે જહેમત બાદ ક્રેનની મદદથી મૃતદેહોને બહાર કાઢ્યા હતા. ટાયર ફાટતા ટ્રક કાબૂ બહાર ગઈ એડિશનલ એસપી ઉમા શર્માના જણાવ્યા અનુસાર, અકસ્માત ગુરુવારે સાંજે આશરે ૬:૩૦ વાગ્યે સદર પોલીસ સ્ટેશન વિસ્તારમાં થયો હતો. પૂરપાટ ઝડપે જતી ટ્રકનું અચાનક ટાયર ફાટ્યું હતું, જેના કારણે ડ્રાઈવરે સ્ટેયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો. ટ્રક આગળ જતી કાર સાથે ધડાકાભેર અથડાઈ અને બંને વાહનો રસ્તાની બીજી બાજુ ફંગોળાયા હતા. આ દરમિયાન કપચીથી લદાયેલી ટ્રક કારની બરાબર ઉપર પલટી ગઈ હતી, જેના કારણે કારમાં સવાર લોકોને બચવાની કોઈ તક મળી નહોતી.

જન્મદિવસની ઉજવણી માતમમાં ફેરવાઈ આ અકસ્માતની સૌથી કરુણ બાબત એ છે કે મૃતકો ટોંક જિલ્લાના વતની હતા અને પરિવારના વડીલના જન્મદિવસની ઉજવણી કરવા માટે કોટા જઈ રહ્યા હતા. ખુશીના પ્રસંગે નીકળેલા પરિવારને રસ્તામાં જ કાળ ભેટી ગયો હતો. મૃતકોની ઓળખ મોઈનુદ્દીન (૬૦), ફરીઉદ્દીન (૪૫), અજમીઉદ્દીન (૪૦) અને સૈફુદ્દીન (૨૮) તરીકે થઈ છે. જોકે, સૈફુદ્દીનના પિતા વસીઉદ્દીન (૬૪) આ અકસ્માતમાં ચમત્કારિક રીતે બચી ગયા છે, જેમને નજીકની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા છે.

બચાવ કામગીરી અને ટ્રાફિક જામ ઘટના બાદ હાઈવે પર કિલોમીટરો સુધી લાંબો ટ્રાફિક જામ સર્જાયો હતો. સ્થાનિક લોકો અને પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. કાર ટ્રક નીચે એટલી ખરાબ રીતે દબાઈ ગઈ હતી કે તેને કાઢવા માટે મોટી ક્રેનોની મદદ લેવી પડી હતી.

## ઝુબિન ગર્ગ મૃત્યુ તપાસ: સિંગાપોર પોલીસને હજુ સુધી કોઈ 'ષડયંત્ર' જણાયું નથી

(એજન્સી) સિંગાપોર/નવી દિલ્હી । તા. 19

આસામના સુપ્રસિદ્ધ ગાયક અને કલાકાર ઝુબિન ગર્ગના મૃત્યુ મામલે સિંગાપોર પોલીસ ફોર્સ (SPF) એ શુક્રવારે એક અત્યંત મહત્વપૂર્ણ નિવેદન જાહેર કર્યું છે. સિંગાપોર પોલીસે જણાવ્યું છે કે અત્યાર સુધીની તપાસ મુજબ આ કેસમાં કોઈ પણ પ્રકારના 'ફાઉલ પ્લે' (ષડયંત્ર અથવા ગુનાહિત કૃત્ય) ની શંકા જણાતી નથી. આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે ભારતની સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT) એ આ કેસને હત્યા ગણાવીને ચાર્જશીટ દાખલ કરી છે.



કોરોનર ઈન્ક્વાયરી અને આગામી સુનાવણી સિંગાપોર પોલીસ ફોર્સ (SPF) ના સત્તાવાર નિવેદન મુજબ, ઝુબિન ગર્ગના મૃત્યુની તપાસ સિંગાપોર કોરોનર્સ એક્ટ, ૨૦૧૦ હેઠળ કરવામાં આવી રહી છે. તપાસના તારણો સિંગાપોરના સ્ટેટ કોરોનરને સુપરત કરવામાં આવશે, જેઓ આ મામલે 'કોરોનર ઈન્ક્વાયરી' (CI) હાથ ધરશે. આ સુનાવણી જાન્યુઆરી અને ફેબ્રુઆરી ૨૦૨૬ દરમિયાન નક્કી કરવામાં આવી છે. આ એક તથ્ય-શોધક પ્રક્રિયા છે જે મૃત્યુના ચોક્કસ કારણો અને સંજોગો સ્થાપિત કરશે. ભારતની SIT અને સિંગાપોર પોલીસ વચ્ચે વિરોધાભાસ ઉલ્લેખનીય છે કે, ગત ૧૨ ડિસેમ્બરના રોજ આસામ પોલીસની SIT એ ગુવાહાટીની કોર્ટમાં ૨,૫૦૦ પાનાની મુખ્ય ચાર્જશીટ અને ૧૨,૦૦૦ પાનાના સમર્થનકારી દસ્તાવેજો રજૂ કર્યા હતા. જેમાં ઝુબિન ગર્ગના મેનેજર સિદ્ધાર્થ શર્મા, આયોજક શ્યામકાનુ મહંત સહિત ચાર વ્યક્તિઓ પર હત્યા (BNS ની કલમ ૧૦૩) નો આરોપ મૂકવામાં આવ્યો છે.

## પરમાણુ ઉત્પાદન વધારવા માટે મહત્વાકાંક્ષી લક્ષ્ય નિર્ધારણ અને સાહસિક પગલાં



આર બી ગ્રોવર

માનવ વિકાસ ઊર્જા વપરાશ સાથે જોડાયેલો છે. 1971માં સાયન્ટિફિક અમેરિકનમાં પ્રકાશિત થયેલા એક સીમાચિહ્નરૂપ રિસર્ચ પેપરમાં, અર્લ કૂકે આદિમ માનવથી ટેકનોલોજીકલ માનવ સુધી માથાદીઠ ઊર્જા વપરાશમાં થયેલા વધારાનો ઉલ્લેખ કર્યો. આદિમ માનવોને ફક્ત ખોરાક માટે ઊર્જાની જરૂર હતી. શિકારના તબક્કા દરમિયાન, ઘર અને વેપાર માટે ઊર્જા જરૂરિયાતો ઉમેરવામાં આવી. જ્યારે માનવ ખેડૂત બન્યો, ત્યારે ઉદ્યોગ, કૃષિ અને પરિવહનમાંથી ઊર્જા જરૂરિયાતો ઊભી થઈ. ઔદ્યોગિક અને ટેકનોલોજીકલ તબક્કા દરમિયાન ખોરાક, ઘર, વેપાર, કૃષિ અને પરિવહન માટે ઊર્જા જરૂરિયાતો વધતી રહી. આજે ડિજિટલ ટેકનોલોજીનો યુગ છે, અને અર્થતંત્રના ડિજિટલાઇઝેશન માટે વધારાની ઊર્જાની જરૂર પડે છે. માનવ વિકાસ સૂચકાંક (HDI) એ માનવ વિકાસનું વિશ્વસનીય માપ છે. તે ત્રણ આવશ્યક સૂચકાંકોને જોડે છે વ્યક્તિ દીઠ આવક, શિક્ષણ અને આરોગ્ય. HDI અને વ્યક્તિ દીઠ અંતિમ ઉર્જા વપરાશ (FEC) વચ્ચેના સંબંધનો ઉપયોગ કરીને, ચોક્કસ HDI સુધી પહોંચવા માટે જરૂરી ઊર્જાના સ્તરની ગણતરી કરી શકાય છે. G20 જૂથના સભ્ય તરીકે, ભારત 0.9 કરતા વધુ HDI ધરાવતા દેશોમાં સ્થાન ધરાવે છે. અમારા અંદાજ દર્શાવે છે કે 0.9 સુધી પહોંચવા માટે, અને ઊર્જા કાર્યક્ષમતા અને અંતિમ-ઉપયોગ વીજળીકરણમાં વધુ સુધારાને ધારીને, ભારતને વાર્ષિક આશરે 24,000 ટેરા-વોટ-કલાક (TWh) ઊર્જા ઉત્પન્ન કરવાની જરૂર પડશે (કર. સાયન્સ., 2022, 122(5), 517-527). આનો એક ભાગ, લગભગ 60 ટકા, વીજળી તરીકે ઉપયોગમાં લેવાશે, અને બાકીનો ભાગ ઈલેક્ટ્રોલાઈઝરમાં હાઈડ્રોજન ઉત્પન્ન કરવા માટે. સ્ટીલ, ખાતરો, પ્લાસ્ટિક વગેરેના ઉત્પાદન જેવા ક્ષેત્રોને ડીકાર્બોનાઈઝ કરવા માટે હાઈડ્રોજનની જરૂર છે. જ્યારે હાઈડ્રોજન ઉત્પન્ન કરવા માટેની વૈકલ્પિક પ્રક્રિયાઓ મોટા પાયે વિકસાવવામાં આવશે, ત્યારે ઓછી વીજળીની જરૂર પડશે.2023-24માં ઉત્પાદન આશરે 1950 TWh હતું, અને તાજેતરનો CAGR આશરે 4.8% રહ્યો છે. આશરે આ સ્તરે વૃદ્ધિ દર જાળવી રાખવાથી ચારથી પાંચ દાયકામાં દર વર્ષે 24,000 TWh ઉત્પાદન શક્ય બનશે. જોકે, બે મુશ્કેલીઓ છે. સૌ પ્રથમ, ભારતે તેના ઉર્જા મિશ્રણને ડીકાર્બોનાઇઝ કરવું જોઈએ. તેથી, વીજળી ઉત્પાદન વધારવાની સાથે, અંતિમ ઉપયોગનું વિદ્યુતીકરણ અને ઉર્જા મિશ્રણને ફરીથી ડિઝાઈન કરવું આવશ્યક છે. FECમાં વીજળીનો વર્તમાન હિસ્સો આશરે 22 ટકા છે અને તેને નોંધપાત્ર રીતે વધારવાની જરૂર છે. વર્તમાન ઉર્જા મિશ્રણ અશ્મિભૂત ઇંધણ પર ભારે આધાર રાખે છે, અને તેને કાર્બન ઉત્સર્જન ન કરતા ઉર્જા સ્ત્રોતોથી બદલવા જોઈએ. આનો અર્થ એ છે કે ભારતને હાઈડ્રો, ન્યુક્લિયર, સોલાર અને પવનમાંથી વધુ વીજળી ઉત્પન્ન કરવાની જરૂર પડશે. ભારતમાં હાઈડ્રો અને પવન ક્ષમતા મર્યાદિત છે. ભારત એક ગીચ વસ્તી ધરાવતો દેશ છે; આ સૌર ફોટોવોલ્ટેઈક સ્થાપનો માટે મોટા જમીનના ઉપયોગને અટકાવે છે. જોકે હાઈડ્રો, સોલાર અને પવનની સંપૂર્ણ ક્ષમતાનો ઉપયોગ થવો જોઈએ, તેમ છતાં તેમની ક્ષમતા 0.9 થી ઉપર HDI પ્રાપ્ત કરવા માટે જરૂરી ઉર્જા સ્તર પ્રદાન કરવા માટે અપૂરતી છે. તેથી, પરમાણુ ઉત્પાદન વધારવાની જરૂર પડશે, અને જ્યાં સુધી આવું ન થાય ત્યાં સુધી, ભારતે અશ્મિભૂત ઇંધણનો ઉપયોગ ચાલુ રાખવો પડશે. બીજું, સૌર અને પવન વચ્ચેના સ્ત્રોત છે. ફોટોવોલ્ટેઈક કોષો અથવા પવનચક્કીઓ દ્વારા ઉત્પન્ન થતી વીજળી બદલાય છે. તેથી, માંગ સાથે વીજળી પુરવઠાને મેચ કરવા માટે, જ્યારે તે વધારે હોય ત્યારે તેનો સંગ્રહ કરવો જોઈએ અને જ્યારે ઉત્પાદન માંગ કરતા ઓછું થાય ત્યારે વધારો કરવો જોઈએ. સંગ્રહ ખર્ચાળ છે, અને સૌર અને પવનમાં મોસમી ભિન્નતાનો સામનો કરવા માટે સંગ્રહ પૂરો પાડવો નોંધપાત્ર રીતે વધુ ખર્ચાળ છે. ગ્રાહકોને સસ્તી વીજળી પૂરી પાડવા માટે, વીજળી મિશ્રણમાં પૂરતો બેઝલોડ ઉત્પાદન ક્ષમતાનો સમાવેશ થવો જોઈએ - એટલે કે, ઉત્પાદન જે હવામાન અથવા દિવસના સમયથી સ્વતંત્ર હોય. પરમાણુ પાવર પ્લાન્ટ બેઝલોડ છે અને ડીકાર્બોનાઇઝ્ડ ઉર્જા મિશ્રણનો ભાગ હોવા જોઈએ. આ જરૂરિયાતને ઓળખીને, પરમાણુ ઊર્જા વિભાગના એકમો, ભારતીય ઉદ્યોગો સાથે મળીને, પરમાણુ ઊર્જાનો ઉપયોગ એવી રીતે કરવા માટે કામ કરી રહ્યા છે કે જેથી સમગ્ર પુરવઠા શ્રૃંખલા સ્વદેશી બને. ભારતમાં પૂરતું યુરેનિયમ ન હોવાથી ફક્ત યુરેનિયમની આયાત કરવાની જરૂર છે. ભારતે બળતણ ઉત્પાદન, ભારે પાણી ઉત્પાદન અને દબાણયુક્ત ભારે પાણી રિએક્ટર (PHWR) બનાવવા માટે જરૂરી તમામ સાધનોના ઉત્પાદન માટે ટેકનોલોજી વિકસાવી છે. ન્યુક્લિયર પાવર કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડે વિવિધ રેટિંગના PHWRs ની ડિઝાઈન અને સંચાલનમાં નિપુણતા મેળવી છે, જેમાંથી સૌથી વધુ 700 MW છે. ત્રણ 700 MW યુનિટ પહેલાથી જ કાર્યરત છે, અને ચોથું ટૂંક સમયમાં પૂર્ણ થવાનું છે. બે વધુ બાંધકામના અદ્યતન તબક્કામાં છે. 2017 માં, કેન્દ્ર સરકારે દસ 700 MW PHWR ના નિર્માણને મંજૂરી આપી હતી, અને આ એકમો પર કામ ચાલી રહ્યું છે. 1980ના દાયકામાં એક નિયમનકારી સંસ્થાની સ્થાપના કરવામાં આવી હતી અને તેણે પરમાણુ ઊર્જા પ્લાન્ટનું નિયમન કરવાની ક્ષમતા અને ક્ષમતા વિકસાવી છે. ભાભા પરમાણુ સંશોધન કેન્દ્રે મૂલ્યવાન પદાર્થો કાઢવા અને પરમાણુ કચરાનું સંચાલન કરવા માટે વપરાયેલા પરમાણુ બળતણને ફરીથી પ્રક્રિયા કરવા માટેની તકનીકો વિકસાવી છે. આ પ્રયાસોના પરિણામે, પરમાણુ ઊર્જા ઉત્પાદન ભારત માટે તકનીકી રીતે શક્ય, ખર્ચ-અસરકારક અને સલામત વિકલ્પ છે. આ સફળતાઓએ કેન્દ્ર સરકારને સદીના મધ્ય સુધીમાં 100 GW પરમાણુ સ્થાપિત ક્ષમતાનું લક્ષ્ય નક્કી કરવા માટે હિંમત આપી છે. સંસદના બંને ગૃહોએ ટ્રાન્સફોર્મિંગ ઈન્ડિયા બિલ, 2025 માટે પરમાણુ ઊર્જાના ટકાઉ હાર્નેસિંગ અને પ્રગતિ બિલ પસાર કર્યું છે. આ બિલ કાયદાનો એક મુખ્ય ભાગ છે અને તેમાં પરમાણુ ઊર્જા અધિનિયમ, 1962 અને પરમાણુ નુકસાન અધિનિયમ માટે નાગરિક જવાબદારી, 2010નો સમાવેશ થાય છે. તે જણાવે છે કે હાલના પરમાણુ ઊર્જા નિયમનકારી બોર્ડ 'આ કાયદા હેઠળ રચાયેલ માનવામાં આવશે.' બિલ ખાતરી કરે છે કે સલામતી, સુરક્ષા અને સલામતી માટેની પ્રાથમિક જવાબદારી સુવિધા લાઈસન્સધારકની રહેશે.

પરમાણુ ઊર્જા માટે નિર્ધારિત લક્ષ્ય ખૂબ મોટું છે. સંસદ દ્વારા પસાર કરાયેલ બિલ એક મોટું પગલું છે. ભારતને વિકસિત દેશ બનવા માટે મોટા લક્ષ્યો અને મોટા પગલાંની જરૂર છે.

* (લેખક એક પ્રખ્યાત પરમાણુ વૈજ્ઞાનિક અને પરમાણુ ઉર્જા આયોગના સભ્ય છે, જેમણે ભારતનો પરમાણુ ઉર્જા રોડમેપ બનાવવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. તેમણે ભારત-યુએસ નાગરિક પરમાણુ કરારમાં પણ મુખ્ય ભૂમિકા ભજવી હતી અને હોમી ભાભા રાષ્ટ્રીય સંસ્થાના સ્થાપક નિર્દેશક છે.)

## સંસદ શિયાળુ સત્ર સમાપન પર અનોખી તસવીર

# સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રા ચાય પે ચર્ચા પીએમ નરેન્દ્ર મોદી સાથે મુલાકાત

(એજન્સી) નવી દિલ્હી । તા. 19

ભારતીય સંસદના શિયાળુ સત્રના સમાપન સમયે શુક્રવારે રાજકીય મતભેદો બાજુ પર મૂકીને લોકશાહીની એક અત્યંત સુંદર તસવીર સામે આવી છે. લોકસભા સ્પીકર ઓમ બિરલાના કક્ષમાં યોજાયેલી પરંપરાગત ચા પાર્ટીમાં વાયનાડના સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રા, વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રક્ષા મંત્રી રાજનાથ સિંહ એકસાથે બેઠેલા જોવા મળ્યા હતા. પ્રિયંકા ગાંધી ચાય પે ચર્ચામાં સામેલ થતા રાજકીય ગલિયારાઓમાં તેની ભારે ચર્ચા થઈ રહી છે, કારણ કે અગાઉ રાહુલ ગાંધીએ આવી જ બેઠકોનો બહિષ્કાર કર્યો હતો.



રાહુલ ગાંધીની ગેરહાજરી અને પ્રિયંકાની પહેલ સંસદની કાર્યવાહી અનિશ્ચિતકાળ માટે સ્થગિત થયા બાદ સ્પીકર દ્વારા યોજાયેલી આ બેઠકમાં રાહુલ ગાંધી હાજર રહ્યા ન હતા. ઉલ્લેખનીય છે કે ઓગસ્ટ ૨૦૨૫ના ચોમાસું સત્રના સમાપન વખતે વિપક્ષે આવી ચા પાર્ટીનો બહિષ્કાર કર્યો હતો. જોકે, આ વખતે પ્રિયંકા ગાંધીએ પરંપરા નિભાવીને સૌને ચોંકાવ્યા હતા. આ બેઠકમાં તેમની સાથે સુપ્રિયા સુલે અને ધર્મેન્દ્ર યાદવ જેવા વિપક્ષી નેતાઓ પણ હાજર રહ્યા હતા, જે દર્શાવે છે કે સત્રની તીખી ચર્ચાઓ બાદ પણ શિષ્ટાચાર જળવાઈ રહ્યો છે.

રાજનાથ સિંહ અને પીએમ મોદી સાથે હળવાશની પળો આ બેઠકની સૌથી વધુ ચર્ચા પ્રિયંકા ગાંધીની બેઠક વ્યવસ્થાની થઈ રહી છે. રક્ષા મંત્રી રાજનાથ સિંહની બરાબર બાજુમાં બેઠેલા પ્રિયંકા ગાંધી વડાપ્રધાન મોદી સાથે પણ વાતચીત કરતા નજરે પડ્યા હતા. રાજકીય પ્રતિસ્પર્ધીઓ હોવા છતાં, આ નેતાઓ વચ્ચે જોવા મળેલી આત્મીયતા લોકશાહીની પરિપક્વતાનો પુરાવો આપે છે. અગાઉ ગુરુવારે કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ પણ પ્રિયંકા ગાંધીને ભોજનનું આમંત્રણ આપીને આ જ પ્રકારની ખેલદિલી દાખવી હતી. ચોમાસું સત્રના બહિષ્કારનો વળતો જવાબ ચોમાસું સત્ર દરમિયાન જ્યારે વિપક્ષે ચા પાર્ટીનો ત્યાગ કર્યો હતો, ત્યારે વડાપ્રધાન મોદીએ કોંગ્રેસના નેતૃત્વ પર નિશાન સાધ્યું હતું.

## અશ્લીલ વીડિયો અને બ્લેકમેલિંગનો પર્દાફાશ

# બેંગલુરુ સામૂહિક દુષ્કર્મ ઘટના સોશિયલ મીડિયાની મિત્રતા ભારે પડી

(એજન્સી) બેંગલુરુ । તા. 19

કર્ણાટકની રાજધાની બેંગ્લુરુમાં માનવતાને શર્મશાર કરતી એક ઘટના સામે આવી છે. સોશિયલ મીડિયા પર શરૂ થયેલી સામાન્ય મિત્રતા કેવી રીતે એક ભયાનક અપરાધમાં પરિવર્તિત થઈ શકે છે, તેનો જીવતો જાગતો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. એક કોલેજિયન વિદ્યાર્થિનીનો અશ્લીલ વીડિયો ઉતારી, તેને બ્લેકમેલ કરીને ત્રણ શખ્સોએ સામૂહિક દુષ્કર્મ આચર્યું હોવાનો ઘટસ્ફોટ થયો છે. પોલીસે આ મામલે ત્વરિત કાર્યવાહી કરીને મુખ્ય આરોપી વિકાસ સહિત તેના બે સાથીદારોની ધરપકડ કરી છે.

વિશ્વાસઘાત અને વીડિયોનું ષડયંત્ર પોલીસ તપાસમાં બહાર આવેલી વિગતો મુજબ, ૨૫ વર્ષીય મુખ્ય આરોપી વિકાસે અંદાજે છ મહિના પહેલા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પીડિત યુવતી સાથે સંપર્ક સાધ્યો હતો. વાતોના વડા કરીને વિકાસે યુવતીનો વિશ્વાસ જીતી લીધો અને તેને તેના મિત્ર ચેતનના ઘરે મળવા બોલાવી હતી. ત્યાં યુવતીની જાણ બહાર વિકાસે મોબાઈલમાં તેમની અંગત પળોનો વીડિયો રેકોર્ડ કરી લીધો હતો. આ વીડિયો તેણે તેના અન્ય મિત્રો પ્રશાંત અને ચેતન સાથે શેર કરીને પીડિતાને જાળમાં ફસાવવાનું શરૂ કર્યું હતું.

બ્લેકમેલિંગ અને ગેંગરેપનો સિલસિલો સપ્ટેમ્બર મહિનાથી આ નરાધમોએ યુવતીને બદનામ કરવાની અને વીડિયો વાયરલ કરવાની ધમકી આપી બ્લેકમેલ કરવાનું શરૂ કર્યું.

ઓક્ટોબર મહિનામાં વિકાસે ફરીથી યુવતીને ધમકાવીને બોલાવી હતી, જ્યાં વિકાસ (૨૫), પ્રશાંત (૧૯) અને ચેતન (૨૮) એ મળીને પીડિતા પર સામૂહિક દુષ્કર્મ આચર્યું હતું. હદ તો ત્યારે થઈ જ્યારે યુવતીએ વિરોધ કર્યો તો વિકાસે તે વીડિયો પીડિતાને ઈન્સ્ટાગ્રામ પર જ મોકલીને તેને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# Viksit Bharat G RAM G- ગ્રામીણ ભારતના સશક્તિકરણ માટે રોજગાર ગેરંટી



શ્રી શિવરાજ સિંહ ચૌહાણ
કેન્દ્રીય ગ્રામીણ વિકાસ અને કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી

કલ્યાણકારી સુધારા અંગે જાહેર ચર્ચા જરૂરી અને સ્વસ્થ બંને છે. વિકાસ ભારત - રોજગાર ગેરંટી અને આજીવિકા મિશન ( ગ્રામીણ ) (VB-G RAM G) અંગે કેટલાક વર્ગો દ્વારા વ્યક્ત કરાયેલી ચિંતાઓ એક વાજબી આશંકાથી ઉદ્ભવી છે: કે ઐતિહાસિક રોજગાર ગેરંટીમાં કોઈપણ ફેરફાર મહેનતથી મેળવેલા કામદારોના અધિકારોને ક્ષતિગ્રસ્ત કરી શકે છે. તે ચિંતા આદરને પાત્ર છે. પરંતુ તે ધારણાઓને બદલે, વિકાસ ભારત G RAM G બિલ ખરેખર શું પ્રદાન કરે છે તેનું કાળજીપૂર્વક અધ્યયન કરવાની પણ માંગ કરે છે. બિલની સૌથી અગ્રણી વિશેષતા એ છે કે તે દરેક ગ્રામીણ પરિવારને વર્ષમાં 125 દિવસની વેતન રોજગારની કાનૂની ગેરંટી આપે છે. આ બિલમાં મનરેગા-યુગની છૂટછાટની જોગવાઈઓ દૂર કરીને, અરજી કર્યાના 15 દિવસની અંદર રોજગાર ન મળે તો બેરોજગારી ભથ્થાની પણ જોગવાઈ છે. ભારતના ગ્રામીણ રોજગાર માળખાની નબળાઈ ઉદ્દેશ્યમાં નહીં, પરંતુ માળખાકીય ખામીઓમાં રહેલી છે જેમાં સુધારાની જરૂર હતી .VB-G RAM G નું મૂલ્યાંકન આ વાસ્તવિકતા સામે થવું જોઈએ. હકદારીને નબળી પાડવાથી દૂર, પ્રસ્તાવિત માળખું મનરેગાની ખામીઓને સીધી રીતે સંબોધે છે. કામદારોને તેમના હકથી વંચિત રાખવાની અસર ધરાવતી હકદારીથી વંચિત રાખવાની જોગવાઈઓને દૂર કરીને અને પારદર્શિતા, સામાજિક ઓડિટ અને ફરિયાદ નિવારણ સંબંધિત વૈધાનિક જવાબદારીઓને મજબૂત બનાવીને, બિલ રોજગાર ગેરંટીની વિશ્વસનીયતા પુનઃસ્થાપિત કરવાનો પ્રયાસ કરે છે. ઉન્નત જવાબદારી પદ્ધતિઓ અને સમય-બાધ્ય ફરિયાદ નિવારણ પેરિફેરલ સુવિધાઓ નથી; તે જમીન પર અધિકારને અર્થપૂર્ણ બનાવવા માટે કેન્દ્રિય છે.આ અર્થમાં, VB-G RAM G સામાજિક સુરક્ષાથી પીછેહઠ કરતું નથી. તે વારંવાર નિરાશ થયેલ હકદારીને વાસ્તવિક, અમલમાં મૂકી શકાય તેવી ગેરંટીમાં રૂપાંતરિત કરવાનો પ્રયાસ કરે છે . કાગળ પરના અધિકારથી વાસ્તવિક સશક્તિકરણ સુધી : સૌથી સામાન્ય ટીકા એ છે કે VB-G RAM G ગ્રામીણ રોજગારની માંગ-આધારિત પ્રકૃતિને નબળી પાડે છે. આ દાવો બિલના સ્પષ્ટ વાંચનનો સામનો કરી શકતો નથી. કલમ 5(1) સરકાર પર સ્પષ્ટ કાનૂની જવાબદારી મૂકે છે કે તે દરેક નાણાકીય વર્ષમાં ઓછામાં ઓછા 125 દિવસની ગેરંટીકૃત વેતન રોજગાર પૂરી પાડે, જે કોઈપણ ગ્રામીણ પરિવારના પુખ્ત સભ્યો સ્વેચ્છાએ અકુશળ મેન્યુઅલ કામ કરવા માટે સ્વૈચ્છિક હોય.માંગણીના આ અધિકારને નબળો પાડવાથી દૂર, બિલ તેને 125 દિવસ સુધી ગેરંટીકૃત રોજગારનો વિસ્તાર કરીને અને મનરેગા યુગના છૂટછાટની જોગવાઈઓને દૂર કરીને મજબૂત બનાવે છે, જેનાથી બેરોજગારી ભથ્થાને વાસ્તવિક કાયદાકીય સુરક્ષા તરીકે પુનઃસ્થાપિત કરવામાં આવે છે. કાયદાકીય ગેરંટી અને અમલમાં મૂકી શકાય તેવી જવાબદારી પદ્ધતિઓમાં સમાવિષ્ટ અધિકાર સ્વાભાવિક રીતે વધુ મજબૂત છે - અને VB-G RAM G વાસ્તવિક દ્રષ્ટિએ આ કરે છે. આજીવિકા ગેરંટીને મજબૂત બનાવવી : બીજી એક ટીકા સૂચવે છે કે સુધારા રોજગારના ખર્ચે સંપત્તિ નિર્માણને પ્રાથમિકતા આપે છે. બિલ સ્પષ્ટપણે કાયદાકીય આજીવિકા ગેરંટીને સમાવિષ્ટ કરે છે , જ્યારે સાથે સાથે રોજગારને ઉત્પાદક અને ટકાઉ જાહેર સંપત્તિના નિર્માણ સાથે જોડે છે. અનુસૂચિ I સાથે વાંચવામાં આવેલ કલમ 4(2) ચાર વિષયોના ક્ષેત્રોને ઓળખે છે - પાણીની સુરક્ષા, મુખ્ય ગ્રામીણ માળખાગત સુવિધાઓ, આજીવિકા સંબંધિત માળખાગત સુવિધાઓ, અને ભારે હવામાન ઘટનાઓને ઘટાડવા માટેના કાર્યો. આ ખાતરી કરે છે કે વેતન રોજગાર માત્ર તાત્કાલિક આવક સહાયમાં જ નહીં, પરંતુ લાંબા ગાળાની ગ્રામીણ સ્થિતિસ્થાપકતા અને ઉત્પાદકતામાં પણ ફાળો આપે છે. તેથી, રોજગાર અને સંપત્તિ સ્પર્ધાત્મક ઉદ્દેશ્યો નથી; તેઓ પરસ્પર મજબૂતીકરણ કરી રહ્યા છે, સમૃદ્ધ અને સ્થિતિસ્થાપક ગ્રામીણ ભારત માટે પાયો નાખે છે . કેન્દ્રીકરણ નહીં, પરંતુ કન્વર્જન્સ દ્વારા વિકેન્દ્રીકરણ: કેન્દ્રીકરણથી દૂર, કલમ 4(1) થી 4(3) સ્થાનિક જરૂરિયાતોના આધારે ગ્રામ્ય સ્તરે તૈયાર કરાયેલા અને ગ્રામ સભા દ્વારા મંજૂર કરાયેલા વિક્ષિત ગ્રામ પંચાયત યોજનાઓ (VGPP) માંના તમામ કાર્યોને સમાવિષ્ટ કરે છે . આ બિલ અગાઉના માળખાના ઊંડા માળખાકીય ખામી - વિભાજન - ને પણ સંબોધિત કરે છે, જેમાં તમામ કાર્યોને વિકસીત ભારત રાષ્ટ્રીય ગ્રામીણ માળખાકીય સ્ટેકમાં એકીકૃત કરવાની જરૂર છે , જે એકીકૃત આયોજન અને દૃશ્યતા માળખું બનાવે છે. આ ફરમાન દ્વારા કેન્દ્રીકરણ નથી.. કલમ ૧૬, ૧૭, ૧૮ અને ૧૯ પંચાયતો, કાર્યક્રમ અધિકારીઓ અને જિલ્લા સત્તાવાળાઓને યોગ્ય સ્તર પર આયોજન, અમલીકરણ અને દેખરેખ સત્તા સોંપે છે. બિલ જે સુવિધા આપે છે તે દૃશ્યતા, સંકલન અને સુસંગતતા છે - નિર્ણય લેવાની સત્તાનું કેન્દ્રીકરણ નહીં . ગ્રામ સભાઓ સ્થાનિક પ્રાથમિકતાઓના આધારે આયોજનને આગળ ધપાવવાનું જાળવી રાખે છે.

### ટ્રકમાંથી પડેલા આરસ નીચે દબાઈ જતાં 2 શ્રમિકનાં મોત

અમદાવાદ | જીએમડીસી બિલ્ડિંગની બાજુમાં બની રહેલી ગોદરેજ નામની નવી કન્સ્ટ્રકશન સાઈટ પર ટ્રકમાંથી આરસ ઉતારતાં દબાઈ જવાથી 2 શ્રમિકનાં મૃત્યુ થયાં હતાં. વસ્ત્રાપુર પોલીસે અકસ્માત મોત અંગે ગુનો નોંધ્યો છે. રાજસ્થાનના મુકેશચંદ લક્ષ્મણલાલ નીનામા (19) અને કપુરચંદ કાળુજી પારઘી (30) જીએમડીસી બિલ્ડિંગની બાજુમાં સાઈટ ઉપર ટ્રકમાંથી આરસ ઉતારવાનું કામ મળ્યું હતું. બપોરે 1 વાગ્યે આરસ મજૂરો ઉપર પડ્યા હતા. મજૂરો ટ્રકમાંથી કુદીને બહાર નીકળી ગયા જ્યારે મુકેશચંદ અને કપૂરચંદ પર પથ્થરો પડવાથી બંને દબાઈ ગયા હતા.

### સ્નેહાંજલિ સોસા.માં ડિમોલીશન કરવા ગયેલી મ્યુનિ.ટીમને પરત ફરવુ પડયું

અમદાવાદ | થલતેજ વોર્ડમાં આવેલી સ્નેહાંજલિ સોસાયટીમાં ડિમોલીશન કરવા ગયેલી મ્યુનિ. ટીમ દ્વારા બી-૨ ઉપરાંત ૧૨, ૧૬ અને ૧૭ નંબરના મકાન તોડવાની કામગીરી શરૂ કરી હતી. આ દરમિયાન રહીશોને તંત્રની કાર્યવાહીની ખબર પડતા કાર્યવાહી સામે હોબાળો કરતા તંત્રની ટીમને જે.સી.બી.લઈ પરત ફરવુ પડયુ હતુ. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સોસાયટીના રહીશોને ૨૨ ડિસેમ્બર સુધીમા તેમના મકાન ખાલી કરવા સુચના અપાઈ હતી.રહીશો વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે સરદાર પટેલ નગરના આવાસમાં શિફ્ટ થવા તૈયાર પણ થઈ ગયા હતા.

#### ખાલિસ્તાની સંગઠનોના નામે ઈ-મેલ આવતા સુરક્ષા એજન્સીઓ સતર્ક, આખરે ગાંધીનગરમાં ગુનો નોંધાયો

# સ્કૂલોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મામલે તપાસનો ધમધમાટ



(એજન્સી) ગાંધીનગર | તા. 19

ગાંધીનગરના અડાલજ અને સાંતેજ વિસ્તારની શાળાઓમાં બુધવાર સવારના સમયે બોમ્બ બ્લાસ્ટના ધમકીભર્યા મેલ આવતા સમગ્ર પોલીસ બેડામાં દોડધામ મચી ગઈ હતી.

તપાસમાં સામે આવ્યું છે કે 'મુનરો ક્વિકેલ' અને 'મેઝી લોબશેર' જેવા વિદેશી નામો ધરાવતા ઈ-મેલ આઈડી પરથી જી-નેસિસ, અદાણી ઈન્ટરનેશનલ અને રેડબ્રિક્સ જેવી શાળાઓને નિશાન બનાવવામાં આવી હતી. આ અંગે અડાલજ પોલીસ મથકમાં અજાણ્યા શખસો વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે.

પાટનગર ગાંધીનગર અને અમદાવાદમાં આવેલી શાળાઓને બુધવારે સવારના સમયે બોમ્બ બ્લાસ્ટના ધમકીભર્યા ઈ-મેલ મળતા સનસનાટી મચી ગઈ હતી. ગાંધીનગર જિલ્લા કંટ્રોલ રૂમ દ્વારા મેસેજ મળ્યો હતો કે શહેરની મુખ્ય સ્કૂલોને ધમકીભર્યા મેલ મળ્યા છે. 'મુનરો ક્વિકેલ' અને 'મેઝી લોબશેર' જેવા શંકાસ્પદ આઈડી પરથી મોકલવામાં આવેલા આ મેલમાં સ્પષ્ટ લખ્યું હતું કે, અમદાવાદ ધમાકે- બપોરે 1.11 વાગ્યે સ્કૂલથી લઈને સાબરમતી જેલ સુધી વિસ્ફોટ કરવામાં આવશે.

### જાણીતી સ્કૂલોને ધમકીભર્યા મેલ મળ્યા હતા

આ ધમકીભર્યા ઈ-મેલ મુખ્યત્વે ખોડીયાર પાસેની જી-નેસિસ ઈન્ટરનેશનલ સ્કૂલ, અડાલજની શંકુઝ ડિવાઈન ચાઈલ્ડ સ્કૂલ, અદાણી શાંતિગ્રામ સ્થિત અદાણી ઈન્ટરનેશનલ સ્કૂલ, સાંતેજની આવિષ્કાર સ્કૂલ, રેડબ્રિક્સ સ્કૂલ અને કેલોરેક્સ ઓલીવ ઈન્ટરનેશનલ સ્કૂલને મોકલવામાં આવ્યા હતા.

આ મેલના લખાણમાં કેનેડામાં માર્યા ગયેલા હરદીપસિંહ નિજ્જરનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. તેમાં લખ્યું હતું કે, ખાલિસ્તાન રેફરન્ડમના 900મા દિવસે અમિત શાહ અને લોરેન્સ બિશ્નોઈને ટાર્ગેટ કરવામાં આવશે. આ લખાણ દ્વારા લોકોમાં ભય અને ગભરાટ ફેલાવવાનો પૂર્વ આયોજિત પ્રયાસ કરવામાં આવ્યો હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે.

### વારંવાર મળતી ધમકીઓ ચિંતાનો વિષય

જોકે શાળાઓને વારંવાર મળતી આવી ધમકીઓ હવે ચિંતાનો વિષય બની છે. પોલીસ તપાસમાં મોટાભાગે આ મેલ વિદેશી સર્વરથી આવતા હોવાનું મનાય છે, પરંતુ ખાલિસ્તાની મુવમેન્ટ અને હાઈ-પ્રોફાઈલ વ્યક્તિઓના નામનો ઉલ્લેખ હોવાથી પોલીસે આ મામલે કોઈ પણ પ્રકારની કચાસ છોડી નથી. આ મામલે અડાલજ પોલીસ મથકના ગુનો નોંધવામાં આવ્યો છે. ત્યારે સાયબર ક્રાઈમ અને સુરક્ષા એજન્સીઓ હાલ મેલનું ઓરિજિન ક્યાં છે અને તે કયા સર્વરથી મોકલવામાં આવ્યા છે તેની ઊંડી તપાસ કરી રહી છે.

## ન્યુઝ બ્રિફ

### ચાર રીઝર્વ પ્લોટ વેચાયા, શિલજના પ્લોટના વેચાણથી ૧૬૮ કરોડની મ્યુનિ.ને આવક

અમદાવાદ | અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તકના શિલજ ઉપરાંત સોલા અને વસ્ત્રાલ વોર્ડમાં આવેલા રહેણાંક અને કોમર્શિયલ હેતુ માટેના પ્લોટ વેચવા હરાજી કરાઈ હતી.શિલજના રહેણાંક હેતુ માટેના પ્લોટથી સૌથી વધુ રુપિયા ૧૬૮.૯૩ કરોડ આવક થઈ હતી.ચાર પ્લોટના વેચાણથી રુપિયા ૪૪૧.૭૩ કરોડ તંત્રને મળ્યા હતા.શિલજના ૯૭૬૫ ચોરસ મીટરના રહેણાંક હેતુ માટેના પ્લોટ માટે પ્રતિ ચોરસ મીટર રુપિયા ૧.૭૦ લાખ અપસેટ વેલ્યુ રખાઈ હતી.જેની સામે સાફલ્ય એસોસિએટ દ્વારા મહત્તમ રુપિયા ૧.૭૩ લાખની ઓફર કરાઈ હતી.સોલામા આવેલા ૩૯૭૪ ચોરસ મીટરના કોમર્શિયલ હેતુ માટેના પ્લોટ માટે પ્રતિ ચોરસમીટર રુપિયા ૧.૭૫ લાખ અપસેટ વેલ્યુ રખાઈ હતી.જેની સામે હેલિક્ષ ઈન્ફ્રાસ્પેસ દ્વારા મહત્તમ રુપિયા ૨.૮૧ લાખની ઓફર કરતા તંત્રને રુપિયા ૧૧૧.૬૬ કરોડ આવક થઈ હતી.સોલામા આવેલા ૩૮૧૯ ચોરસમીટરના કોમર્શિયલ પ્લોટ માટે પ્રતિ ચોરસમીટર ૧.૭૫ લાખ અપસેટ વેલ્યુ રખાઈ હતી.પ્રોફિટ ઈન્ફ્રા સ્પેસ દ્વારા મહત્તમ રુપિયા ૨.૮૬ લાખની ઓફર કરતા કોર્પોરેશનને રુપિયા ૧૦૯.૨૨ કરોડ આવક થઈ હતી.

### સાણંદ જીઆઈડીસીમાં ડ્રેનેજની સમસ્યા ઉકેલવાની માગણી કરવામાં આવી

અમદાવાદ | સાણંદની ઔદ્યોગિક વસાહમાં ગંદા પાણીના યોગ્ય અને વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરવા માટે અન્ડર ગ્રાઉન્ડ ડ્રેનેજ સિસ્ટમ ડેવલપ કરી આપવાની માગણી વસાહતના ફેક્ટરી માલિકોએ કરી છે.આ સાથે જ તેમણે જીઆઈસીડીના એકમોમાં કામ કરતાં મજૂરો માટે પરવડે તેવા ખર્ચ સાથેની આવાસ યોજના તૈયાર કરવાની માગણી કરવામાં આવી છે.

જીઆઈડીસીમાં દૂર દૂરથી આવતા શ્રમિકો માટે વાહન વ્યવહારની અત્યાર કરતાં વધુ સરળ વ્યવસ્તા ઊભી કરવા માટે ટ્રાન્સપોર્ટેશનની સુવિધા વધુ સંગીન બનાવવાની માગણી પણ કરવામાં આવી છે.

સાણંદની મુલાકાતે આવેલા ગુજરાતના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સમક્ષ આજે આ માગણી મૂકવામાં આવી છે.ગુજરાત સરકાર પ્રાથમિકતાને પગલાંલે તેવી માગણી કરવામાં આવી છે. જીઆઈડીસીમાં આવતા મજૂરો માટે ટ્રાન્સપોર્ટેશનની સરળ વ્યવસ્થા ઊભી કરવાની માગણી પણ કરવામાં આવી હતી.

#### સમરસ હોસ્ટેલની મેસમાં 'નકલી પનીર' મામલે હોબાળો

## રસોડામાં ઘૂસીને હલ્લાબોલ કરતા સંચાલકો દોડતા થયા, ટોફુ પનીર ખવડાવામાં આવતું હોવાનો આક્ષેપ



### મેસ સંચાલકને નોટિસ આપી સફાઈ રાખવાની સૂચના આપી

આ અંગે સમરસ હોસ્ટેલના ઈન્ચાર્જ અધિકારી ઘનશ્યામભાઈ વાઘેલાએ કહ્યું કે, હોસ્ટેલમાં હાલમાં 500 પૈકી 300 જેટલા વિદ્યાર્થીઓ રહે છે. ગઈકાલે હોસ્ટેલની મેસમાં બનેલા પનીરના શાકને લઈ વિદ્યાર્થીઓની ફરિયાદ હતી. મેસમાં 'ટોફુ' પનીરનો ઉપયોગ કરવામાં આવે છે. અમુક વિદ્યાર્થીને ભોજનનો સ્વાદ ગમ્યો નહીં એટલે વીરોધ નોંધાવ્યો હતો. અમે મેસ સંચાલકને નોટિસ આપી સાફ સફાઈ રાખવાની સૂચના આપી દીધી છે.

ગાંધીનગર | ગાંધીનગરના સેક્ટર 15માં આવેલી સમરસ હોસ્ટેલમાં વિદ્યાર્થીઓએ નબળી ગુણવત્તાના ભોજન મુદ્દે હોબાળો મચાવી દીધો હતો. ગઈકાલે રાતે મેસમાં પીરસવામાં આવેલા પનીરના શાકમાં નકલી પનીર હોવાનો દાવો કરીને સેંકડો વિદ્યાર્થીઓએ રસોડામાં જઈને હોબાળો મચાવ્યો હતો. જેના પગલે સંચાલકો દોડતા થઈ ગયાં હતા. બાદમાં મેસ સંચાલકને નોટિસ ફટકારી સાફ સફાઈ રાખવાની તાકીદ કરવામાં આવતા મામલો શાંત પડ્યો હતો.

ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના નેજા હેઠળ ગાંધીનગરમાં ચાલતી સમરસ હોસ્ટેલ અત્યારે સત્તાધિશોની બેદરકારીનું કેન્દ્ર બની છે. મોટા ગજાના કોન્ટ્રાક્ટરોને રસોઈના કોન્ટ્રાક્ટ આપી દેવાયા બાદ ભોજનની ગુણવત્તા પર કોઈ દેખરેખ રખાતી નથી. વિદ્યાર્થીઓ દ્વારા વારંવાર રજૂઆત કરવામાં આવી હોવા છતાં કોઈ કાર્યવાહી નહીં કરતા આખરે વિદ્યાર્થીઓએ વિરોધ પ્રદર્શન કરવાની ફરજ પડી હતી.

વિદ્યાર્થીઓનો આક્ષેપ છે કે, તેમને પીરસવામાં આવતું પનીર ગુણવત્તા વગરનું અને સ્વાસ્થ્ય માટે જોખમી છે. લાંબા સમયથી ચાલી આવતી ભોજનની ફરિયાદોનો કોઈ ઉકેલ ન આવતા અંતે વિદ્યાર્થીઓએ સૂત્રોચ્ચાર કરી વિરોધનું શસ્ત્ર ઉગામ્યું હતું અને સંચાલકો સામે પોતાનો રોષ ઠાલવ્યો હતો.

ગાંધીનગરની સમરસ હોસ્ટેલમાં રહીને અભ્યાસ કરતા 500 જેટલા વિદ્યાર્થીઓ છે. હોસ્ટેલના રસોડામાં સાફ-સફાઈના અભાવે ગંદકીનું સામ્રાજ્ય જોવા મળે છે અને તેના પર 'નકલી પનીર' પીરસવાની ઘટનાએ આગમાં ઘી હોમવાનું કામ કર્યું છે. જાગૃત વિદ્યાર્થીઓના જણાવ્યા અનુસાર, સ્વાદ અને ગુણવત્તા વગરનું ભોજન લેવાથી વિદ્યાર્થીઓ બીમાર પડી રહ્યા છે. પનીર પણ ISI માર્ક વિનાનું પીરસવામાં આવે છે.

#### 80 કરોડની લાયસન્સ ફી ન ચૂકવનાર એજન્સીઓ સામે કાર્યવાહી

## AMCએ રાતોરાત 50થી વધુ જાહેરાતના હોર્ડિંગ્સ દૂર કર્યા, કરોડો કમાયા પણ પૈસા ના ચૂકવ્યા...

(એજન્સી) અમદાવાદ | તા. 19

જાહેર ખબર મારફતે કરોડો રૂપિયા કમાનાર જાહેરખબર એજન્સીઓ દ્વારા અમદાવાદ શહેરમાં ખાનગી મિલકતો પર લગાવવામાં આવેલા જાહેરાતના હોર્ડિંગ્સને મ્યુનિસિપલ કોર્પોરેશનના એસ્ટેટ વિભાગ દ્વારા દૂર કરવાની કાર્યવાહી કરવામાં આવી છે. એજન્સીઓ દ્વારા મ્યુનિસિપલ કોર્પોરેશનને કરોડો રૂપિયાની લાયસન્સ ફી ચૂકવવામાં ન આવતા કોર્પોરેશન દ્વારા હવે કડક કાર્યવાહીના ભાગરૂપે શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલા વિશાળ જાહેરાતના હોર્ડિંગ્સ ઉતારી લેવામાં આવ્યા છે. આજે 19 ડિસેમ્બરના રોજ વહેલી સવાર સુધીમાં અંદાજે 50થી વધુ હોર્ડિંગ્સને દૂર કરી દેવામાં આવ્યા છે. બાકીના હોર્ડિંગ્સને પણ ઉતારી લેવાની કાર્યવાહી સમગ્ર દિવસ દરમિયાન ચાલશે.

મળતી માહિતી મુજબ, શહેરમાં ખાનગી મિલકતો પર જાહેર ખબર એજન્સીઓ દ્વારા જાહેરાતના વિશાળ હોર્ડિંગ્સ લગાવવામાં આવતા હોય છે. જેના માટે મ્યુનિસિપલ કોર્પોરેશન પાસે મંજૂરી અને લાયસન્સ મેળવવાની પ્રક્રિયા કરવાની હોય છે. વાર્ષિક લાયસન્સ ફી જાહેર ખબર એજન્સીને કોર્પોરેશનને ચૂકવવાની હોય છે. જોકે જાહેર ખબર એજન્સીઓ દ્વારા છેલ્લા કેટલાય સમયથી મ્યુનિસિપલ કોર્પોરેશનને અંદાજિત 80 કરોડથી વધારેની લાયસન્સ ફીની રકમ ચૂકવવામાં આવી નથી. જેને લઈને અવારનવાર નોટિસો આપવા છતાં પણ કોઈ ફી ચૂકવવામાં આવી નહોતી. આ મામલે કોર્ટમાં પણ અરજી કરવામાં આવી હતી.

ટાઉન એન્ડ પ્લાનિંગ કમિટીના ચેરમેન પ્રીતિશ મહેતાએ જણાવ્યું હતું કે, મ્યુનિસિપલ કોર્પોરેશનના એસ્ટેટ વિભાગ દ્વારા જે જાહેર ખબર એજન્સીઓ દ્વારા વાર્ષિક લાયસન્સ ફી નથી ચૂકવવામાં આવી એવી ખાનગી મિલકતો પર લગાવેલા જાહેર ખબરના હોર્ડિંગ્સનું લિસ્ટ બનાવી 18 ડિસેમ્બરે મોડી રાત્રે શહેરના એલિસબ્રિજ, પાલડી, નવરંગપુરા, થલતેજ, વસ્ત્રાપુર સહિતના અલગ અલગ વિસ્તારોમાં લગાવેલા વિશાળ જાહેરાતના હોર્ડિંગ્સને ઉતારી લેવામાં આવ્યા હતા. વર્ષે લાખો રૂપિયા કમાનારી જાહેર ખબર એજન્સીઓ દ્વારા દર વર્ષે લાયસન્સથી ચૂકવવાની હોવા છતાં પણ કમાણી કરનારી એજન્સીઓ દ્વારા પૈસા ન ચૂકવવામાં આવતા હવે એસ્ટેટ વિભાગ દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી છે.



## નારણપુરામાં મૈત્રી કરારમાં રહેતી મહિલાના પતિએ મિત્રો સાથે મળી યુવક પર મનદુઃખ રાખી હુમલો કર્યો

(એજન્સી) અમદાવાદ | તા. 19

અમદાવાદ શહેરના નારણપુરા વિસ્તારમાં મૈત્રી કરાર કરી યુવક સાથે રહેતી મહિલાના પતિએ તેના મિત્રો સાથે મળી યુવકના આંખમાં મરચું નાખી તેને માર માર્યો હતો. મહિલાના પતિએ યુવકને છરીના ઘા મારી કહ્યું કે 'આજે મારા પિતાએ કહ્યું છે કે તેને પતાવીને જ આવજે, તને જીવતો છોડવાનો નથી. આવું કહી માર મારી છરી વડે હુમલો કરતા યુવક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. લોકોના ટોળા ભેગા થઈ જતા યુવકને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડાયો હતો અને પાંચેય આરોપીઓ ફરાર થઈ ગયા હતા. આ મામલે ઘાટલોડિયા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. નારણપુરામાં આશીર્વાદ એપાર્ટમેન્ટમાં અજય પઢિયાર નામનો યુવક મૈત્રી કરાર કરીને રહેતી મહિલા અને તેના માતા-પિતા સહિતના પરિવાર સાથે રહે છે. મહિલાના લગ્ન થઈ ચૂક્યા છે તેનો પતિ ઘી-કાંટા ખાતે રહે છે. મહિલાને તેના પતિ સાથે મનમેળ ન હોવાથી મૈત્રી કરાર કરી અજય સાથે છેલ્લા આઠ મહિનાથી રહે છે. મહિલા ઘાટલોડિયાના કે કે નગર ખાતે આવેલા રત્નમણી ફ્લેટ ખાતે રસોઈ બનાવવાનું કામ કરે છે ત્યારે અજય મહિલાને બાઈક પર લઈને ફ્લેટ ખાતે ગયો હતો. ફ્લેટમાં ઉપર મહિલા કામ કરવા ગઈ હતી ત્યારે નીચે બાઈક પર અજય મોબાઈલમાં ગેમ રમી રહ્યો હતો.

## શિક્ષણાધિકારીની ચીમકી:નિયત સમયમાં BUP નહી લે તો 6 સ્કૂલોની માન્યતા રદ કરાશે: DEO

અમદાવાદ | અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા શહેરની બીયુ પરમિશન ના મેળવ્યું હોવાથી સીલ મારવામાં આવેલી ખાનગી શાળાઓને બીયુ પરમિશન મેળવવા માટેની તાત્કાલિક તાકીદ કરવામાં આવી છે. જો આ સ્કૂલો બીયુ પરમિશન નહીં મેળવે તો તેની માન્યતા રદ કરવાની પણ કચેરીએ ચીમકી ઉચ્ચારી છે. શહેર ડીઈઓએ પાંચથી વધુ પ્રાથમિક સ્કૂલોના ટ્રસ્ટી અને આચાર્યોને સંબોધીને મ કલેલા પરીપત્રમાં જણાવ્યું છે કે, શહેર ડીઈઓ કચેરી હસ્તકની શાળાઓ પાસે બીયુ પરમિશન ના હોવાથી મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સીલ કરાઈ છે. આપના દ્વારા વિદ્યાર્થીઓના અભ્યાસને ધ્યાનમાં લઈને ઓનલાઈન શિક્ષણની વ્યવસ્થા કરાઈ હશે, પરંતુ તાત્કાલિક આપની શાળાના બીયુ પરમિશન મેળવવા માટેની કાર્યવાહી કરવા માટે જણાવવામાં આવે છે. આપના દ્વારા નિર્ધારિત સમય મર્યાદામાં બીયુ પરમિશન મેળવવાની કાર્યવાહી કરવામાં નહી આવે તો તમારી શાળાની માન્યતા રદ કરાશે, સાથે જ આગળની કાર્યવાહી કરાશે. 'વિદ્યાર્થીઓને શૈક્ષણિક હિતોને ધ્યાનમાં રાખીને સ્કૂલોને માટે લેખિતમાં આદેશ અપાયો છે. પ્રાથમિક શાળાઓ પાસે બીયુ પરમિશન ના હોવાથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા બિલ્ડંગ સીલ કરાયુ હતુ. જેના કારણે વિદ્યાર્થીઓનો અભ્યાસ બગડી રહ્યો છે. પરિણામે સીલ કરાયેલી શાળાઓનો હાલ ઓનલાઈન અભ્યાસ ચાલી રહ્યો છે.

#### 125 તોલા સોનું, 6Kg ચાંદી, ટાટા હેરિયરની માગ કરતાં પિતાએ 11 લાખ આપ્યા

## ગાંધીનગરની યુવતી પાસે બિઝનેસમેન પતિ-પાઈલટ સસરાની 5 કરોડની માંગણી

(એજન્સી) ગાંધીનગર | તા. 19

ગાંધીનગરમાં રહેતી યુવતીએ પેથાપુર પોલીસ સ્ટેશનમાં પતિ તેમજ સાસરિયા સામે દહેજ અને શારીરિક અને માનસિક ત્રાસની ફરિયાદ નોંધાવી છે. જેમાં પરિણીતાએ જણાવ્યું હતું કે, રાજસ્થાન ખાતે રહેતા અને હેલિકોપ્ટર પાઈલટ તરીકે ફરજ બજાવતા સસરા અને માઈન્સનો બિઝનેસ કરતા પતિએ પિયર પક્ષે લગ્ન સમયે 11 લાખ રોકડ અને સોના-ચાંદીના દાગીના આપ્યા છતાં 5 કરોડનો ખર્ચ માગી શારીરિક માનસિક ત્રાસ આપી ટ્રકમાં સામાન ભરી યુવતીને પિયર તગેડી મૂકી હતી.

ગાંધીનગરના પીંડારડા ગામની યુવતીએ નોંધાવેલી ફરિયાદ મુજબ તેના લગ્ન 21 નવેમ્બર 2021ના રોજ રાજસ્થાનના પાલી જિલ્લાના ડીગરના ગામના વતની અને હાલ પાઈલટ તરીકે ફરજ બજાવતા વિક્રમસિંહ રાઠોડના પુત્ર રણશેરસિંહ સાથે થયા હતા. સગાઈ વખતે જ પિયર પક્ષ દ્વારા 2 તોલા સોનું અને 5,100 રોકડ આપવામાં આવી હતી.

લગ્ન પહેલાં સાસરી પક્ષે 125 તોલા સોનું, 6 કિલો ચાંદી અને ટાટા હેરિયર કારની માગણી કરી હતી. દીકરીનું ઘર ન બગડે તે હેતુથી પિતાએ લગ્ન પહેલાં જ 11 લાખ રૂપિયા બેંક મારફતે ટ્રાન્સફર કર્યા હતા અને મોંઘું ફર્નિચર પણ આપ્યું હતું. જોકે, લગ્ન બાદ સાસરી પહોંચતા જ સાસુએ અમારે તો 5 કરોડનો ખર્ચ થાય તેવું ઘર જોઈએ.



### પતિ તેમજ સાસુ-સસરા સામે ફરિયાદ નોંધાવી

જ્યારે પતિ રણશેરસિંહ અવારનવાર દારૂ પીને તેણીની સાથે મારઝૂડ કરી અન્ય સ્ત્રીઓ સાથે પણ સંબંધો રાખતો હતો. ત્યારે ફેબ્રુઆરી 2023માં તબિયત ખરાબ હોવાથી પરિણીતા પિયર આવી હતી. ત્યાર બાદ સાસરી પક્ષે તેનો સંપર્ક તોડી નાખ્યો અને ત્રણ માસ બાદ ઘરવખરીનો સામાન અને કપડાં ટ્રકમાં ભરી પિયર મોકલી આપ્યા હતા. જ્યારે કરિયાવરમાં આપેલા સોનાના દાગીના પરત માંગતા સાસરીયાઓએ દાગીના ચોરી થઈ ગયા છે તેવું કહી હાથ અધ્ધર કરી લીધા હતાં.

તેમ છતાં સમાજના આગેવાનો દ્વારા સમજાવટના પ્રયાસો કરાયા તોય સાસરીયાઓએ માગણી મુજબનું કરિયાવર નહીં મળે ત્યાં સુધી પગ મુકવા દેવો નથી તેવી જીદ પકડી હતી. આખરે સાસરીયાઓના અસહ્ય ત્રાસ અને દહેજની ભૂખ સામે હારીને પરિણીતાએ પતિ રણશેરસિંહ રાઠોડ, સસરા વિક્રમસિંહ અને સાસુ વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરાવી છે.

દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઈટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...